RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 364 Dt. 09-07-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

મિડલ ઈસ્ટમાં ભડકો, હોર્મુઝ ફરી બંધ

# ટ્રમ્પની 'મહાવિનાશ'ની ધમકી : ઈરાનમાં ફફડાટ

## અમેરિકાના હુમલાના ડરે ઈરાને દક્ષિણ વિસ્તારના તમામ એરપોર્ટ બંધ કર્યા; ઈઝરાયેલમાં ૫૦ ટકા અમેરિકી રીફ્યુલિંગ વિમાનો એલર્ટ પર, દરિયામાં ૬,૦૦૦ નાવિકો ફસાયા



નવી દિલ્હી તા.૮

મિડલ ઈસ્ટમાં યુદ્ધના વાદળો હવે વધુ ઘેરા બની ગયા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર ગમે તે ક્ષણે અત્યંત મોટો અને ઘાતક હુમલો કરવાની ખુલ્લી ચેતવણી આપીને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે સનસનાટી મચાવી દીધી છે. ટ્રમ્પની આ 'મહાવિનાશક' ધમકી બાદ બંને દેશો વચ્ચે સીધા યુદ્ધની શક્યતાઓ પ્રબળ બની છે.

અમેરિકાની આ ચેતવણી માત્ર શાબ્દિક નથી, પરંતુ ઈઝરાયેલમાં તૈનાત અમેરિકી વાયુસેનાની ગતિવિધિઓ સાબિત કરી રહી છે કે અમેરિકા કોઈપણ ઘડીએ ઈરાન પર ત્રાટકી શકે છે. બીજી તરફ ઈરાને પણ વળતો પ્રહાર કરતા અમેરિકાને 'નરક'ની સાયરન વગાડતી સીધી ધમકી આપી છે. અમેરિકા દ્વારા કરવામાં આવેલી આ યુદ્ધની તૈયારીઓ હવે ગ્રાઉન્ડ ઝીરો પર દેખાઈ રહી છે. ઈઝરાયેલના બેન ગુરિયન એરપોર્ટ પર અમેરિકી યુદ્ધ વિમાનોની ભારે હલચલ શરૂ થઈ ગઈ છે, જે કોઈ મોટા ઓપરેશનનો સંકેત આપે છે. રીફ્યુલિંગ એરક્રાફ્ટ તૈનાત: એરપોર્ટ ઓથોરિટીના ચેરમેને સત્તાવાર રીતે ખુલાસો કર્યો છે કે,



યુદ્ધ દરમિયાન ઈઝરાયેલ આવેલા અમેરિકી વિમાનોમાંથી આશરે ૫૦% વિમાનો આજે પણ અહીં તૈનાત છે. આ તમામ અત્યાધુનિક રીફ્યુલિંગ વિમાનો છે, જે હવામાં જ ફાઈટર જેટ્સમાં ઈંધણ ભરી શકે છે. તેનો સીધો અર્થ એ છે કે, જો અમેરિકી ફાઈટર જેટ્સ ઈરાન પર લાંબા અંતરનો હુમલો કરે, તો તેમને ઈંધણ ભરવા માટે પરત ફરવાની જરૂર નહીં પડે. અમેરિકાએ ઈરાન પર નોન-સ્ટોપ હવાઈ હુમલા કરવા માટે પૂરી ઘેરાબંદી કરી લીધી હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. વૈશ્વિક મંચ પરથી તુર્કીમાં પત્રકારો સાથે વાતચીત કરતી વખતે ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની રણનીતિના ભારોભાર વખાણ કર્યા હતા.ટ્રમ્પે નેતન્યાહૂને 'ઈતિહાસના એક મહાન યુદ્ધકાલીન વડાપ્રધાન' (Great Wartime Prime Minister) તરીકે નવાજ્યા હતા અને દાવો કર્યો હતો કે ઈતિહાસમાં કોઈપણ અમેરિકી રાષ્ટ્રપ્રમુખે ઈઝરાયેલની સુરક્ષા માટે એટલું કામ નથી કર્યું જેટલું તેમણે પોતાના કાર્યકાળમાં કર્યું છે.મિડલ ઈસ્ટના આ તણાવ વચ્ચે ટ્રમ્પે એક મહત્વનો ભવિષ્યવાણી કરતા દાવો કર્યો છે કે ઈઝરાયેલી સેના ટૂંક સમયમાં જ દક્ષિણ લેબનાનમાંથી સંપૂર્ણપણે પાછી હટી જશે. ટ્રમ્પે જણાવ્યું કે, 'ઈઝરાયેલ હવે લેબનાનમાંથી પોતાની ફોજ હટાવી લેશે કારણ કે તેઓ પોતે પણ હવે એવું જ ઈચ્છે છે.' જોકે, આ સૈન્ય વાપસી ક્યારે થશે તેની કોઈ ચોક્કસ તારીખ તેમણે આપી નથી.

### ઈરાને એરપોર્ટ કર્યું બંધ

અમેરિકાની યુદ્ધ તૈયારીઓ અને ટ્રમ્પની ચેતવણી બાદ ઈરાનમાં ભારે નાસભાગ અને ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે.સંભવિત અમેરિકી હવાઈ હુમલાના ડરથી ઈરાને પોતાના દક્ષિણ ભાગમાં આવેલા અત્યંત વ્યૂહાત્મક 'હોર્મોઝગાન પ્રાંત'ના તમામ એરપોર્ટને તાત્કાલિક અસરથી બંધ કરી દીધા છે. 'આગામી આદેશ સુધી' તમામ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. ઈરાની પ્રશાસન કોઈપણ પ્રકારના જોખમને ટાળવા માટે એલર્ટ મોડ પર આવી ગયું છે.

### ઈરાનની દરિયાઈ નાકેબંધી અને ૬,૦૦૦ નાવિકોનો જીવ તાળવે ચોંટ્યો

ટ્રમ્પે માત્ર સૈન્ય હુમલાની જ નહીં, પરંતુ ઈરાનની આર્થિક કમર તોડી નાખવાની પણ જાહેરાત કરી છે.અમેરિકા ટૂંક સમયમાં જ ઈરાન પર અત્યંત કડક દરિયાઈ નાકેબંધી લાગુ કરશે. ટ્રમ્પે સ્પષ્ટતા કરી છે કે આ નાકેબંધી માત્ર ઈરાન માટે જ હશે, જ્યારે દુનિયાના અન્ય દેશો માટે વેપારના રસ્તા ખુલ્લા રહેશે. આ ઉપરાંત, ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકા ઈરાનને કોઈપણ સંજોગોમાં પરમાણુ હથિયાર બનાવવા નહીં દે.સ્ટ્રેટ ઓફ હોર્મુઝ (હોર્મુઝ જળમાર્ગ)માં ચાલી રહેલા આ હાઈ-વોલ્ટેજ ટેન્શન વચ્ચે સમુદ્રમાં સેંકડો માલવાહક જહાજો ફસાયા છે. આ જહાજો પર સવાર આશરે ૬,૦૦૦ જેટલા નિર્દોષ નાવિકોની જિંદગી જોખમમાં મુકાઈ છે. ઈન્ટરનેશનલ મેરિટાઈમ ઓર્ગેનાઈઝેશન (ઈંખઘ) એ ભારે ચિંતા વ્યક્ત કરતા તમામ દેશોને આ યુદ્ધ રોકવા અપીલ કરી છે. જ્યાં સુધી નાવિકોની સુરક્ષાની સો ટકા ગેરંટી ન મળે, ત્યાં સુધી શિપિંગ કંપનીઓને આ ખતરનાક રસ્તે જહાજો ન ઉતારવા કડક સૂચના આપવામાં આવી છે.

### ''અમે ડરતા નથી, નરકમાં સ્વાગત છે'': ઈરાનનો અમેરિકાને વળતો પ્રહાર


અમેરિકાની આ મહાવિનાશક સૈન્ય તૈયારીઓ અને આક્રમક નિવેદનો સામે ઈરાને પણ ઝૂકવાનો ઈનકાર કરી દીધો છે. ઈરાની સેનાના ચીફ ઓફ સ્ટાફ એડમિરલ હબીબુલ્લાહ સૈયારીએ અમેરિકાને સીધી અને કડક શબ્દોમાં ચેતવણી આપી છે.એડમિરલ સૈયારીએ ગર્જના કરતા કહ્યું કે, ''અમે કોઈપણ ધમકીથી ડરતા નથી. જે પણ દેશની સેના ઈરાનની પવિત્ર ધરતી કે તેના દરિયાઈ તટ પર પગ મૂકવાની હિંમત કરશે, તે એક એવા ભયાનક નરકમાં પ્રવેશ કરશે જ્યાંથી જીવતા બહાર નીકળવાનો કોઈ જ રસ્તો નહીં હોય.''


નાનામવા રોડ પર મોકાજી સર્કલ પાસે ખેલાયો ખૂની ખેલ

# કાકા-ભત્રીજા પર ૪ રાઉન્ડ ફાયરીંગ, ભત્રીજાનું મોત

## કાકાની હાલત ગંભીર : રણજીત વાળા અને તેના બે પુત્રો રાજવીર તથા અભીએ મોતનો ખેલ ખેલ્યો હોવાની પોલીસ તપાસમાં બહાર આવતી વિગતો : યુનિવર્સિટી પોલીસના હેડ કોન્સ્ટેબલ ગોપાલસિંહના કૌટુંબિક ભત્રીજાનું મોત, પરિવારમાં ભારે આક્રંદ : ક્રાઈમ બ્રાન્ચ અને તાલુકા પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ














મૃતક : કૃષ્ણરાજસિંહ હરદેવસિંહ જાડેજા

રાજકોટ, તા.૮

રાજકોટ શહેરમાં હવે જાણે કાયદો અને વ્યવસ્થાનું કોઈ નામોનિશાન જ ન બચ્યું હોય તેમ, માણસનો જીવ સાવ સસ્તો થઈ ગયો છે. શહેરમાં ફાયરિંગ વિથ મર્ડરની વધુ એક ભયાવહ ઘટના સામે આવી છે, જેણે આખા શહેરને હચમચાવી દીધું છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે આટલી મોટી ખુનામરકી અને જીવલેણ હુમલો માત્ર 'બાઈક ચલાવવા' જેવી સાવ નજીવી બાબતે થયો હોવાનું સામે આવ્યું છે! નાનામવા રોડ પર મોકાજી સર્કલ પાસે કાકા અને ભત્રીજા પર અંધાધૂંધ ફાયરિંગ કરવામાં આવતા ભત્રીજાનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. જયારે કાકા ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું પોલીસે આ લખાય છે ત્યારે રાત્રીના ૧-૩૦ વાગ્યે જણાવ્યું હતું.

શહેરના નાનામવા રોડ પર મોકાજી સર્કલ પાસે ઘટના ઘટી હતી. પ્રાથમિક વિગતો મુજબ, સાંજના સમયે માત્ર બાઈક ચલાવવા બાબતે સામાન્ય બોલાચાલી અને માથાકૂટ થઈ હતી. પરંતુ, આ નાનકડી તકરારે થોડી જ વારમાં અતિ ભયંકર અને લોહીયાળ રૂપ ધારણ કરી લીધું હતું. ગુસ્સામાં ભાન ભૂલેલા શખ્સોએ હથિયારો સાથે આવીને સીધું ફાયરિંગ શરૂ કરી દીધું હતું.

ફાયરિંગની આ ઘટનામાં મોકાજી સર્કલ પાસે રહેતા કાકા રહેન્દ્રસિંહ ખુમાનસિંહ જાડેજા અને તેમના ભત્રીજા કૃષ્ણરાજસિંહ હરદેવસિંહ જાડેજા નિશાન બન્યા હતા. હુમલાખોરોએ કરેલા ધડાધડ ચાર રાઉન્ડ ફાયરિંગના કારણે ભત્રીજો કૃષ્ણરાજસિંહ લોહીલુહાણ હાલતમાં ઘટનાસ્થળે જ ઢળી પડ્યો હતો અને તેનું કરુણ મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે કાકા રહેન્દ્રસિંહને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેઓ જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. આ ઘટનામાં વધુ ખુલાસો એ થયો છે કે, મૃતક કૃષ્ણરાજસિંહ અને તેનો પરિવાર યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ ગોપાલસિંહના કૌટુંબિક સગા થાય છે. રાજકોટ ક્રાઈમ બ્રાન્ચના ACP ભરત બસિયાએ સત્તાવાર વિગતો આપતા જણાવ્યું હતું કે, મવડીના નવલનગરમાં રહેતા રણજીત વાળા અને તેના બે પુત્રો રાજવીર વાળા અને અભી વાળા દ્વારા આ જીવલેણ હુમલો અને ફાયરિંગ કરવામાં આવ્યું છે.

ફાયરિંગ અને હત્યાની આ ઘટનામાં મુખ્ય આરોપીઓ ઉપરાંત કુલ ૭ થી ૮ જેટલા શખ્સો સામેલ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. બનાવની જાણ થતાં જ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ અને તાલુકા પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે ધસી ગયો હતો. પોલીસે હાલ લાશને પીએમ અર્થે ખસેડીને સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરી દીધી છે. બાઈક ચલાવવાની બાબત સિવાય અન્ય કોઈ જૂની અદાવત છે કે કેમ, તે દિશામાં પણ સઘન તપાસ શરૂ કરી તમામ આરોપીઓને દબોચી લેવા પોલીસની અલગ-અલગ ટીમો મેદાને ઉતરી છે. એક પોલીસકર્મીના સગા પર જ ફાયરિંગ થયાના સમાચાર વાયુવેગે પ્રસરતા જ સમગ્ર પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો મોટો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે અને ગીરીરાજ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા ઘટનાસ્થળેથી ફાયરિંગમાં વપરાયેલા ખાલી કાર્ટિસ (ફૂટેલી ગોળીઓના કવર) કબ્જે કર્યા છે.

આ ઘટનાએ રાજકોટવાસીઓમાં ભારે રોષ અને ડરનો માહોલ ઉભો કર્યો છે. જાગૃત નાગરિકો અને બુદ્ધિજીવીઓ ખુલ્લેઆમ સવાલ કરી રહ્યા છે કે, ''જ્યારે પોલીસવાળાના જ પરિવાર કે સગા વહાલાઓ સુરક્ષિત નથી, તો સામાન્ય જનતાની રક્ષા કોણ કરશે?'' શહેરમાં ખૂનામરકી, લૂંટફાટ અને મારામારીના બનાવો હવે રોજીંદા બની ગયા છે. ગુનેગારો, બુટલેગરો અને અસામાજિક તત્વો હવે ધોળા દિવસે કે રાત્રે ખુલ્લેઆમ બાકાઝીંકી કરીને સીધો પોલીસને પડકાર ફેંકી રહ્યા છે.

રાજકોટ પોલીસની ધાક જાણે બિલકુલ ઓસરી ગઈ છે. લોકોનું સ્પષ્ટ માનવું છે કે ગુનેગારોમાંથી પોલીસનો ડર ખતમ થઈ ગયો છે અને તેઓ 'ફાટીને ધુમાડે' ગયા છે. જો રાજકોટ પોલીસે પોતાની આબરૂ બચાવવી હશે અને સામાન્ય જનતામાં ફરીથી વિશ્વાસ ઉભો કરવો હશે, તો હવે કાગળ પર નહીં, પરંતુ મેદાનમાં ઉતરીને 'ખાખીનો અસલી પરચો' બતાવવો જ પડશે.

# શાંતિ-સલામતીમાં ગુજરાતને સંગીન બનાવો : CM

## બિન હથિયારી ૪૪૯ પીએસઆઇને મુખ્યમંત્રીના હસ્તે નિમણુંક પત્ર એનાયત : નાગરિક દેવો ભવ - વસુધૈવ કુટુંબકમનો મંત્ર સાકાર કરવા

ગાંધીનગર, તા.૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત પોલીસમાં બિનહથિયારી પી.એસ.આઇ. તરીકે જોડાઈ રહેલા નવનિયુક્ત યુવાઓને નિષ્ઠા, પ્રમાણિકતા અને સમાજ સેવાની ભાવનાથી કર્તવ્યરત રહીને નાગરિક દેવો ભવ તથા વસુધૈવ કુટુંબકમના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા મંત્રને સાકાર કરવા આહવાન કર્યું હતું.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા વધુ ૪૪૯ બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરોને પોલીસ દળમાં નિમણૂક આપવામાં આવી છે. આ નવ નિયુક્ત યુવાઓને નિમણૂકપત્ર અર્પણનો ગરિમામય સમારોહ ગાંધીનગરમાં યોજાયો હતો. નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ તેમાં વિશેષ રૂપે ઉપસ્થિત રહીને નવનિયુક્ત અધિકારીઓનો ઉત્સાહ વધાર્યો હતો.



કોઈપણ રાજ્યનો વિકાસ શાંતિ અને સલામતી વગર શક્ય નથી તેવું મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગુજરાતે દેશના રોલ મોડલ તરીકે તથા રોકાણો વેપાર-ઉદ્યોગ ક્ષેત્રે વૈશ્વિક વિકાસની જે ખ્યાતિ મેળવી છે તેમાં શાંતિ અને સલામતિના પ્રહરી એવા પોલીસ દળનો સિંહ ફાળો છે. તમે સૌ હવે આ પોલીસ દળમાં જોડાયા છો અને સમાજને, તમારા પરિવારને તમારા સૌ માટે ગૌરવ થાય એવું રાજ્ય-રાષ્ટ્રહિતનું દાયિત્વ તમારે સમાજ સાથે રહીને નિભાવવાનું છે એમ મુખ્યમંત્રીએ નવનિયુક્ત યુવા પોલીસ સબ ઇન્સ્પેક્ટરોને પ્રેરણા આપતા જણાવ્યું હતું.

સમાજ જીવનમાં પોલીસનું સ્થાન અને સન્માન એવા ગૌરવભર્યા છે કે તેની હાજરી માત્રથી જ સામાન્ય નાગરિકમાં વિશ્વાસ જાગે છે કે હવે જે કઈપણ થશે તે ન્યાયપૂર્ણ થશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, પોલીસ તંત્રમાં કોઈ એક વ્યક્તિનું સારું કાર્ય આખાય ડિપાર્ટમેન્ટને ક્રેડિટ અપાવનારું બની જતું હોય છે. નવ નિયુક્ત યુવાઓએ તેમાંથી પ્રેરણા લઈને સારું શીખીને પોલીસ દળની છબી વધુ ઉજાળવાની છે એમ પણ તેમણે ઉમેર્યું હતું મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, નિષ્ઠા, પ્રમાણિકતાથી કામ કરનારાઓની સાથે સરકાર હંમેશા ઊભી રહે છે. સૌ સાથે મળીને ગુજરાતને શાંતિ અને સલામતીમાં વધુ સંગીન અને ગૌરવશાળી બનાવીએ તેવો અનુરોધ પણ તેમણે કર્યો હતો.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પારદર્શી ભરતી વ્યવસ્થા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડની પ્રશંસા કરી હતી અને નવનિયુક્ત યુવાઓને શિસ્તપાલન સાથે ફરજરત રહેવાની શીખ પણ આપી હતી.

વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતની જર્નીમાં પોલીસ દળની ભૂમિકા મહત્વની રહેવાની છે. પોલીસ દળમાં નવનિયુક્ત આ યુવાઓ તેમના લાંબા કારકીર્દીકાળ દરમિયાન ૨૦૪૭ના વિકસિત ભારત-વિકસિત ગુજરાતના નિર્માણના સંવાહક બનશે વિશ્વાસ મુખ્યમંત્રીએ દર્શાવ્યો હતો. ગુજરાત પોલીસ પરિવારના સભ્ય બની રહેલા ૪૪૯ નવનિયુક્ત બિનહથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરને અભિનંદન પાઠવી, તેમનું પોલીસ પરિવારમાં સ્વાગત કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સામાન્ય જનતા માટે પોલીસ એટલે ગુનેગારોને સીધા કરનારી એક ફોર્સ છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે જ્યારે પણ રાજ્યમાં કોરોના મહામારી કે ભારે વરસાદ જેવી કુદરતી આફતો સહિતની કોઈ પણ કપરી પરિસ્થિતિ આવે, ત્યારે જનતાના રક્ષણ માટે સૌથી પહેલું નામ પોલીસનું જ આવે છે.

નવનિયુક્ત અધિકારીઓને સંબોધતા કહ્યું કે, કાયદો હાથમાં લેનારા તત્વોને કાયદાનું ભાન કેવી રીતે કરાવવું તે તમને આવડવું જ જોઈએ, અને જો તમારામાંથી કોઈ કાયદો હાથમાં લેશે તો મૃદુ અને મક્કમ એવા આપણા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર કડક હાથે કામ લેવા સક્ષમ છે. સૌથી વધુ ભ્રષ્ટાચારી અધિકારીઓ સામે કડક પગલાં ભરીને વહીવટીતંત્રને શુદ્ધ (ગંગાજળ પીવડાવવા) કરવાનું કામ ગુજરાતના મુખ્યમંત્રીએ કર્યું છે.

આજના આધુનિક યુગનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, ટેક્નોલોજીના આ જમાનામાં પણ ગુનાશોધનમાં 'ટેક્નિકલ ઈન્ટેલિજન્સ' કરતા 'હ્યુમન ઈન્ટેલિજન્સ' આજે પણ ખૂબ જ મહત્વનું પાસું છે.

ગુજરાત પોલીસના સુદ્રઢીકરણ માટે એક મહત્વની જાહેરાત કરતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વર્ષ ૨૦૩૩ સુધીમાં સીધી ભરતી દ્વારા નવી કુલ ૫૦ હજાર જેટલી જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. છેલ્લા ૧૦ વર્ષમાં પોલીસ વિભાગમાં કુલ ૫૪,૫૦૯ જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે, જેમાંથી છેલ્લા પાંચ વર્ષમાં જ કુલ ૧૫,૬૫૩ મહિલા કર્મચારીઓની ભરતી કરીને મહિલા સશક્તિકરણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. વર્ષ ૨૦૦૮થી અત્યાર સુધીમાં અંદાજે ૧ લાખ જેટલા યુવાનો પોલીસ વિભાગમાં જોડાયા છે, જ્યારે હાલમાં પણ ૧૩,૫૦૦ જેટલી જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે.

અમદાવાદ સિરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ગઈકાલે ગુજરાત હાઈકોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલા ચુકાદા સંદર્ભે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આ દેશમાં આતંકવાદ માટે કોઈ સ્થાન નથી, તેવો સ્પષ્ટ અને મક્કમ સંદેશ આ ચુકાદાથી મળે છે. તેમણે આ સમગ્ર દેશદ્રોહી કેસની ઝીણવટભરી અને વૈજ્ઞાનિક ઢબે તપાસ કરનાર ગુજરાત પોલીસની ઈન્વેસ્ટિગેશન ટીમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.

ગૃહ વિભાગના એક મહત્વપૂર્ણ નિર્ણયની માહિતી આપતા હર્ષ સંઘવીએ ઉમેર્યું કે, પોલીસ ભરતીની તૈયારી કરતા રાજ્યના મધ્યમ અને સામાન્ય વર્ગના ઉમેદવારો માટે સરકારે મોટો નિર્ણય લીધો છે. હવેથી ગુજરાતના તમામ જિલ્લા પોલીસ હેડક્વાર્ટરના મેદાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓની શારીરિક કસોટીની તૈયારી કરતા ઉમેદવારો માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે, જેથી કોઈ પણ ગરીબ કે મધ્યમવર્ગીય ઉમેદવારે ખાનગી ક્લાસીસના મોંઘા ખર્ચા ન ભોગવવા પડે.

આ પ્રસંગે રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિકે જણાવ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાત સરકારે કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત કરવા માટે પોલીસ કોન્સ્ટેબલથી લઈને પીએસઆઈ સુધીના વિવિધ સંવર્ગોમાં કુલ ૫૪,૫૦૯ જવાનોની પારદર્શક અને સફળ ભરતી પૂર્ણ કરી છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૬-૨૭માં પણ વધુ ૧૩,૫૯૧ જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા ખૂબ જ ઝડપથી કાર્યરત છે, જે રાજ્ય સરકારની સુરક્ષા પ્રત્યેની કટિબદ્ધતા દર્શાવે છે.

ગુજરાતના રાજ્ય પોલીસ વડા જી. એસ. મલિકે આ પ્રસંગે ખાખી વર્દી ધારણ કરવા જઈ રહેલા ૪૪૯ નવનિયુક્ત અને ઉચ્ચ શિક્ષિત પોલીસ સબ ઇન્સ્પેક્ટરને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આ ગૌરવપૂર્ણ અવસરે મલિકે પીએસઆઈની સાથે-સાથે તેમના પરિવારોને પણ આ સફળતા બદલ બિરદાવ્યા હતા અને તમામ નવનિયુક્ત અધિકારીઓને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવા માટે શુભેચ્છાઓ આપી હતી.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડના ચેરમેન ડો. નિરજા ગોટરુના સક્ષમ નેતૃત્વ હેઠળ તાજેતરની સમગ્ર ભરતી પ્રક્રિયા અત્યંત સુવ્યવસ્થિત, ન્યાયપૂર્ણ અને પારદર્શક રીતે સંપન્ન થઈ છે. આ સફળ અને વિવાદરહિત કામગીરી બદલ રાજ્યના પોલીસ વડાએ ડો. નિરજા ગોટરુને ખાસ અભિનંદન પાઠવ્યા હતા. આજે પોલીસ દળનો હિસ્સો બનેલા નવનિયુક્ત પીએસઆઈ અત્યંત ટેકનોસેવી અને ઉચ્ચ શિક્ષિત છે. આ નવયુવાનોની દેશભક્તિ, શિસ્ત અને નૈતિકતા ગુજરાત પોલીસની ગરિમાને વધુ ઊંચાઈ પર લઈ જશે તેવો દ્રઢ વિશ્વાસ રાજ્ય પોલીસ વડા જી.એસ.મલિકે વ્યક્ત કર્યો હતો.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ ડો. નિરજા ગોટરુએ નવનિયુક્ત પોલીસ સબ ઇન્સ્પેક્ટરને શુભેચ્છાઓ આપતાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં આ ભરતી સૌથી ઝડપી તેમજ પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવી છે. માર્ચ ૨૦૨૪માં ગુજરાત પોલીસ ભરતી બોર્ડની રચના કર્યા બાદ આ પ્રથમ સફળ બેચ છે.

તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૨૪-૨૫માં જાહેર કરવામાં આવેલી ૪૭૨ બિન હથિયારી પીએસઆઈની જગ્યાઓની ભરતી માટે કુલ ૪.૬૦ લાખથી વધુ ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. શારીરિક કસોટી, લેખિત કસોટી અને વિવિધ દસ્તાવેજ, મેડિકલ વગેરે પારદર્શક પ્રક્રિયા પૂર્ણ કરીને આ પસંદગી કરવામાં આવી છે. પોલીસ કોન્સ્ટેબલથી પીએસઆઈ થવા માટે મોડ-૨ ખાતાકીય પરીક્ષાની પ્રક્રિયા પણ હાલમાં ચાલી રહી છે. સૌ નવનિયુક્ત અધિકારીઓ પોતાની મહેનતથી ગુજરાત પોલીસમાં ભરતી થયા છે ત્યારે નિષ્ઠા અને પ્રામાણિકતાથી નાગરિકોની સેવા- સુરક્ષા માટે કાર્યરત રહેશો તેમ, આ પ્રસંગે ડો. નિરજા ગોટરુએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે નવા ફોજદારી કાયદાઓ અને તાલીમ પુસ્તિકાઓનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોલીસ વિભાગ દ્વારા ઈન હાઉસ બનાવેલી ઈ મોડ્યુલ પહેલનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગુજરાત પોલીસ અકાદમી દ્વારા તૈયાર કરવામાં આવેલા નવા પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. દેશમાં અમલી બનેલી નવી કાયદાકીય જોગવાઈઓને સમાવતા આ નવપ્રકાશિત પુસ્તકોમાં ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ - ૨૦૨૩, ફોરેન્સિક સાયન્સ, ક્રિમીનોલોજી અને કોમ્યુનિટી પોલીસિંગ તેમજ સેન્ટ્રલ અને સ્ટેટ પોલીસ ઓર્ગેનાઇઝેશન, માનવ વર્તણૂંક અને માનવ અધિકારનો સમાવેશ થાય છે. આ પુસ્તકો આગામી સમયમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની તાલીમ તેમજ કાયદાકીય સમજ વધારવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે તેવું મનાય છે.

આ પ્રસંગે ગાંધીનગરના મેયર મીરાબેન પટેલ, અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટ, ગૃહ વિભાગના અગ્ર સચિવ સંજીવ કુમાર, પોલીસ મહાનિરીક્ષક-વહીવટ ગગનદીપ ગંભીર સહિત પોલીસ અને ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને નવનિયુક્ત બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરો ઉપસ્થિત રહ્યા હતા.

# ક્રાઈસ્ટ કોલેજમાં ઓરિએન્ટેશન ડે ઉજવાયો




ઇન્ડસ્ટ્રીઅલ નિષ્ણાતોના માર્ગદર્શન સાથે કૌશલ્ય આધારિત તાલીમથી છાત્રોએ શરૂ કરી શૈક્ષણિક સફર

રાજકોટ, તા.૮

ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસ, રાજકોટ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે નવા પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરી ભવ્ય ઓરિએન્ટેશન ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને કોલેજ જીવનની સફળ શરૂઆત સાથે જીવનકૌશલ્ય અને વ્યક્તિત્વ વિકાસ તરફ પ્રેરિત કરવાના હેતુથી અંતર્ગત વિવિધ નિષ્ણાતોના માર્ગદર્શન સાથે કૌશલ્ય આધારિત તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમની શરૂઆત નવા વિદ્યાથીઓના સ્વાગત સાથે થઈ હતી. કોલેજ પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક વાતાવરણ, સંસ્થાના મૂલ્યો, શિસ્ત, ગુણવત્તાસભર શિક્ષણ અને સર્વાંગી વિકાસ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. વિવિધ ક્ષેત્રોના અનુભવી શિક્ષણવિદો, કોપરિટ ટ્રેનર્સ અને ઉદ્યોગજગતના નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને અસરકારક સંવાદ કૌશલ્ય, વ્યક્તિત્વ વિકાસ, ટીમ બિલ્ડિંગ, બિઝનેસ ઇમોશન્સ, માઇન્ડ પાવર, સેલ્ફ કેર એન્ડ ગ્રૂમિંગ તેમજ જીવનમાં સફળતા માટે જરૂરી વિવિધ કૌશલ્યો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. નવા વિદ્યાર્થીઓને કોલેજના વિવિધ વિભાગો, સુવિધાઓ અને સમગ્ર કેમ્પસથી પરિચિત કરાવવા માટે ટ્રેઝર હન્ટ જેવી રોમાંચક અને સજનાત્મક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને આનંદ સાથે સમગ્ર કેમ્પસને જાણવાનો અનોખો અનુભવ મેળવ્યો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓએ ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસની આધુનિક સુવિધાઓ, હકારાત્મક શૈક્ષણિક વાતાવરણ અને વિદ્યાર્થીઓ કેન્દ્રિત અભિગમની પ્રશંસા કરતાં જણાવ્યું ક, ''અમને ક્રાઇસ્ટ કોલેજ કેમ્પસનો ભાગ બનવાનો ગર્વ છે.'' ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસ સતત પુસ્તકીય જ્ઞાનની સાથે જીવનમૂલ્યો, નેતૃત્વ ક્ષમતા, વ્યક્તિત્વ વિકાસ અને ઉદ્યોગજગતને અનુરૂપ કૌશલ્યો વિકસાવવા પ્રતિબદ્ધ રહી વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે સતત



પ્રયત્નશીલ છે.

નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કેમ્પસના ડાયરેક્ટર ડો ફાધર જોમોન થોમનના દ્વારા હૃદયપૂર્વક કરવામાં આવ્યું હતું અને ભારત દેશના ગ્રોથ એન્ડ ડેવલોપમેન્ટ મા સહયોગી થવા માટે પ્રેરણા આપી હતી. તેઓ એ ક્રાઇસ્ટ કોલેજ કેમ્પસ ખાતે આર્ટિફિશિયલ ઇન્ટેલીજેન્સ (૭૧), વુમન એમ્પવરમેન્ટ અને સ્માટ સ્કિલ બેઝડ લર્નિંગ માંડલ વિશે વિસ્તુત્ત જાણકારી આપી હતી અને વિદ્યાથીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આશિષ આપ્યા હતા. ફાધર જોમોન એક મેનેજમેન્ટ એક્સપટ તરીકે વિદ્યાર્થીઓની વિશેષ સેમિનાર લેશે જેમા જેના દ્વારા વિદ્યાર્થાઓ ને પ્રોત્સાહન અને સેલ્ફ કોન્ફિડન્સ મળશે. તેઓ એ આવનારા દિવસોમા ઇન્ડસ્ટ્રીઅલ એક્સપટ્સ જેમ કે ડો સ્વાતિ દીશી,વ્યોન ફરનાનડીસ, ભૌમિક ભટ્ટ રિચા ભગદેવ, ડો અભિજીતસિંહ વાળા, નિમિત ગણાત્રા, અક્ષીત ગોંધિયા, વગેરે જે વિદ્યાર્થીઓને તાલીમ આપશે તેમના વિશે માહિતી આપી હતી.

### હાઇટેક ચોરી કરવાની અનોખી એમ.ઓ.: લોહચુંબક, બ્લુટૂથ ડીવાઇસનો ઉપયોગ: ક્રાઇમ બ્રાન્ચને સફળતા

# પેરોલ જમ્પ કરી નાસેલા મર્ડરના આરોપી સહિત ૩ ચોરાઉ કાર સાથે ઝડપાયા

રાજકોટ,તા.૮

શહેર તથા ગુજરાત રાજ્યના અન્ય જીલ્લાઓમાં થયેલ વાહન ચોરીના ગુન્હાઓ તાત્કાલીક ડીટેક્ટ કરી આરોપીઓને પકડવા માટે ઉચ્ચ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલ સુચના અન્વયે રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમ્યાન મળેલ સંયુક્ત બાતમી હકીકતના આધારે, ગુજરાતના અલગ અલગ જીલ્લામાંથી ચોરી કરેલ ત્રણ ફોરવ્હીલ કાર સાથે બે ઇસમોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પકડાયેલા આરોપીઓ પૈકી એક આરોપી રાજસ્થાનની બીકાનેર જેલમાંથી મર્ડરના ગુન્હામાં પેરોલ જમ્પ કરી નાસી છૂટેલો હોવાનું સામે આવ્યું છે. પકડાયેલ આરોપીઓના નામ મુકેશ કુમાર મોહનલાલ મેઘવાલ (ઉ.વ.૩૧, રહે- ૫, મેઘવાલ વાસ ગામ-સાજી તા.જી.-પાલી, રાજસ્થાન) અને સલામ ઉર્ફે છોટીયો યુસુફ ખા (ઉ.વ.૩૫, રહે-ખાંગટા પોલીસ થાના-પીપાડ જી-જોધપુર, રાજસ્થાન) છે. આ બને પાસેથી પોલીસે આરોપીઓ પાસેથી કુલ રૂા. ૧૧,૮૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં એક નંબરપ્લેટ વગરની સફેદ કલરની મારૂતી સુઝુકી સ્વિફ્ટ ફોરવ્હીલ કાર કિં.રૂ. ૪,૫૦,૦૦૦, એક નંબરપ્લેટ વગરની સફેદ કલરની મારૂતી સુઝુકી સ્વિફ્ટ ફોરવ્હીલ કાર કિં.રૂ. ૩,૦૦,૦૦૦, એક સફેદ કલરની મારૂતી અર્ટિકા ફોરવ્હીલ કાર કિં.રૂ. ૪,૨૦,૦૦૦, એક લોહચુંબક આશરે ૧ કિલો, બ્લુટુથ ડીવાઇસ અને ૨ મોબાઇલ ફોન કિં.રૂ. ૧૦,૦૦૦ના સામેલ છે.

આ ધરપકડથી અલગ-અલગ ત્રણ જીલ્લાના પોલીસ સ્ટેશનના વાહન ચોરીના ગુન્હાઓ ડીટેક્ટ થયા છે. જેમાં સુરેન્દ્રનગર ધ્રાંગધ્રા સીટી, જામનગર સીટી બી-ડીવીઝન અને મહેસાણા ઊંઝા પોલીસ સ્ટેશનના ગુના ઉકેલાયા છે.

આ શાતિર આરોપીઓ ફોરવ્હીલ કારનો કાચ તોડી ગાડીની અંદર પ્રવેશ કરતા હતા. ત્યારબાદ સ્ટીરીંગ નીચે લોહચુંબક રાખી સ્ટીરીંગનો લોક તોડી નાખતા હતા અને સ્ટીરીંગ નીચે આવેલ વાયર ડાયરેક્ટ કરી બ્લુટુથ ડીવાઇઝથી મોબાઇલ સાથે કનેક્ટ કરતા હતા. મોબાઇલમાં રહેલ 'ડીઆગઝોન પ્રો' નામની એપ્લિકેશનમાં કનેક્ટ કર્યા બાદ કોઈ પણ બીજી ગાડીની ચાવી નાખી ગાડી ચાલુ કરી વાહનની ચોરી કરતા હતા.

**અલગ-અલગ જિલ્લાઓમાંથી સ્વિફ્ટ અને અર્ટિકા કારની ચોરી કરનાર બે સાતિર ચોરોને રૂ. ૧૧.૮૦ લાખના મુદ્દામાલ સાથે દબોચી લેવાયા**

આરોપી સલામ ઉર્ફે છોટીયો યુસુફ ખાની સઘન પુછપરછ કરતા જાણવા મળેલ કે તે રાજસ્થાન જોધપુર પ્રતાપનગર પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૧૪ના મર્ડરના ગુન્હામાં જેલમાં હતો. ફેબ્રુઆરી-૨૦૨૬ માં તે પેરોલ રજા પર જેલમાંથી બહાર છૂટ્યો હતો અને પેરોલ રજા પુરી થયે પરત જેલમાં હાજર થવાના બદલે નાસી છૂટ્યો હતો અને સહ આરોપી મુકેશ સાથે ગુજરાતમાં ફોરવ્હીલ કાર ચોરી કરવા આવ્યો હતો. જ્યારે આરોપી મુકેશ કુમાર પણ અગાઉ સુરેન્દ્રનગર, વલસાડ પારડી અને કચ્છ પૂર્વ ગાંધીધામ ખાતે ચોરીના ગુન્હાઓમાં સંડોવાયેલો છે.

આ કામગીરી રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) બી.બી.બસીયાના માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર એ.એસ.ચાવડા, એમ.એલ.ડામોર તથા સી.એચ.જાદવ, પો.સબ.ઇન્સ. વી.ડી.રાવલીયા, ડી.પી.ઝાલા, વી.ડી.ડોડીયા તથા એ.એસ.આઇ. સમીરભાઇ શેખ, યશવંતભાઇ ભગત, દીગપાલસિંહ જાડેજા, અમીતભાઇ અગ્રાવત તથા પો.હેડ.કોન્સ. દીપકભાઇ ચૌહાણ, દીપકભાઇ ડાંગર, સાગરભાઇ માવદીયા, પ્રદીપસિંહ જાડેજા, રાહુલભાઇ ગોહેલ, રાજેશભાઇ જજુ, અમીતભાઇ તુંડીયા, કરણભાઇ કોઠીવાળ, સંજયભાઇ અલગોતર તેમજ પો.કોન્સ. જીલુભાઇ ગરચર, મહાવિરસિંહ જાડેજા, મનીષભાઇ ચાવડા, મુકેશભાઇ સબાડ, અશ્વિનભાઇ પંપાણીયા, અરવિંદભાઇ ફતેપરા, કિશનભાઇ પાંભર અને પોપટભાઇ ગમારા દ્વારા કરવામાં આવી છે.

# ક્રિસ્ટલ નેક્સસ બિલ્ડિંગ મામલે સિવિલ કોર્ટનો મોટો આદેશ

**RMC, બિલ્ડર અને સરકારી સત્તાધિકારીઓને સમન્સ**

રાજકોટ, તા. ૮

શહેરમાં બિલ્ડિંગ બાયલોઝના ઉલ્લંઘન અને ગેરકાયદેસર બાંધકામો સામે ચાલી રહેલી ઝુંબેશ વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. રાજકોટના પ્રાઈમ લોકેશન ગણાતા માધાપર ચોકડી ખાતે આવેલ ક્રિસ્ટલ નેક્સેસમાં થયેલા કથિત ગેરકાયદેસર બાંધકામ અને બિલ્ડિંગ યુઝ સર્ટિફિકેટ વિના વ્યાપારી ઉપયોગ કરવા અંગે રાજકોટ સિવિલ કોર્ટમાં કાનૂની લડત શરૂ થઈ છે. અરજદાર શ્રી સંજયભાઈ લાખાણી દ્વારા દાખલ કરાયેલ સિવિલ સ્યુટ ૧૭૯/૨૦૨૬ને અદાલતે પ્રાથમિક વિચારણા બાદ એડમિટ કર્યો છે.

બિલ્ડિંગ અંગે ભૂતકાળમાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને સંબંધિત વિભાગોને અનેકવાર લેખિત રજૂઆતો, ફરિયાદો તેમજ સ્ટેચ્યુટરી કાનૂની નોટિસો આપવામાં આવી હતી. તેમ છતાં જવાબદાર સત્તાધિકારીઓ દ્વારા કોઈ નક્કર કે કાયમી અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. વર્ષ ૨૦૨૫ દરમિયાન તંત્ર દ્વારા સીલિંગની કામગીરી કરવામાં આવી હોવા છતાં, બિલ્ડિંગનો વ્યાપારી ઉપયોગ બેરોકટોક ચાલુ રહ્યો હતો. બિલ્ડર દ્વારા નિયમોને નેવે મૂકીને વિવિધ બ્રાન્ડેડ શોરૂમો તેમજ અન્ય કોમર્શિયલ પ્રવૃત્તિઓ ધમધમતી રાખવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ છે.

બીજી તરફ, અરજદાર સંજયભાઈ લાખાણીએ ચોંકાવનારો આક્ષેપ કર્યો છે કે ગેરકાયદેસર બાંધકામ સામે સતત અવાજ ઉઠાવવાના કારણે તેમના પર ભારે દબાણ લાવવામાં આવી રહ્યું છે. તેમને કાનૂની લડતમાંથી પીછેહઠ કરાવવા માટે પોલીસ તંત્રનો દુરુપયોગ કરીને ખોટી ફરિયાદો પણ ઊભી કરાઈ છે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેઓ ન્યાયતંત્રમાં અડગ વિશ્વાસ ધરાવે છે અને કાયદાકીય પ્રક્રિયાથી જ લડત આપશે. અરજદાર વતી આ કેસની કાનૂની કાર્યવાહી પ્રખ્યાત એડવોકેટ સંજય એચ. પંડિત તથા તેમની ટીમ ચલાવી રહી છે.

બાંધકામ તોડી પાડવા માટે ફરજિયાત હુકમ કરવામાં આવ્યો છે. સાથોસાથ કોમર્શિયલ વપરાશ અને ગેરકાયદેસર બાંધકામ અટકાવવા કાયમી મનાઈ હુકમ કરવામાં આવે. બીજી તરફ મિલકતના વેચાણ, ટ્રાન્સફર કે થર્ડ પાર્ટી રાઈટ્સ ઊભા કરવા પર તાત્કાલિક રોક મૂકવામાં આવે. કાયદા મુજબ સીલિંગ અને ડિમોલિશનની કાર્યવાહી કરવા તંત્રને આદેશ કરવામાં આવ્યો છે. છબઈ દ્વારા પોતાના જ આદેશોનું પાલન કરાવવામાં નિષ્ફળતા મળતા આખરે ન્યાય માટે સિવિલ કોર્ટના દ્વાર ખખડાવવાની ફરજ પડી હતી.

જંગલેશ્વર ડિમોલિશન ખર્ચ વિવાદ

# અધુરી વિગત કોને લીક કરી ? ૧૦૦ મણનો સવાલ

## મ્યુનિસિપલ કમિશનરે ચીફ ઓડિટરને પત્ર લખી પગલા લેવા આદેશ કર્યો હોવાની ચર્ચાએ પકડ્યું જોર



રાજકોટ, તા. ૮

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગત ફેબ્રુઆરી મહિનામાં જંગલેશ્વર વિસ્તારના ટીપી રોડ અને નદી પટ્ટમાંથી આશરે દોઢ હજાર જેટલા મકાનોનું ભવ્ય ડિમોલિશન કરવામાં આવ્યું હતું. આ કામગીરીને રાજ્ય સરકાર સહિત ચોમેરથી બિરદાવવામાં આવી હતી અને અસામાજિક પ્રવૃત્તિઓ પર લગામ કસાઈ હતી. પરંતુ, આ સફળ કામગીરી બાદ તેની પાછળ થયેલા આડેધડ ખર્ચાઓનો વિવાદ હવે લાંબો ખેંચાયો છે, જેના કારણે શાસક પક્ષ અને વહીવટી તંત્ર બંને મુશ્કેલીમાં મુકાયા છે.

ખર્ચના મોટા આંકડાઓ સાથેના અધૂરા અને વિવાદાસ્પદ બિલો મીડિયા કે સોશિયલ મીડિયામાં કઈ રીતે લીક થયા, તેની કમિશનર અને ડેપ્યુટી કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ગંભીરતાપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી હતી. આઈટી વિભાગે જ્યારે ડિજિટલ ડેટા અને લોગ્સની ખાતાકીય ચકાસણી કરી, ત્યારે ઓડિટ શાખાના એક કર્મચારીનું 'ઈડ એડ્રેસ' બિલોની વિગતો સાથે લિંક થયેલું મળી આવ્યું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે . ત્યારે આ અધિકારી કોણ તે અંગે હજી સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી. અને તે અધિકારીનું નામ પણ જાહેર કરવામાં આવ્યું ન હોવાનું પણ મનાઈ રહ્યું છે.

આ સમગ્ર પ્રકરણને મનપા કમિશનર તુષાર સુમેરાએ અત્યંત ગંભીરતાથી લીધું છે. કોર્પોરેશનમાંથી જ પગાર મેળવીને સંસ્થાની વિશ્વસનીયતા જોખમમાં મૂકનાર કર્મચારી સામે દાખલારૂપ પગલાં લેવાની કવાયત હાથ ધરાઈ તેવી અટકળો ચાલી રહી છે. કમિશનર દ્વારા ઓડિટ વિભાગના વડાને એક સત્તાવાર પત્ર મોકલ સંડોવાયેલા કર્મચારી સામે તાત્કાલિક ધોરણે ખાતાકીય પગલાં અને કડક શિસ્તભંગની કાર્યવાહી કરવાની ભલામણ કરવામાં આવી હોવાનું પણ જણાઈ રહ્યું છે. આ પત્ર બાદ મનપાના અધિકારીઓ અને કર્મચારી આલમમાં ભારે ફફડાટ મચી ગયો છે. હાલમાં આ મામલે અડધો ડઝન જેટલા અધિકારીઓ સામે પણ જુદા જુદા ખર્ચાઓ બાબતે તપાસનો ધમધમાટ ચાલુ છે.

મનપાની અંદર બેસીને જ કોઈ કર્મચારી આવી વિગતો અધૂરી રીતે લીક કરે તો પ્રજામાં તંત્રની વિશ્વસનીયતા ઘટે છે. ઓડિટરને લખેલા પત્રમાં કર્મચારીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવા અથવા તેની અન્ય વિભાગમાં બદલી કરી ખાતાકીય તપાસ ચલાવવાની ભલામણ કરાઈ છે.

### મુખ્ય વિવાદઃ ૨૭ લાખનું ભોજન અને અન્ય ખર્ચાઓ

ટેન્ડર વગરનો ભોજન ખર્ચ :– પાંચ દિવસ ચાલેલી આ કામગીરી દરમિયાન રોજ અંદાજે ૫,૦૦૦ કર્મચારીઓ માટે નાસ્તા–ભોજનની વ્યવસ્થા કરાઈ હતી. આ ૨૭ લાખનો ભોજન–નાસ્તાનો ખર્ચ ટેન્ડર વિના કરાયો હોવાથી સ્ટેન્ડિંગ કમિટીએ તેને નામંજૂર કર્યો હતો.

મીઠાઈનો કડવો સ્વાદઃ– આ દરખાસ્તમાં 'કાજુકતરી' સહિતની મીઠાઈઓનો ઉલ્લેખ હોવાથી શાસકો નારાજ થયા હતા. ભૂતકાળમાં આવા ખર્ચ રાબેતા મુજબ થતા હોવા છતાં, આ વખતે જાણીજોઈને કે અજાણતા આ ઉલ્લેખ રાખીને રમત રમાઈ હોવાની ચર્ચા પણ વહીવટી વર્તુળોમાં જોરશોરથી ચાલી રહી છે.

અન્ય ખર્ચાઓ પર આક્ષેપ :– ભોજન બાદ વીડિયોગ્રાફી અને પાણી પુરવઠા સહિતના અન્ય ખર્ચાઓ પણ ઊંચા ભાવે અને આડેધડ કરાયા હોવાના આક્ષેપો ઉછળ્યા હતા. જો કે, મનપા પ્રશાસને સ્પષ્ટતા કરી છે કે આ તમામ ચૂકવણીઓ અગાઉના વર્ષોના વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ અને કાયદેસરના કરાર મુજબ જ થઈ છે, જેથી હવે તેમાં કોઈ ફેરફાર થઈ શકે તેમ નથી. છતાં આગામી સમયમાં વધુ પારદર્શકતા રાખવાનો નિર્ણય લેવાયો છે.


સૌરાષ્ટ્રમાં ખતરાની ઘંટડી

# હજુ ૬૭% લોકો પણ માનસિક સારવારને 'ગાંડપણ' માને છે

## ૮૧% વસ્તી દેખાદેખીનો શિકાર : સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવને ૧૮૪૦ વિદ્યાર્થીઓ પર સર્વે હાથ ધર્યો

રાજકોટ, તા. ૮

સૌરાષ્ટ્રના સામાજિક અને માનસિક સ્વાસ્થ્યની વાસ્તવિક સ્થિતિ જાણવા માટે પ્રોફેસર યોગેશ જોગસણ અને ડો. ધારા દોશીના માર્ગદર્શન હેઠળ ડો. જિગ્ના વરુ, ડો. હર્ષા ગોંડલિયા અને ડો. ભારતી મોરે દ્વારા ૧,૮૪૦ લોકો પર એક વિસ્તૃત સંશોધન સર્વે કરવામાં આવ્યો છે. આ સર્વેના આંકડા આંખો ઉઘાડનારા અને વર્તમાન સમાજ વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કરનારા છે. સર્વે અનુસાર, આજે પણ સૌરાષ્ટ્રના ૬૭.૨૧% લોકો માનસિક તણાવ કે ડિપ્રેશન છુપાવે છે, કારણ કે સમાજ આજે પણ મનોચિકિત્સક પાસે જવાની બાબતને ''ગાંડપણ'' કે સામાજિક કલંક માને છે.



જ્યારે મોટી વસ્તી માનસિક સ્વાસ્થ્યને ગાંડપણ ગણે, ત્યારે સમજવું કે સમાજ હજુ પછાત વિચારસરણીમાં જીવે છે. યુવાનોમાં સ્ટ્રેસનું કારણ માત્ર સ્પર્ધા નથી, પણ 'પરફેક્ટ દેખાવા'નું સામાજિક દબાણ છે. સંવાદહિનતા જ તમામ કૌટુંબિક ઝઘડાઓનું મૂળ છે. આપણે શારીરિક રીતે સક્ષમ પણ માનસિક રીતે અસુરક્ષિત પેઢી તૈયાર કરી રહ્યા છીએ. ૮૧% લોકો દેખાદેખી પાછળ બરબાદ થઈ રહ્યા છે. લોકાપવાદ છોડીને 'સ્વ-આરોગ્ય' અને મેન્ટલ હેલ્થ સપોર્ટ સિસ્ટમને પ્રાધાન્ય આપવું જ પડશે. સર્વેમાં સામેલ ૩૭.૧૩% લોકોએ સ્વીકાર્યું છે કે આ સમસ્યાઓનો ઉકેલ સરકાર કે સંસ્થાઓ પાસે નથી, પરંતુ પરિવારોમાં પરસ્પર પ્રેમપૂર્વકનો સંવાદ વધારવામાં અને સોશિયલ મીડિયા પર સ્વનિયંત્રણ રાખવામાં જ રહેલો છે.

### શારીરિક રોગ સ્વીકાર્ય, તો માનસિક કેમ નહીં?

જો કોઈ વ્યક્તિને ડાયાબિટીસ, હાર્ટની તકલીફ કે ફેક્ચર થાય તો આપણે તાત્કાલિક ડોક્ટર પાસે દોડી જઈએ છીએ અને ગર્વથી સમાજમાં તેની ચર્ચા કરીએ છીએ. પરંતુ, જ્યારે મગજ કે મન થાકે છે, ડિપ્રેશન કે એન્ઝાયટી (ચિંતા) થાય છે, ત્યારે તેને ''ભૂત–પ્રેતનો વળગાડ'', ''નબળા મનનો માણસ'' કે ''ગાંડો'' કહીને હડધૂત કરવામાં આવે છે. આ જ ડરના કારણે માણસ અંદરને અંદર ઘૂંટાય છે અને અંતે આપઘાત જેવા આત્યંતિક પગલાં ભરે છે.

### લોકો શું કહેશે?' નો આંધળો ભય

સર્વેના આંકડા મુજબ ૫૩.૩૯% લોકો સતત એ ચિંતામાં જીવે છે કે 'સમાજ કે લોકો શું વિચારશે?' જો દીકરો કે દીકરી ડિપ્રેશનની દવા લેશે, તો લગ્ન કોણ કરશે? જો કોઈને ખબર પડશે કે કાઉન્સિલિંગ ચાલુ છે, તો બદનામી થશે.. આ સામાજિક જજમેન્ટનો ડર જ વ્યક્તિને સાચો ઈલાજ મેળવતા રોકે છે.

### સમયની માંગઃ વિચાર બદલવાની જરૂર

માનસિક બીમારી એ મગજના કેમિકલ્સના અસંતુલનને કારણે થતી સામાન્ય તકલીફ છે, કોઈ પાપ કે કલંક નથી. જેમ તાવ આવે એમ મન પણ ઉદાસ થઈ શકે છે. શું કરવું જોઈએ? જો પરિવારમાં કોઈ ઉદાસ રહેતું હોય, ગુમસુમ હોય કે સતત ચિંતામાં હોય, તો તેની મજાક ઉડાવવા કે તેને 'ગાંડો' ઠેરવવાને બદલે પ્રેમથી સંવાદ કરો અને વગર સંકોચે કાઉન્સિલર કે સાયકોલોજિસ્ટની મદદ લો. બદલાવની શરૂઆત આપણા પોતાના ઘરથી જ કરવી પડશે.

# રિંગરોડ બનશે રંગીલો

રાજકોટ, તા. ૮

રાજકોટવાસીઓ જેની આખું વર્ષ આતુરતાથી રાહ જોતા હોય છે તે જન્માષ્ટમીના પરંપરાગત અને લોકપ્રિય પાંચ દિવસીય લોકમેળાનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. આગામી તા. ૨ સપ્ટેમ્બરથી રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ મેળા માટે રાજકોટ કલેક્ટર તંત્ર અને લોકમેળા સમિતિ દ્વારા યુદ્ધના ધોરણે તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. મેળાનો પ્લાન, લે-આઉટ અને બ્લુપ્રિન્ટ આખરી ઓપમાં આવી ગયા હોવાથી આજે બપોર બાદ વિવિધ કમિટીઓની એક હાઈલેવલ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મેળાના સુચારૂ સંચાલન માટેનો આખો એક્શન પ્લાન તૈયાર થશે.

ગયા વર્ષના અનુભવો અને જનમેદનીને ધ્યાનમાં રાખીને આ વખતે વહીવટી તંત્ર સુરક્ષા અને હેલ્થ ઈમરજન્સી બાબતે અત્યંત ગંભીર છે. મેળામાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત તહેનાત રહેશે. સમગ્ર રેસકોર્સ ગ્રાઉન્ડને સીસીટીવી કેમેરાના સકંજામાં લઈ લેવામાં આવશે. કંટ્રોલ રૂમમાંથી ભીડ પર 'બાજ નજર' રાખવામાં આવશે જેથી અસામાજિક તત્વો પર લગામ કસી શકાય. આ ઉપરાંત, મેળાને ઝાકઝમાળ રોશનીથી શણગારવા માટે લાઈટિંગ, ડેકોરેશન અને અન્ય સુવિધાઓ માટેની ટેન્ડર પ્રક્રિયા પણ સત્તાવાર રીતે શરૂ કરી દેવામાં આવી છે. આગામી બે દિવસમાં જ ફોર્મ વિતરણની તારીખો જાહેર થતાંની સાથે જ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં લોકમેળાનો માહોલ બરાબરનો જામશે. આ ઉપરાંત લોકમેળામાં લોકોની સુરક્ષા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય ઘટનાઓ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે તેમજ મેડીકલ ઈમરજન્સી માટે બે ગ્રીન કોરીડોર બનાવવામાં આવશે.

જેમાં ફનવર્લ્ડ પાસેથી અને જૂના એરપોર્ટ રોડ સામે આ ગ્રીન કોરીડોર બનાવાશે. જેમાં એમ્બ્યુલન્સ, બાઈક વગેરે સહિતના વાહનો લોકમેળાના ગ્રાઉન્ડમાં



## ૨ સપ્ટેમ્બરથી રેસકોર્સમાં જન્માષ્ટમીનો પાંચ દિવસીય ભવ્ય લોકમેળો, તડામાર તૈયારીઓ શરૂ

સહેલાઈથી અવરજવર કરી શકશે તેમજ લોકમેળામાં સીસી ટીવી કેમેરા ઠેર-ઠેર લગાવાશે. જેના મારફતે બાજ નગર રાખી શકાશે. સુત્રોએ વધુમાં જણાવ્યું હતું કે આ વખતે સ્ટોલના ભાડામાં પાંચ ટકાનો વધારો થવાની શકયતા રહેલી છે જોકે આ અંગેનો અંતીમ નિર્ણય તો લોકમેળા સમિતિની આગામી બેઠકમાં લેવામાં આવશે. લોકમેળાનો પ્લાન-લે આઉટ અને બ્લુપ્રિન્ટ તૈયાર થતા આજે બપોર બાદ લોકમેળાની વિવિધ કમિટીઓની બેઠક આયોજીત કરવામાં આવી છે. જેમાં લોકમેળામાં સુચારૂ સંચાલન માટે તખ્તો તૈયાર કરવામાં આવનાર છે. લોકમેળાના સ્ટોલના ફોર્મ વિતરણની તારીખ સંભવત બે દિવસમાં જ જાહેર કરી દેવામાં આવનાર છે. તા.૨૦ની આસપાસ આ ફોર્મનું વિતરણ શરૂ કરવામાં આવનાર છે. લોકમેળાના નામકરણ માટે નગરજનો પાસેથી આકર્ષક શિર્ષક મંગાવવા આવેલ છે. આ ઉપરાંત લાઈટીંગ, ડેકોરેશન સહિતની ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે.

### મેડિકલ ઈમરજન્સી માટે માસ્ટર પ્લાન

લોકમેળામાં અચાનક કોઈ તબીબી કટોકટી ઊભી થાય તો દર્દીને ત્વરિત સારવાર મળી રહે તે માટે મેદાનમાં બે વિશેષ ગ્રીન કોરિડોર બનાવવામાં આવશે જેમાં પ્રથમ કોરિડોર ફનવર્લ્ડ પાસેથી પસાર થશે. દ્વિતીય કોરિડોર જૂના એરપોર્ટ રોડની સામેના ભાગમાં તૈયાર કરાશે. આ ગ્રીન કોરિડોર મારફતે એમ્બ્યુલન્સ, મેડિકલ બાઈક અને ઈમરજન્સી વાહનો કોઈપણ અવરોધ વિના ગ્રાઉન્ડમાં સહેલાઈથી અવરજવર કરી શકશે.

# રાજકોટ જિલ્લા ડિઝાસ્ટર તંત્ર સજ્જ

## કલેક્ટર તંત્રનું માઈક્રો પ્લાનીંગ : કંટ્રોલરૂમ ધમધમયો : આશ્રયસ્થાનો, ફુડ પેકેટ્સ અને બચાવ સાધનોની આગોતરી વ્યવસ્થા

રાજકોટ, તા.૮

ચોમાસા દરમિયાન સંભવિત ભારે વરસાદ, પૂર કે અન્ય કુદરતી આપદાઓ સામે લોકોને ત્વરિત સહાય પૂરી પાડવા માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક્શન પ્લાન તૈયાર કરી દેવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના નિર્દેશ અને નિવાસી અધિક કલેક્ટર જે. એચ. બારોટના માર્ગદર્શન હેઠળ જિલ્લા ડિઝાસ્ટર તંત્ર દ્વારા તમામ આગોતરી તૈયારીઓ પૂર્ણ કરી લેવાઈ છે. પરિસ્થિતિ પર નજર રાખવા અને સંકલન મજબૂત કરવા માટે તમામ તાલુકાઓમાં ખાસ ક્લાસ-૧ અધિકારીઓને નોડલ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તમામ નોડલ અધિકારીઓએ જે-તે તાલુકાના કર્મચારીઓ સાથે સમીક્ષા બેઠકો યોજીને તૈયારીઓનો તાગ મેળવ્યો છે. વાવાઝોડા કે પૂર જેવી કટોકટીની સ્થિતિમાં નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને ત્વરિત સુરક્ષિત સ્થળે ખસેડવા માટેની રૂપરેખા તૈયાર છે. આશ્રયસ્થાનો પર પીવાનું પાણી, ફૂડ પેકેટ્સ, જરૂરી દવાઓ અને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની પૂરતી વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના નિર્દેશ અને નિવાસી અધિક કલેક્ટર જે. એચ. બારોટના માર્ગદર્શનમાં જિલ્લા ડિઝાસ્ટર તંત્ર દ્વારા આગોતરી તૈયારીઓ કરી દેવાઈ છે. જિલ્લામાં દરેક તાલુકાની સ્થિતિ પર નજર રાખવા અને સંકલન વ્યવસ્થા સુદ્રઢ રાખવા તાલુકાવાર ખાસ ક્લાસ-૧ અધિકારી નિયુક્ત કરવામાં આવ્યા છે. જેમાં વિંછીયા તાલુકા માટે જિલ્લા પુરવઠા અધિકારી, લોધિકા તાલુકા માટે નાયબ કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર, રાજકોટ શહેર) તથા જામકંડોરણા તાલુકા માટે જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ)ની નિયુક્તિ કરવામાં આવી છે. રાજકોટ શહેર (પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ) વિસ્તારની જવાબદારી પ્રાંત અધિકારી (રાજકોટ શહેર-૧)ને અને રાજકોટ તાલુકાની જવાબદારી પ્રાંત અધિકારી (રાજકોટ શહેર-૨)ને સોંપાઈ છે. કોટડા સાંગાણી તાલુકા માટે નાયબ કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર, રાજકોટ ગ્રામ્ય), પડધરી તાલુકા માટે પ્રાંત અધિકારીશ્રી (રાજકોટ ગ્રામ્ય), ગોંડલ શહેર અને તાલુકા માટે પ્રાંત અધિકારી (ગોંડલ) તેમજ ઉપલેટા તાલુકા માટે પ્રાંત અધિકારીશ્રી (ધોરાજી) નોડલ અધિકારી તરીકે ફરજ બજાવી રહ્યા છે. જસદણ તાલુકા માટે પ્રાંત અધિકારી (જસદણ), જેતપુર શહેર અને તાલુકા માટે નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત) તેમજ ધોરાજી તાલુકા માટે નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસૂલ) ની નિમણૂક કરવામાં આવી છે.

**આપત્તિ વ્યવસ્થાપન માટે તાલુકાવાર ક્લાસ-૧ અધિકારીઓની નિમણૂક**



### બચાવ સાધનો અને વાહનોનું ટેસ્ટિંગ પૂર્ણ

અધિકારીઓ માટે કડક સૂચના :– કટોકટીના સમયે બચાવ કામગીરી ઝડપી બને તે માટે દરેક જવાબદાર અધિકારીને પોતાના સરકારી વાહનમાં ટોર્ચ, દોરડા અને લાઈફ જેકેટ જેવા મૂળભૂત સાધનો ફરજિયાત સાથે રાખવા જણાવાયું છે.

ડિજિટલ ડિરેક્ટરી અપડેટ :– ગ્રામ્ય સ્તરે ઝડપી સંવાદ માટે દરેક ગામના સરપંચ, તલાટી અને સ્થાનિક ગત્રણના મોબાઈલ નંબર ધરાવતી ડિરેક્ટરી અપડેટ કરાઈ છે.

સાધનોનું રિપેરિંગ :– રાહત કાર્ય માટેના તમામ સરકારી વાહનો, ડિઝાસ્ટર મેનેજમેન્ટના સાધનો અને વરસાદ માપક યંત્રોની ભૌતિક ચકાસણી કરીને તેને સંપૂર્ણ કાર્યરત કરી દેવાયા છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# મેં હું ડોન..

## નબળા સામે દાદાગીરી, સબળા સામે આજીજી



રાજકારણ મૂળભૂત રીતે લોકસેવાનું અને સમાજ ઉત્થાનનું એક પવિત્ર માધ્યમ છે. પરંતુ આજના સમયમાં કેટલાક સ્થાનિક તત્વો માટે તે માત્ર વટ મારવાનું સાધન બની ગયું છે. હાલમાં જ મહાનગર પાલિકાના એક નાના કર્મચારીને જાહેરમાં ધમકાવતા અને દબડાવતા ભાજપના નેતાનો વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થયો છે. આ વીડિયોએ સમગ્ર રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે.

વીડિયોમાં નેતાજી કર્મચારી પર આક્રોશ ઠાલવતા બેધડક કહી રહ્યા છે કે, પઅમે તમારા બાપુજી છીએ!થ સત્તાના નશામાં ચૂર થઈને કાયદાના રક્ષકો કે નાના કર્મચારીઓને આ રીતે અપમાનિત કરવા તે લોકશાહીમાં ક્યારેય સ્વીકારી શકાય નહીં.

આ ચકચારી ઘટનામાં કાયદાકીય રીતે વાંક કોનો છે તે વાત કદાચ ગૌણ હોઈ શકે છે. મુખ્ય અને ચિંતાજનક મુદ્દો એ છે કે શેરી-ગલીના આવા છાપબારુ નેતાઓ રાજનીતિના નામે ગમે ત્યાં રોફ જમાવતા ફરે છે. સામાન્ય જનતા, નાના વેપારીઓ કે પાયાના સરકારી કર્મચારીઓ સામે તેઓ શાસક પક્ષના નામે ખુલ્લેઆમ દાદાગીરી કરે છે.

પોતાનો ખોટો મોભો અને વર્ચસ્વ બતાવવા માટે તેઓ નબળા લોકો પર પિસ્તોલ વગરની ધાક જમાવે છે. પક્ષના પાવર અને બેનરોનો દુરુપયોગ કરીને આ લોકો પોતાને વિસ્તારના અઘોષિત પડોનપ સમજવાની મોટી ભૂલ કરી બેસે છે.

આ કહેવાતા સ્થાનિક ડોનની અસલી નબળાઈ પણ ટૂંક સમયમાં જ ખુલ્લી પડી જાય છે. આ લોકો માત્ર નબળા અને લાચાર લોકો સામે જ સિંહ બનવાનું નાટક કરે છે. રાજકોટ જેવા મોટા અને ગતિશીલ શહેરોમાં અસંખ્ય નાની-મોટી ગેરરીતિઓ ચાલતી હોય છે. બાંધકામથી લઈને વહીવટી તંત્રમાં ભ્રષ્ટાચાર અને કાયદાના ઉલ્લંઘનના અનેક મોટા કિસ્સાઓ રોજેરોજ સામે આવે છે. પરંતુ જ્યારે આ ગંભીર ગેરરીતિઓ સામે અવાજ ઉઠાવવાનો હોય અથવા જનતાના હકની લડાઈ લડવાની હોય, ત્યારે આ ગલીના નેતાઓનો પન્નો ટૂંકો પડે છે. ત્યાં સ્વાર્થના કારણે તેઓ એકદમ ચૂપ થઈ જાય છે.

જ્યારે કોઈ નીડર ઉચ્ચ અધિકારી કે પક્ષના કડક મોટા નેતા તેમને બોલાવીને જાહેરમાં ખખડાવે છે, ત્યારે તેમનો બધો ગરમીનો વટ અને પાવર પળવારમાં ઓગળી જાય છે. જેઓ ગરીબો અને મધ્યમવર્ગ સામે સિંહ થતા હતા, તેઓ મોટા ગજાના સત્તાધીશો સામે તુરંત આજીજી કરવા લાગે છે. ટૂંકમાં, નબળા સામે દાદાગીરી અને સબળા સામે આજીજી એ જ આ નકલી નેતાઓની અસલી વ્યાખ્યા છે.

દરેક રાજકીય પક્ષોએ ગંભીરતાથી જાગવાની જરૂર છે. પાયાના સ્તરે હાલી નીકળેલા આવા નબળા તત્વોને કાબૂમાં રાખવા માટે પક્ષ તરફથી કડક આદેશો આપવા જોઈએ. આવા ગલીના ડોનની ગેરવર્તણૂક અને અહંકારના કારણે આખા સંગઠનની વર્ષોની કમાયેલી આબરૂ ધૂળમાં મળી જતી હોય છે. પક્ષના મોવડી મંડળે પક્ષની પ્રતિષ્ઠા બચાવવા આવા નબળા માનસિકતા ધરાવતા લોકોને તાત્કાલિક બહારનો રસ્તો બતાવવો જોઈએ.

# EDએ TMCના ત્રણ ખાતા કર્યા સીલ

## તપાસ અધિકારીઓ ટીએમસીના ઓછામાં ઓછા ૧૮ બેંક ખાતાઓ તેમજ કેરવેલ ટ્રાવેલ્સ, વિન્ડબોર્ન એવિએશન અને અનિતા ટુર્સ જેવી કંપનીઓ સાથે સંકળાયેલા વ્યવહારોની તપાસ કરી રહ્યા

નવીદિલ્હી, તા. ૮

પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીને મોટો ઝટકો લાગ્યો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઊઉ) એ ઝખઈ સાથે જોડાયેલા ત્રણ ખાતાઓ સ્થગિત કર્યા છે, જેમાં ₹૪૪૦ કરોડ (આશરે ૧.૪ બિલિયન) છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઊઉ) એ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (ઙખકઅ) હેઠળ આ કાર્યવાહી કરી હોવાનું કહેવાય છે. એજન્સીએ પાર્ટીના ખાતાઓ અને ચાર્ટર્ડ એરક્રાફ્ટ ખર્ચ દ્વારા કથિત શંકાસ્પદ વ્યવહારોની તપાસ કરવા માટે કોલકાતામાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા.

ઊઉ એ ગઈકાલે એમ્બ્રેર એરક્રાફ્ટ અને અગસ્તા વેસ્ટલેન્ડ હેલિકોપ્ટર ખરીદવા માટે ઝખઈ બેંક ખાતાઓમાં કથિત હેરફેરના સંદર્ભમાં દરોડા પાડ્યા હતા. અધિકારીઓનું કહેવું છે કે કોલકાતામાં આશરે પાંચ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા, જેમાં કેરવેલ ગ્રુપ ઓફ કંપનીઝના સ્થળોનો પણ સમાવેશ થાય છે, જે કેરવેલ એવિએશન નામથી ખાનગી જેટ ભાડે લે છે.

એજન્સીના જણાવ્યા અનુસાર, વિમાનના નામે મોટી રકમનો વ્યવહાર કરવામાં આવ્યો હતો, જે ખૂબ જ શંકાસ્પદ છે. એવું લાગે છે કે આ વ્યવહારથી લાભ મેળવનારા લોકોના ચહેરા છુપાવવા માટે માસ્ક બનાવવામાં આવ્યો હતો. આ ખૂણાની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે. ઝખઈ માં મતભેદ બાદ, બળવાખોર ધારાસભ્યોએ પાર્ટી ફંડમાં જમા કરાયેલા ભંડોળના સ્ત્રોતની તપાસની માંગ કરી હતી. કોલકાતા પોલીસે ત્રણ ટીએમસી બેંક ખાતાઓમાંથી નાણાકીય વ્યવહારો અને ઉપાડ પર પ્રતિબંધ લાદ્યો હતો. મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળના જૂથે કોલકાતા હાઈકોર્ટમાં




અપીલ કરી હતી. તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) સુપ્રીમો મમતા બેનર્જીને મોટો ઝટકો લાગ્યો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) એ ટીએમસી સાથે જોડાયેલા ત્રણ બેંક ખાતાઓ સ્થગિત કર્યા છે, જેમાં આશરે ₹૪૪૦ કરોડ (આશરે ૪૦૦ મિલિયન) હોવાનું કહેવાય છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, મંગળવારે કોલકાતામાં પાંચ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા, જેમાં કેરવેલ ગ્રુપ ઓફ કંપનીઝના પરિસરનો પણ સમાવેશ થાય છે.

આ જૂથ કેરવેલ એવિએશન નામની ખાનગી વિમાન ભાડા કંપની પણ ચલાવે છે. કોલકાતા સ્થિત એરલાઇન સાથે સંપર્ક કરવામાં આવ્યો હતો, પરંતુ આ અહેવાલ લખતી વખતે કોઈ જવાબ મળ્યો ન હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઊઉની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે એપ્રિલ ૨૦૨૩ થી જૂન ૨૦૨૬ દરમિયાન ઝખઈના બેંક ખાતાઓમાંથી આશરે ₹૧૬૦ કરોડ કેરવેલ એવિએશન ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ અને તેની સાથે જોડાયેલી અન્ય કંપનીમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કંપની પર ૨૦૨૩ થી ૨૦૨૬ વચ્ચે નવી રચાયેલી કંપનીમાં ₹૮૨.૯૬ કરોડ ટ્રાન્સફર કરવાનો પણ આરોપ છે. તપાસમાં જાણવા મળ્યું કે આ નવી કંપનીના ખાતાઓમાં નોંધપાત્ર રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી.

# ભારત સમુદ્રમાં ચોકપોઈન્ટની ધાર પર

## સબાંગ બંદર ચીન માટે માથાનો દુઃખાવો કેવી રીતે બન્યું?

નવીદિલ્હી, તા . ૮

અત્યાર સુધી ચીન માનતું હતું કે તે હોર્મુઝ સ્ટ્રેટને બાયપાસ કરી શકે છે, પરંતુ ઇન્ડોનેશિયા સાથે સબાંગ પોર્ટ એમઓયુ પર હસ્તાક્ષર કરીને, ભારતે આ સમગ્ર ઉર્જા ધોરીમાર્ગના એક્ઝિટ પોઈન્ટને વ્યૂહાત્મક રીતે બંધ કરી દીધું છે. હકીકતમાં, ચીની તેલ ટેન્કરોએ હિંદ મહાસાગરમાંથી પસાર થવું જોઈએ અને સાંકડા મલાક્કા સ્ટ્રેટમાંથી પસાર થવું જોઈએ, એક એવો માર્ગ જ્યાં ભારત હવે તેની પકડ મજબૂત કરવાની સ્થિતિમાં છે. ભારતના આંદામાન અને નિકોબાર ટાપુઓ મલાક્કા સ્ટ્રેટના પ્રવેશ બિંદુ પર સ્થિત છે, જ્યારે ઇન્ડોનેશિયાનું સબાંગ પોર્ટ બીજા છેડે છે. બંને વચ્ચેનું અંતર ફક્ત ૧૦૦ માઇલ (આશરે ૧૬૦ કિમી) છે. આ કરાર સાથે, ભારતીય નૌકાદળને લોજિસ્ટિક્સ, રિફ્યુઅલિંગ અને સમારકામ માટે સબાંગ પોર્ટ સુધી સીધી પહોંચ છે. આનો અર્થ એ છે કે ભારત અને ઇન્ડોનેશિયા સંયુક્ત રીતે મલાક્કા સ્ટ્રેટના મુખ પર નસ્રચોકપોઇન્ટસ્રસ્ર વિકસાવી રહ્યા છે, જેનાથી ભારત પસાર થતા દરેક ચીની જહાજ અને સબમરીન પર સીધી નજર રાખી શકે છે.

ચીન તેની ૮૦% તેલ આયાત મલક્કા સ્ટ્રેટ દ્વારા મેળવે છે, જેને તે તેની સૌથી મોટી નબળાઈ માને છે. જો ચીન કઅઈ (જેમ કે લદ્દાખ અથવા અરુણાચલ સરહદ) પર કોઈ આક્રમક કાર્યવાહીનો પ્રયાસ કરે છે, તો ભારત સમુદ્રમાં મજબૂત જવાબ આપવા માટે તૈયાર છે. જોકે, હાલમાં આવું થતું દેખાતું નથી.



આ નવા નસ્રઅંદામાન-સબાંગ એક્સિસસ્રસ્ર ચોકપોઇન્ટનો ઉપયોગ કરીને, ભારત ચીનના તેલ પુરવઠા અને તેની મહત્વપૂર્ણ જીવનરેખાને વિક્ષેપિત કરી શકે છે. ચીન પાસે બેકઅપ તરીકે મર્યાદિત તેલ ભંડાર હોવાથી, આ માર્ગને નાકાબંધી કરવાથી તેની અર્થવ્યવસ્થા અને લશ્કરી મશીનરી ઘૂંટણિયે પડી જશે. ઇન્ડોનેશિયા સાથે બ્રહ્મોસ અને એસ્ટ્રા મિસાઇલ સંરક્ષણ સોદા ચીન માટે વ્યૂહાત્મક ખતરામાં વધુ વધારો કરે છે. ઇન્ડોનેશિયાને આ ઘાતક મિસાઇલોથી સજ્જ કરીને, ભારતે ખાતરી કરી છે કે માત્ર ભારતીય નૌકાદળ જ નહીં પરંતુ સમગ્ર ઇન્ડોનેશિયા મલક્કા ચોકપોઇન્ટ પર કોઈપણ આક્રમક ચીની નૌકાદળ પ્રવૃત્તિને નિષ્ફળ બનાવવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે. ભારત અને ઇન્ડોનેશિયા સંયુક્ત રીતે મલક્કા સ્ટ્રેટના મુખ પર એક નસ્રચોકપોઇન્ટસ્રસ્ર વિકસાવી રહ્યા છે, જે ભારતને તેમાંથી પસાર થતા દરેક ચીની જહાજ અને સબમરીન પર સીધી નજર રાખવાની મંજૂરી આપશે.

# પાકિસ્તાનનો આતંકવાદ પ્રત્યેનો પ્રેમ

## પીપીપી કરી રહી છે બુરહાન વાનીની પ્રશંસા

નવીદિલ્હી, તા. ૮

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (ઙજ્ઞઊં) માં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અને વધી રહેલા જાહેર અસંતોષ વચ્ચે, પાકિસ્તાન સરકાર અને શાસક પાકિસ્તાન પીપલ્સ પાર્ટી ફરી એકવાર આતંકવાદીઓનું ગૌરવ વધારવા બદલ સમાચારમાં છે. મંગળવારે કરાચીમાં માર્યા ગયેલા હિઝબુલ મુજાહિદ્દીન કમાન્ડર બુરહાન વાનીની પુણ્યતિથિ નિમિત્તે એક જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં મોટી સંખ્યામાં લોકોને હાજરી આપવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, આ કાર્યક્રમ સાંજે ૪:૩૦ વાગ્યે કરાચીમાં આર્ટ્સ કાઉન્સિલ ખાતે યોજાશે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટી દ્વારા બહાર પાડવામાં આવેલા પોસ્ટરોમાં લોકોને બુરહાન વાનીને શ્રદ્ધાંજલિ આપવા માટે મોટી સંખ્યામાં આવવા વિનંતી કરવામાં આવી છે. આ કાર્યક્રમ પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના સહયોગથી આયોજિત કરવામાં આવી રહ્યો છે અને ફરી એકવાર ભારત વિરોધી



અને બુરહાન વાની તરફેણમાં વાર્તાને આગળ વધારવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના જિલ્લા પ્રમુખ લિયાકત અલીએ જણાવ્યું હતું કે બુરહાન વાનીની પુણ્યતિથિ નિમિત્તે દર વર્ષે ૮ જુલાઈએ એક રેલીનું આયોજન કરવામાં આવે છે, અને આ વર્ષે પણ કરાચીમાં એક રેલીનું આયોજન કરવામાં આવશે. આ રેલી ઓલ જમ્મુ એન્ડ કાશ્મીર હુર્રિયત કોન્ફરન્સ દ્વારા બોલાવવામાં આવી હતી. તેમણે પાર્ટીના કાર્યકરોને મોટી સંખ્યામાં હાજર રહેવા અપીલ કરી અને કહ્યું કે રેલીમાં પાકિસ્તાન અને કાશ્મીરના ધ્વજ પણ લહેરાશે.દરમિયાન, જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ પોલીસ મહાનિર્દેશક એસ.પી. વૈદે પીઓકેમાં જોઈન્ટ આવામી એક્શન કમિટી (ઉંઅઅઈ) દ્વારા પાકિસ્તાન આર્મી ચીફને લખાયેલા પત્રનો જવાબ આપ્યો. તેમણે કહ્યું કે ઉંઅઅઈ એ તેના પત્રમાં સત્ય લખ્યું છે. તેમના મતે, સોશિયલ મીડિયા પર શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ સામે બળનો ઉપયોગ કરતા ઘણા વીડિયો સામે આવ્યા છે.એસ.પી. વૈદે આરોપ લગાવ્યો કે પાકિસ્તાન સેના વાતચીતમાં રસ ધરાવતી નથી પરંતુ બળજબરીથી પીઓકેના લોકોના અવાજને દબાવવા માંગે છે. પાકિસ્તાન આર્મી ચીફ અસીમ મુનીરને ખ્યાલ છે કે જેમ બલુચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વામાં અસંતોષ વધી રહ્યો છે, તેમ પીઓકેમાં વિરોધ પણ તીવ્ર બની રહ્યો છે. પીઓકેના લોકોએ કહેવાતા નસ્રઆઝાદ કાશ્મીરસ્રસ્ર દાવાની વાસ્તવિકતા વિશ્વ સમક્ષ ઉજાગર કરી છે, અને આઝાદ કાશ્મીર હકીકતમાં ભારતનું જમ્મુ અને કાશ્મીર છે.પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર કાશ્મીર મુદ્દાને ઉઠાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (ઙજ્ઞઊં) માં આતંકવાદ સાથે જોડાયેલા વ્યક્તિઓને જાહેરમાં મહિમા આપવા અને અસંમતિ પર કડક કાર્યવાહી કરવા બદલ તેની તપાસ વધી રહી છે. આ સમયે, કરાચીમાં આ ઘટના અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (ઙજ્ઞઊં) માં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો પાકિસ્તાનની બેવડી નીતિઓ વિશે નવી ચર્ચા શરૂ કરી શકે છે. પાકિસ્તાન કરાચીમાં હિઝબુલ મુજાહિદ્દીન કમાન્ડર બુરહાન વાનીની મૃત્યુદંડની ઉજવણી કરી રહ્યું છે, જેમાં પાકિસ્તાન પીપલ્સ પાર્ટી સક્રિય રીતે સામેલ છે. આ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (ઙજ્ઞઊં) માં પાકિસ્તાન સરકાર વિરુદ્ધ વ્યાપક વિરોધ પ્રદર્શનો વચ્ચે આવ્યું છે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### ગાજે બારે મેઘ બલવંતા! નરસિંહ આ રચનામાં કોને ગોવર્ધન પર્વત કહે છે?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગિર સોમનાથ બાદ હવે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, અને સૌરાષ્ટ્રમાં ખાસ કરીને ભાવનગર અને એની આસપાસમાં વરસાદ પડયો! સૂરતમાં અતિભારે વરસાદ પડયો અને કમર સુધીના પાણી ભરાઈ ગયાં, અને જનજીવન ખોરવાઈ ગયું, શાળાઓમાં રજા જાહેર કરાઈ! મહારાષ્ટ્રમાં પણ ભારે વરસાદ થયો. આપણે ત્યાં આવાં વરસાદને બારે મેઘ ખાંગા થયા! એવું કહેવાય છે. કુદરતી હોય કે કુત્રિમ! માનવીને સંકટનાં સમયે સૌથી પહેલાં ઈશ્વર યાદ આવે છે, અને આ આજકાલનું નથી યગોયુગોથી સંકટ સમયની સાંકળ તરીકે જ ઈશ્વરને યાદ કરવામાં આવે છે. વાદળોનો ગડગડાટ સાથે વિજળીનાં ચમકારા વાળા મેઘ તાંડવનો નજારો ભલભલાને ડરાવી મૂકે. ટૂંકમાં માનવીની આવી પડેલી પરિસ્થિતિમાં ગભરાઈ જવાની પ્રકૃતિ ખરી, કારણકે ઈશ્વર પ્રત્યેનો ભરોસો થોડો ઓછો! અથવા તો કર્મની યોગ્યતા પર સંદેહ! જન્મની સાથે જ આપણને મળેલું એક શાશ્વત સત્ય કે,સ્રસ્ર જન્મ છે એનું મૃત્યુ છેસ્રસ્ર! પણ છતાંય મૃત્યુનાં એંધાણ વર્તાય એટલે ભયભીત થઈ જવું. ભગવાન શ્રીકૃષ્ણનાં સમયમાં પણ ઈન્દ્ર એ ગોકુળવાસી ઓને પરેશાન કરવા બારે મેઘ ખાંગા કર્યા હતાં, અને આ કથાથી આપણે પરિચિત છીએ કે શ્રીકૃષ્ણએ સાત દિવસ સુધી ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ઉપાડી, ગોકુળ વાસીઓની રક્ષા કરી હતી, અને આ ભાવને નરસિંહે પોતાની રચનામાં વર્ણવ્યો છે, તો ઋતુ અનુરૂપ એનું ચિંતન કરીશું.

**નરસિંહ મહેતા**

**ગાજે મેઘ બારે બલવંતા,
વચ્ચે વચ્ચે વીજ કરે ઝમકાર;
હરિએ હેલાં ગોવર્ધન ધરીઓ,
સાત દિવસ તે છત્રાકાર.(૧)

ભારે વરસાદી વાદળો ગર્જના કરે છે, અને વીજળી ચમકે છે. એવા ભયંકર સમયે શ્રીકૃષ્ણે સહેલાઈથી ગોવર્ધન પર્વત ઊંચકી લીધો અને સાત દિવસ સુધી તેને છત્રીની જેમ ધારણ કરીને સૌનું રક્ષણ કર્યું.

**કે ઈન્દ્ર આહેરાં ઉપર ખીજ્યો,
મહે છવ માટે મઘવા મન;
ગાય-ગોપ-ગોવાળાને રેલે,
વેગે વરસવા મોકલ્યા ઘન.(૨)

ઈન્દ્રને ગુસ્સો આવ્યો કે લોકોએ તેનો યજ્ઞ છોડીને, ગોવર્ધનની પૂજા કરી, તેથી તેણે પ્રચંડ વરસાદ વરસાવવા માટે વાદળોને આદેશ આપ્યો, જેથી ગાયો, ગોપો અને ગોવાળાઓને ભારે દુઃખ પડે.

**મુસલધાર વરસે જલ ઉપર,
ધરતી માટે પડે ધડઘડી;
ત્રુટી ટૂંક પડે પર્વતનાં,
વહે વૃક્ષ સમૂલાં જડી.(૩)

મુશળધાર વરસાદ વરસે છે. ધરતી ધ્રૂજી ઊઠે છે. પર્વતોના ટુકડા તૂટી પડે છે અને મોટા મોટા વૃક્ષો મૂળ સહિત વહેવા લાગે છે.

**ધજે ધરણ, કાયર નર કંપે,
દશ દિશ દીસે ઘોર અંધાર;
હરિએ હેલાં ગોવર્ધન ધરીએ,
ગોકુલ વરતે જયજયકાર. (૪)

આખી ધરતી ધ્રૂજી રહી છે, ડરપોક લોકો ભયથી કંપી રહ્યા છે અને ચારે તરફ ઘોર અંધકાર છવાઈ ગયો છે. પરંતુ શ્રીકૃષ્ણે ગોવર્ધન ઊંચકતા જ ગોકુળમાં આનંદ અને જયજયકાર થઈ જાય છે.

**પાણી પાણી દીસે પ્રથવી,
જલ જમુના થલ એક ભર્યા;
ધન રે કૃષ્ણ લીલા અવતારી,
ઈન્દ્રાદિકનાં મન રે હર્યા. (૫)

આખી પૃથ્વી પાણીથી ભરાઈ ગઈ છે. જમીન અને યમુના નદીનું પાણી એકસરખું દેખાય છે. શ્રીકૃષ્ણની આ અદ્ભુત લીલાથી ઈન્દ્ર સહિત બધા દેવતાઓ આશ્ચર્યચકિત થઈ જાય છે, અને તેમની મહિમા સ્વીકારે છે.

નરસિંહનાં આ પદમાં ભયંકર વરસાદ, ગાજવીજ અને વાવાઝોડાનું વર્ણન છે! રચના ના શબ્દો અન્ય રચના જેમ જ અત્યંત પ્રભાવકારી છે !: અને આપણને એમ લાગે છે કે એને પ્રકૃતિ પ્રત્યે પણ પ્રેમ ભરપૂર છે. જ્યારે ગોકુળ વાસીઓએ ભગવાન શ્રીકૃષ્ણ ના કહેવાથી ઈન્દ્રનાં યજ્ઞ બદલે ગોવર્ધન પર્વત ની પૂજા કરી, અને ઈન્દ્રનાં કહેવાથી પ્રચંડ મેઘ વરસે છે, ત્યારે ગોકુળનાં લોકો ભયભીત થઈ જાય છે. શ્રીકૃષ્ણ ગોવર્ધન પર્વત ઊંચકી સૌ ગોપ-ગોપીઓ, ગાયો અને સમગ્ર વ્રજને વરસાદના પ્રકોપથી બચાવે છે. પરંતુ અહીં સ્થૂળ કરતાં સુક્ષ્મ અને કારણ શરીરનો અર્થ એક ભક્તની ભક્તિ અને તેના ભરોસાને દ્રઢ કરનાર છે, એવું સૂચવે છે. આ રચના મુખ્ય સાર એ છે કે, સંકટ બહારનાં હોય કે અંદરનાં પણ ભગવાન પોતાના ભક્તોનું સદા રક્ષણ કરે છે. નરસિંહ અહીં મેઘ ને જીવનના દુઃખો, સંકટો, મોહ, ક્રોધ, લોભ અને અહંકાર સાથે સરખાવે છે, અને આ રીતનો મેઘ તો બારેમાસ પરેશાન કરે છે, અને એ પણ આપણી જ નબળાઈને કારણે! આ રચનામાં તો બારે મેઘ ખાંગા થવા માટે ઈન્દ્રનો અહમ મુખ્ય છે, પણ સુક્ષ્મ ચિંતન કરીએ તો આપણાં જીવનમાં તો આપણા અહમને કારણે જ દુઃખોનો વરસાદ છે. ગોકુળ શબ્દને આપણા મન અને જીવનનું પ્રતીક બનાવી પ્રયોજ્યો છે. ગોકુળનાં વર્ણન બતાવે છે કે, એ હરિયાળુ છે, અને જીવન જરૂરિયાતના લગભગ બધાં સુખ ત્યાં દેખાય છે, કારણ કે ત્યાં ઈશ્વરની હાજરી છે. નરસિંહ સૂચવે છે કે આપણે સુખમાં જો ઈશ્વરને સાક્ષી રાખીએ તો જ આપણું જીવન ગોકુળ જેવુ હરિયાળું બને. ગોવર્ધન પર્વત એટલે ધર્મનું યોગ્ય અનુસરણ કરવાથી ઈશ્વરીય કૃપાથી પ્રાપ્ત થતાં આધ્યાત્મિક આશ્રયનું પ્રતીક છે. શ્રીકૃષ્ણ પરમાત્મા અથવા સદ્ગુરુનું સ્વરૂપ છે, અને

ગોપ ગોપીઓ ભક્તો અથવા સામાન્ય જીવોનું પ્રતીક છે. આ રચના દ્વારા નરસિંહ એવું કહે છે કે, જ્યારે જીવનમાં દુઃખો અને સંકટોનો વરસાદ વરસે, ત્યારે પરમાત્માનો આશ્રય લેનાર વ્યક્તિ આંતરિક શાંતિ અને રક્ષણ અનુભવે છે. ભક્તિ, શ્રદ્ધા અને સમર્પણ માણસને જીવનનાં તોફાનોમાંથી પાર ઉતારે છે.

અહીં સાત દિવસનો ઉલ્લેખ છે, સમય અવધિ એ સાધક જ્યારે પૂર્ણ શરણાગત થાય ત્યારે જ એનાં હૃદયાકાશમાં બારે મેઘ ખાંગા થાય છે, અને બ્રહ્મ જ્ઞાન રુપી વીજ એટલે કે પ્રકાશનો ઝબકારો થાય છે. કુંડલિની જાગરણનાં અંતિમ ચક્ર સહસ્ત્રાર પર જ્યારે શક્તિપાત થાય ત્યારે સાધકની આતંરિક ઉર્જા પર પરમ તત્વની ઉર્જા આમ બારે મેઘ જેમ વરસે છે, અને ચિત્તમાં વીજળી જેવી દિવ્ય અનુભૂતિ ઝીલાય છે. ઈન્દ્ર એટલે હું કરું નો અહંકાર જ આપણને શ્રીકૃષ્ણથી એટલે કે પરમ તત્વથી દૂર રાખે છે, ઈશ્વર શરણ જ તમામ ભયને દૂર કરનારું છે. ગોપ ગોવાળની રક્ષા માટે શ્રીકૃષ્ણ ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ઉપાડે છે, એટલે કે ભક્તોનાં દુઃખ દૂર કરવા માટે માત્ર ઈશ્વરની ટચલી આંગળી કાફી છે! પણ ભરોસો દ્રઢ હોવો જોઈએ. ઈશ્વરની કૃપા રુપે બારે મેઘ ખાંગા થાય ત્યારે નસ્રવહે વૃક્ષ સમૂલા જડીસ્રસ્ર, ત્યારે આપણી સુખ વિષેની લીલીછમ માન્યતાઓ સમૂગળી નાશ પામે છે. સંકટ સમયના સાધકની મનોસ્થિતિ વર્ણવતાં કહે છે કે, મૃત્યુના ભયથી કાંપે છે, પણ ઈશ્વર જયારે પોતાની નિશ્રામાં લઈલે ત્યારે ભય નાશ પામે છે, અને જીવન ગોકુળ જેવુ હર્યું ભર્યું થઈ જાય છે. અંતિમ કડીમાં કહે છે કે નસ્રપાણી પાણી દિસે પ્રથવીસ્રસ્ર પ્રભુ પ્રત્યેના અહોભાવથી કે ભક્તિ ભાવને કારણે પ્રથવી એટલે કે પોતાનું અસ્તિત્વ પાણી પાણી થઈ ગયું છે, અતૃપ્તિનો ભાવ દૂર થાય, અને ઈન્દ્ર રુપી અહંકાર પણ હવે શાંત થતાં, કૃષ્ણની લીલા નું વર્ણન સાંભળીને ભાવ વિશ્વમાં હવે આનંદ આનંદ છવાઈ ગયો છે. આપણાં સૌના ભાવ વિશ્વમાં પણ ઈશ્વર કૃપા રુપે બારે મેઘ ખાંગા થાય અને એવી શ્રીકૃષ્ણની લીલાની અનુભૂતિ આપણે સૌ કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

ગુજરાતમાં ગુનાહિત પ્રવૃતિઓ આચરતા

# ગુનેગારો ઉપર SMCની બાજનજર

## ૪૧ દિવસ, દારૂના ૩૬ દરોડા, ૧૬ કરોડના મુદામાલ સાથે ૪૨ પકડાયા : ૧૮૧ શખ્સોની શોધખોળ: રાજ્યમાં દારૂ, જુગાર, ઓઈલ ચોરી, એમ્બરગ્રિસના ૫૬ દરોડામાં ૧૩૧ની ધરપકડ : ૨૭૨ વોન્ટેડ

### ક્યાં જિલ્લામાં કેટલા દારૂ સાથે કેટલા આરોપી પકડાયા

બનાસકાંઠા : ૩૫૭૬ બોટલ : ૧ આરોપી : ૪ વોન્ટેડ : કુલ ૨૨,૩૮,૧૨૮
મહેસાણા : ૨૯૦૪ બોટલ : ૨ આરોપી : ૩ વોન્ટેડ : કુલ ૮,૨૧,૦૧૬
બનાસકાંઠા ; ૪૦૩૨ બોટલ : ૧ આરોપી : ૮ વોન્ટેડ : કુલ ૨૭,૩૬,૫૩૮
તાપી : ૩૯૦૦ બોટલ : ૨ આરોપી : ૬ વોન્ટેડ : કુલ ૨૪,૧૮,૬૮૨
બનાસકાંઠા : ૩૭૦૭ બોટલ : ૫ વોન્ટેડ : કુલ ૨૦,૫૭,૯૦૯
વડોદરા : ૨૮,૭૦૪ બોટલ : ૧ આરોપી : ૪ વોન્ટેડ : કુલ ૮૯,૮૭,૦૨૪
અરવલ્લી : ૪૫૬૮ બોટલ : ૭ વોન્ટેડ : કુલ ૩૨,૫૧,૯૬૫
ગાંધીનગર : ૯૧૬ બોટલ : ૨ આરોપી : ૨ વોન્ટેડ : કુલ ૧૦,૨૨,૬૦૮
રાજકોટ શહેર : ૫૨૮૦ બોટલ : ૪ વોન્ટેડ : ૯૭,૧૬,૦૬૦
ખેડા : ૨૫૦૮ બોટલ : ૨ આરોપી : ૪ વોન્ટેડ : ૧૩,૨૮,૫૫૬
રાજકોટ રૂરલ : ૪૧,૫૮૦ બોટલ : ૧ આરોપી : ૪ વોન્ટેડ : ૧,૮૧,૫૯,૦૦૦
અમદાવાદ રૂરલ : ૪૯,૨૨૪ બોટલ : ૧ આરોપી : ૩ વોન્ટેડ : ૧,૭૪,૨૭,૫૧૨
અરવલ્લી : ૨૮૨૯ બોટલ : ૪ વોન્ટેડ : ૧૦,૮૮,૨૦૮
વલસાડ રેલવે : ૧૩૦૭ બોટલ : ૨ આરોપી : ૪ વોન્ટેડ : કુલ ૩,૬૦,૮૪૫
મહેસાણા : ૨૨,૭૭૩ બોટલ : ૧ આરોપી : ૩ વોન્ટેડ ; ૧,૨૬,૦૧,૩૮૯
ખેડા : ૧૦૩૩ બોટલ : ૧ આરોપી : ૪ વોન્ટેડ : ૫,૧૭,૬૪૪
વડોદરા સીટી : ૧૦,૭૯૭, બોટલ : ૧ આરોપી : ૪ વોન્ટેડ : ૩૫,૪૪,૨૪૦
બનાસકાંઠા : ૬૩૫૯ બોટલ : ૧ આરોપી : ૧૧ વોન્ટેડ : ૫૦,૬૮,૧૨૧
ગાંધીનગર : ૨૩૪૯ બોટલ : ૪ વોન્ટેડ : કુલ ૧૬,૭૨,૭૮૦
મોરબી : ૨૮,૯૧૨ બોટલ : ૧ આરોપી : ૨ વોન્ટેડ : ૮૦,૮૬,૦૯૮
રાજકોટ સીટી : ૨૬,૩૦૪ બોટલ : ૧ આરોપી : ૬ વોન્ટેડ : કુલ ૧,૦૦,૮૮,૩૩૬
બોટાદ : ૧૨,૭૬૮ બોટલ : ૬ વોન્ટેડ : ૫૫,૯૭,૦૭૨
ખેડા : ૨૧૬૦ બોટલ : ૨ આરોપી : ૬ વોન્ટેડ : કુલ ૧૧,૩૧,૮૭૦
ગાંધીનગર : ૨૨૬૦ બોટલ : ૧ આરોપી : ૬ વોન્ટેડ : કુલ ૨૦,૩૩,૧૧૯
સુરત રૂરલ : ૫૯૨૮ બોટલ : ૩ આરોપી : ૧૭ વોન્ટેડ : ફુલ ૫,૩૮,૧૬૦
વલસાડ : ૨૦,૪૨૩ બોટલ : ૧ આરોપી : ૭ વોન્ટેડ : કુલૅ ૫૯,૯૮,૮૭૬
ગાંધીનગર : ૫૧૫૩ બોટલ : ૪ આરોપી : ૩ વોન્ટેડ : ૨૩,૭૬,૪૩૫
સુરેન્દ્રનગર : ૨૧૫૭૪ બોટલ : ૧ આરોપી : ૩ વોન્ટેડ : ૯૩,૨૬,૫૦૦
ખેડા : ૨૪૨૪ બોટલ : ૨ આરોપી : ૮ વોન્ટેડ : ૨૯,૨૭,૨૬૦
ગાંધીનગર : ૩૧૨૭ બોટલ : ૨ આરોપી : ૪ વોન્ટેડ : કુલ ૨૫,૨૬,૭૧૫
વડોદરા : ૩૮૮૧ બોટલ : ૧ આરોપી : ૨ વોન્ટેડ : કુલ ૪,૦૫,૮૦૯
સુરત : ૨૩૪૧ બોટલ : ૩ આરોપી : ૪ વોન્ટેડ : કુલ ૧૮,૩૨,૬૦૪
આણંદ : ૭૮૩૩ બોટલ : ૧ આરોપી : ૩ વોન્ટેડ : કુલ ૧૪,૮૮,૨૩૯
ખેડા : ૫૯૪૦ બોટલ : ૪ વોન્ટેડ : કુલ ૫૬,૪૮,૩૯૬
બનાસકાંઠા : ૨૭૫૮ બોટલ : ૭ વોન્ટેડ : કુલ ૨૮,૪૧,૪૭૮
બનાસકાંઠા : ૩૬૩૧ બોટલ : ૫ વોન્ટેડ : કુલ ૩૪,૧૩,૩૪૭
કુલ ૪૨ આરોપીઓ પકડાયા : ૧૮૧ વોન્ટેડ : કુલ ૧૬,૧૨,૭૮,૫૩૯

રાજકોટ તા. ૮

રાજ્યભરમાં દારૂ, ડ્રગ, જુગાર, ખનીજ ચોરી, દેશી દારૂ, કેમિકલ ચોરી સહિતના તમામ ગેરકાયદે ધંધા ઉપર ધોંસ બોલાવવાની સૂચના અન્વયે ગુજરાત આખામાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટિમ સતત એક્ટિવ રહીને ગુનેગારો ઉપર તરાપ મારી રહી છે ખાસ કરીને ગુજરાત બોર્ડરના રાજસ્થાન, એમપી, મહારાષ્ટ્ર સહિતના પરપ્રાંતોમાંથી દારૂ ઘુસાડતાં બુટલેગરો સ્ટેટ મોનીટરીંગ સેલના વિશેષ નિશાન ઉપર હોય તેમ દારૂના સપ્લાયરો ઉપર બાજનજર રાખવામાં આવી રહી છે એસએમસીની ટીમે છેલ્લા ૪૧ દિવસમાં એટલે કે ૨૬ મેથી ૭ જુલાઈ સુધીમાં રાજ્યના વિવિધ શહેર-જિલ્લામાં દારૂના ૩૬ દરોડા પાડી પ્રોહિબિશનના ૩૬ કેસો નોંધી ૪૨ આરોપીઓની ધરપકડ કરી દારૂ, વાહન, મોબાઈલ, રોકડ સહીત અધધ ૧૬ કરોડ ૧૨ લાખ ૭૮ હજાર ૫૩૯ રૂપિયાનો મુદામાલ કબ્જે કર્યો છે જયારે ૧૮૧ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે દારૂ ઉપરાંત ડ્રગની હેરાફેરી, કેમિકલ ચોરી, દેશી દારૂ, જુગારધામનું દુષણ ડામવા પણ એસએમસીએ ૧૬ દરોડામાં ૧૨૦ આરોપીની ૮૩,૭૪,૭૦૦ના મુદામાલ સાથે ધરપકડ કરવામાં આવી છે ઉપરોક્ત જુગારના ૮ ગુનામાં ૫૪ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

### પિસ્ટલ, કેમિકલ ચોરી, ઈ સિગરેટ અને દેશી દારૂ પણ પકડ્યો

કચ્છ ભુજ : ૨ પિસ્ટલ, ૧૪ કાર્ટીસ : ૨ આરોપી : ૧ વોન્ટેડ : કુલ ૩,૦૭,૮૦૦
અમદાવાદ રૂરલ : ઈ સિગરેટ : ૧ આરોપી : ૨ વોન્ટેડ : કુલ ૧,૮૯,૫૪૦
સુરેન્દ્રનગર : કેમિકલ ચોરી : ૨ આરોપી : ૩ વોન્ટેડ : કુલ ૪૫,૯૮,૬૩૪
મહેસાણા : ૧૮૨૫ લીટર દારૂ : ૨ આરોપી : ૫ વોન્ટેડ ; કુલ ૯,૨૧,૫૦૦
સુરત : ૨૯૪૪ લીટર દેશી દારૂ : ૪ આરોપી : ૮ વોન્ટેડ : કુલ ૧૩,૩૭,૧૩૧
કચ્છ : ઓઇલ ચોરી : ૧૧ આરોપી : ૫ વોન્ટેડ : કુલ ૪,૩૪,૫૨,૬૩૫
અમરેલી : ૨૦૮૫ લીટર દેશી દારૂ : ૧ આરોપી : ૫ વોન્ટેડ : ૮,૭૦,૦૫૦
અમદાવાદ : એમ્બરગ્રિસ : ૧ આરોપી : ૨ વોન્ટેડ : ૧,૦૧,૦૧,૮૨૦

### જુગારના ૮ દરોડામાં ૯૬ આરોપીની ૮૩,૭૪,૭૦૦ના મુદામાલ સાથે ધરપકડ

ખેડા : જુગાર : ૧૪ આરોપી : ૬ વોન્ટેડ : કુલ ૬,૪૬,૭૦૦
અમદાવાદ રૂરલ : જુગાર ૮ આરોપી : ૯ વોન્ટેડ : કુલ ૬,૦૨,૦૫૦
સુરત સીટી : જુગાર : ૮ આરોપી : ૧ વોન્ટેડ : કુલ ૧,૨૮,૫૭૦
સુરત સીટી : જુગાર : ૧૦ આરોપી :૧૨ વોન્ટેડ : કુલ ૩,૫૯,૩૩૦
ખેડા : જુગાર : ૧૮ આરોપી : ૪ વોન્ટેડ : કુલ ૬,૫૪,૩૫૦
અમદાવાદ સીટી : જુગાર : ૧૦ આરોપી : ૧૬ વોન્ટેડ : કુલ ૧૧,૯૪,૪૧૦
સુરત સીટી : ૨૧ આરોપી : ૨ વોન્ટેડ : કુલ ૨,૬૨,૨૧૦
કચ્છ : ૭ આરોપી : ૧૦ વોન્ટેડ : કુલ ૪૫,૨૭,૦૮૦

# પગનો દુઃખાવો સહન ન થતાં આધેડનો આપઘાત

### કોઠારીયા રોડ રામેશ્વર ગોલ્ડ સોસાયટીમાં બનાવ

રાજકોટ તા. ૮

આત્મહત્યાના વધુ એક બનાવથી એક પરિવારે મોભી ગુમાવી દીધા હતાં. કોઠારીયા રોડ પર આવેલી સોસાયટીમાં એક આધેડે પગના દુઃખાવાથી કંટાળી ગળાફાંસો ખાઇ લીધો હતો.

જાણવા મળ્યા મુજબ કોઠારીયા રોડ નાયરા પેટ્રોલ પંપ સામે હનુમાનજીના મંદિર પાછળ આવેલી રામેશ્વર ગોલ્ડ સોસાયટી-૨માં રહેતાં રજનીકાંતભાઇ જયંતિભાઇ વાઘેલા નામના પિસ્તાલીસ વર્ષના આધેડે ઘરે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધાની જાણ ૧૦૮ના ઇએમટી હીનાબેન રાઠોડ મારફત થતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. અજયસિંહ એચ. ગોહિલ સહિતે ત્યાં પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.

આપઘાત કરનારે પગના દુઃખાવા, બિમારીથી કંટાળી આ પગલુ ભર્યાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. તેઓ દરજી કામ કરતાં હતાં અને ત્રણ ભાઇમાં બીજા હતાં. સંતાનમાં એક દિકરી છે. બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

દૂકાન અંદર સિગારેટ ફૂંકવાની ના કહેતાં નાસ્તો કરવા આવેલા અજાણ્યા શખસોએ મચાવી ધમાલ

# દૂકાનદાર-મિત્રને પથ્થર-ગ્લાસથી કર્યા લોહીલુહાણ

## લોધાવાડ ચોકની લાઇવ પફની દૂકાનમાં બનાવ: બટાઝટી બોલાવી ભાગી ગયેલા ચારેયની શોધખોળ

### બામણબોરમાં વાહન ધીમુ હંકારવા મામલે બોલાચાલી બાદ યુવાન અતે તેના કાકા પર છ જણાનો હુમલો: પગની આંગળીમાં ફ્રેકચર

રાજકોટ તા. ૮

શહેરમાં ગુંડાગીરી-લુખ્ખાગીરીની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. દરમિયાન લોધાવાડ ચોકમાં આવેલી નાસ્તાની દૂકાને નાસ્તો કરવા આવેલા ચાર શખ્સો પૈકી બે જણાને દૂકાનમાં સિગારેટ ફૂંકવી હોઇ દુકાનદાર અને સાથે કામ કરતાં મિત્રએ દૂકાનમાં સિગાર પીવાની ના પાડતાં આ ચારેયએ ઉશ્કેરાઇ જઇ પહેલા તો ઝાપટો મારી હતી બાદમાં બહારથી પથ્થર લાવી હુમલો કર્યો હતો અને ગ્લાસથી પણ ઘા ફટકારી બંનેને લોહીલુહાણ કરી નાંખ્યા હતાં. માણસો ભેગા થઇ જતાં આ ચારેય ટુવ્હીલર પર ભાગી ગયા હતાં. પોલીસે તેને શોધી કાઢવા તજવીજ હાથ ધરી હતી.વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે ગોંડલ રોડ પીડીએમ પાછળ રામનગર-૧માં ક્રિષ્ના મકાનમાં રહેતાં ત્રીસ વર્ષના કરણ હરિશભાઇ ઉનડકટની ફરિયાદ પરથી ચાર અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. કરણ પરિવાર સાથે રહે છે અને તેના મિત્ર ગૌરવ પ્રકાશભાઇ રૂપારેલીયાની લોધાવાડ ચોક ખાતે હરિયોગી લાઇવ પફ નામની નાસ્તાની દુકાનમાં કામ કરી ગુજરાન ચલાવે છે. કરણે ફરિયાદમાં જણાવ્યું છે કે સાતમીએ વહેલી સવારે આશરે સાડા ત્રણેક વાગ્યે પોતે અને તેનો મિત્ર ગૌરવ દુકાને હાજર હતા. આ સમયે સિલ્વર કલરના એક્સેસ મોટરસાયકલ પર ચાર અજાણ્યા શખ્સો નાસ્તો કરવા આવ્યા હતા. તેઓએ બે મેગી, ત્રણ પફ અને ત્રણ કોલ્ડ્રિંક્સનો ઓર્ડર આપ્યો હતો. ઓર્ડર મુજબનો નાસ્તો આપ્યા બાદ બે શખ્સોએ કાઉન્ટર પાસે આવીને સિગારેટ પીવા માટે માચીસ માંગી હતી. કરણએ દુકાનની અંદર સિગારેટ પીવાની ના પાડતા જ ચારેય શખ્સો ગાળો ભાંડી ઝગડો કરવા લાગ્યા હતા. આથી ગૌરવે વચ્ચે પડી ઝઘડો શાંત પાડવા પ્રયાસ કર્યો હતો. પરંતુ આ વખતે એક શખ્સે ઉશ્કેરાઇ કરણને ઝાપટ મારી લીધી હતી. બાદમાં ચારેય શખસોએ મળી કરણ અને ગૌરવને ઢીકપાટુનો મા માર્યો હતો. આ પછી એક શખ્સ દુકાનની બહારથી મોટો પથ્થર લાવ્યો હતો અને કરણના માથામાં ફટકારી દીધો હતો, જેથી તે લોહીલુહાણ થઈ ગયો હતો. જ્યારે બીજા એક શખ્સે પાણીના જગ પર રાખેલો સ્ટીલનો ગ્લાસ ઉપાડીને કરણ અને ગૌરવ બંનેના માથાના ભાગે ઘા ઝીંકી દીધા હતાં. હુમલા બાદ ચારેય અજાણ્યા શખ્સો પોતાના એક્સેસ પર બેસીને ત્યાંથી નાસી છૂટ્યા હતા. હુમલામાં કરણને માથામાં, જમણા હાથ અને ડાબા ગાલના ભાગે મૂંઢ ઈજા થઈ હતી. જ્યારે ગૌરવને માથામાં તેમજ પીઠ અને બંને પડખાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોકો ભેગા થઇ ગયા હોઇ કોઇએ જાણ કરતાં ૧૦૮ આવી જતાં સારવાર માટે ખસેડાયા હતાં. સારવાર બાદ હવે ફરિયાદ નોંધાવતાં એ-ડિવીઝન ઇન્સપેક્ટર જે. વી. વાઢીયાના માર્ગદર્શનમાં હેડકોન્સ. પી. જી. ઝાલાએ એફઆઇઆર દાખલ કરી હુમલો કરી ભાગી ગયેલા શખ્સોની શોધખોળ શરૂ કરી હતી.ડખ્ખાની અન્ય એક ઘટનામાં બામણબોર રહેતાં યુવાન અને તેના કાકા જીઆઇડીસીમાં ગ્રીન પ્લાય ફેક્ટરી ખાતે હતાં ત્યારે ત્યાં આવી છ શખ્સોએ સ્ટીલ, પ્લાસ્ટીકના પાઇપથી હુમલો કરી માર મારતાં યુવાનને પગની આંગળીમાં ફ્રેકચર થઇ ગયું હતું. આ બનાવમાં એરપોર્ટ પોલીસે બામણબોર રહેતાં અને મજુરી કરી ગુજરાન ચલાવતાં બાવીસ વર્ષના રણજીત ચોથાભાઇ સુસરની ફરિયાદ પરથી અનિલ રૂખડભાઇ, રોહિત ગોદાભાઇ ગમારા, વિરાજ ગમારા, રોહિત નારાયણભાઇ ગમારા, નિલેષ ગમારા અને અભય ટોળીયા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. રણજીતનો નાનો ભાઇ હાર્દિક ગ્રીન પ્લાય પાસે ટુવ્હીલર હંકારીને જતો હતો ત્યારે અનિલ ગમારાએ તેને ઉભો રાખી વાહન ધીમુ હંકારવાનું કહી માથાકુટ કરી હોઇ આ બાબતે રણજીતે ફોન કરી અનિલને સમજાવતાં તેણે ફોનમાં વધુ બોલાચાલી કરી હતી.આ પછી રણજીત અને તેના કાકા ગ્રીન પ્લાય ખાતે નોકરીમાં હતાં ત્યારે અનિલ ગમારાનો કૌટુંબીક ભાઇ રોહિત ગોદાભાઇ ગમારા ત્યાં આવ્યો હતો અને આગલા દિવસે ફોનમાં થયેલા ઝઘડા બાબતે વાત કરવા મને બોલાવ્યો હતો. પરંતુ અમે તેની પાસે ન જઇ ગ્રીન પ્લાય ફેક્ટરીમાં જતાં રહ્યા હતાં. પાછળ પાછળ રોહિત, વિરાજ, અભય પણ આવ્યા હતાં. રોહિતના હાથમાં પ્લાસ્ટીકનો ધોકો હોઇ તે મારી અને મારા કાકા સાથે ઝપાઝપી કરવા માંડ્યો હતો અને અમને પછાડી દીધા હતાં. એટલી વારમાં રોહિત નારાયણભાઇ, નિલેષ, અનિલ આવી ગયા હતાં. રોહિત અને નિલેષે સ્ટીલના પાઇપથી મને અને મારા કાકાને આડેધડ માર માર્યો હતો. વિરાજે પ્લાસ્ટીકનો પાઇપ ઉઠાવી માર માર્યો હતો અને ગાળો દીધી હતી. બીજા લોકો દેકારાને કારણે ભેગા થઇ જતાં આ બધા ભાગી ગયા હતાં. મને અને મારા કાકાને ઇજા થઇ હોઇ મારા પરિવારના લોકો કારમાં બેસાડી કુવાડવા સારવાર માટે લઇ ગયા હતાં. ત્યાંથી ગોકુળ હોસ્પિટલમાં લઇ જવાયા હતાં. અહિ સારવારમાં ખબર પડી હતી કે મારા ડાબા પગની આંગળીમાં ફ્રેકચર છે. મારા કાકાને આંખ ઉપર બે ટાંકા આવ્યા હતાં.

કામ પતાવી ગાંધીનગરથી કોડીનાર જવા નીકળ્યા પણ કુવાડવા પાસે કાળ ભેટી ગયો

# ટ્રકે કારને હડફેટે લેતા આરોગ્ય કર્મીનું મોત


## માળીયા હાટીના પંથકના અવાણીયા ગામના કર્મચારીનો જીવ ગયો: તેમના પુત્રનો ચમત્કારીક બચાવ: મિત્રને ઈજા: ગાંધીનગરથી આવતી વખતે બનાવ : બીજી ઘટનામાં થાનમાં પંદર વર્ષની બાળાએ ગળાફાંસો ખાઇ દુનિયા છોડી

રાજકોટ તા. ૮

રોજબરોજ સર્જાતા વાહન અકસ્માતના બનાવોમાં લોકોને ગંભીર ઇજાઓ પહોંચવાની સાથે સાથે ઘણા બનાવમાં મૃત્યુ પણ થાય છે. વધુ એક જીવલેણ અકસમાત રાજકોટ શહેરના કુવાડવા હાઇવે પર સર્જાયો હતો. જેમાં ટ્રક કાળ બની જતાં કારનો બૂકડો બોલી ગયો હતો. આ કારમાં બેઠેલા જુનાગઢના માળીયા હાટીના તાબેના ગામના આરોગ્ય કર્મચારીનું ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. જ્યારે તેમના પુત્રનો બચાવ થતો હતો અને મિત્રને ઇજા પહોંચી હતી. ગાંધીનગર ખાતે કામ પતાવી પરત ફરતી વખતે આ ઘટના બની હતી.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ-અમદાવાદ હાઇવે પર મોડી રાતે સચ્ચા સૌદા પંજાબી ઢાબા નજીક ટ્રકની ઠોકરે કારનો બૂકડો બોલી જતાં તેમાં બેઠેલા માળીયા હાટીના તાબેના અવાણીયા ગામે રહેતાં આરોગ્ય વિભાગના કર્મચારીનું ગંભીર ઇજાઓ થતાં મૃત્યુ થયું છે. જ્યારે કારચાલક તેમના દિકરાનો બચાવ થયો હતો. સાથે બેઠેલા આરોગ્ય કર્મચારીના કોડીનાર રહેતાં મિત્રને ઇજા થતા સારવાર માટે દાખલ કરાયા હતાં. કોડીનાર જીન પ્લોટમાં રહેતાં અને જુનાગઢ જીલ્લાના માળીયા હાટીના તાબેના અવાણીયા ગામે આરોગ્ય કેન્દ્રમાં મેલેરીયા વિભાગમાં ફરજ બજાવતાં ચોપન વર્ષના લલીતકુમાર બાલકદાસ ટીલાવત કામ માટે ગઇકાલે ગાંધીનગર કાર નંબર જીજે૬આરએ-૬૫૦૩ મારફત ગયા હતાં. તેમની સાથે દિકરા દેવાંગભાઇ લલીતકુમાર ટીલાવત અને જુનાગઢ ગાર્ડન હીલ પાસે રહેતાં મિત્ર પાંસઠ વર્ષના વિકાસભાઇ લાલશંકર જોષીપણ ગયા હતાં.

કામ પતાવી મોડી રાતે ત્રણેય ગાંધીનગરથી પરત કોડીનાર જવા નીકળ્યા હતાં. આ વખતે કાર દેવાંગભાઇ ચલાવી રહ્યા હતાં. રાત્રીના સાડા બારેક વાગ્યે કાર કુવાડવાથી રાજકોટ તરફ હાઇવે પર સચ્ચા સૌદા ઢાબા નજીક પહોચી ત્યારે ટ્રક આરજે૧૪ જીજે-૫૫૭૫ના ચાલકે







કારને ઠોકરે ચડાવતાં કારનો બૂકડો બોલી ગયો હતો. આ કારણે ગંભીર અકસ્માત સર્જાયો હતો. બનાવને પગલે લોકોના ટોળા એકઠા થઇ ગયા હતાં. કારચાલક દેવાંગભાઇનો ચમત્કારીક બચાવ થયો હતો. પરંતુ તેમના પિતા લલીતકુમાર ટીલાવત અને પિતાના મિત્ર વિકાસભાઇ જોષીએ ઇજાઓ થઇ હતી. દેવાંગભાઇએ બંનેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ અહિ તેમના પિતા લલીતકુમારનું ટુંકી સારવારબાદ મૃત્યુ થાં અરેરાટી વ્યાપી ગઇ હતી. લલીતકુમારને સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. તેઓ પાંચ ભાઇ અને બે બહેનમાં પાંચ્મા નંબરે હતાં. તેમના મિત્ર વિકાસભાઇ જોષી નિવૃત સરકારી કર્મચારી છે. આ બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને કરતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.અન્ય એક અપમૃત્યુની ઘટનામાં ચોટીલા નજીકના થાનગઢના રૂપાવટી ગામે રહેતી બે ભાઇની એકની એક બહેન એવી પંદર વર્ષની બાળાએ ગળાફાંસો ખાઇ લેતાં સારવાર માટે રાજકોટ ખસેડાઇ હતી. પરંતુ અહિ તેણીનું મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. રૂપાવટી ગામમાં રહેતી કોમલબેન સુરેશભાઇ વીંજવાડીયા નામની પંદર વર્ષની બાળાએ બીજી તારીખે રાતે સાડા નવેક વાગ્યે ઘરમાં છતના હુકમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં તેના મોટા બાપુ દિપકભાઇ જોઇ જતાં તુરત જ નીચે ઉતારી લીધી હતી. સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ આજે તેણીનું મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે થાન પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર કોમલબેન બે ભાઇથી મોટી હતી. તેના પિતા સાથે પોતે કારખાનામાં કામ કરવા જતી હતી. સગાના કહેવા મુજબ તેણીનો મગજ ગરમ હતો. અકળ કારણોસર તેણીએ આ પગલુ ભરી લીધું હતું. કારણ જાણવા થાન પોલીસે વિશેષ તપાસ યથાવત રાખી હતી.આપઘાતના પ્રયાસની એક ઘટનામાં મોરબીમાં લીલાપુર રોડ પર મહાદેવ કારખાના પાસે રહેતો ચોવીસ વર્ષનો રવિ ધીરૂભાઇ વાઘાણી નામનો યુવાન ઘરની પાછળના ભાગે આવેલી વાડીમાં જઇ પીપળાના ઝાડમાં ચુંદડી બાંધી લટકી જતાં પશુપાલક પશુ ચરાવતાં હોઇ તે જોઇ જતાં તે રવિને ઓળખતા હોઇ નજીકમાં જ તેના ઘરે જઇ જાણ કરતાં પરિવારજનો દોડી આવ્યા હતાં. બેભાન હાલતમાં તેને નીચે ઉતારી મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ તે સારવાર હેઠળછે. રવિ બે ભાઇ અને એક બહેનમાં નાનો છે અને નળીયાનું કામ કરે છે. તેને સંતાનમાં એક દિકરો છે. આ પગલુ શા માટે ભર્યુ તે અંગે પરિવારજનો જાણતાં નથી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં મોરબી એ-ડિવીઝન પોલીસે આ બનાવનું કારણ જાણવા તપાસ શરૂ કરી હતી.

સારો ઉપયોગ કરનારા અનેકાનેક છે, પણ ખોટો ઉપયોગ કરનારાય ઓછા તો નથી જ

# ઈન્સ્ટાની રીલ જોઈ શિક્ષીકાએ ગૂમાવ્યા સાડા બાર લાખ

## ગઠીયાએ યુકેમાં નોકરીની લાલચ આપી નાણા પડાવ્યાઃ પેમેન્ટ કોન્ટ્રાક્ટનો લેટર મોકલ્યો તેમાં એકાવન લાખ સાંઈઠ હજારનો પગાર દર્શાવાયો હતોઃ એકાઉન્ટ બેલેન્સ ઓછુ છે કહી વધુ નાણા માંગતા શંકા ઉપજીઃ તપાસ કરતાં લેટર ખોટો હોવાનું અને ફ્રોડ થયાનું ખુલ્યું

રાજકોટ તા. ૮

સોશિયલ મિડીયાની શરૂઆત થઇ ત્યારથી જ અનેક લોકો તેનો ખુબ સારો અને પોતાને તથા બીજાને ફાયદાકારક બને તેવો ઉપયોગ કરી રહ્યા છે. અલગ અલગ જાણકારીની રીલ્સ, સંદેશા, વિડીયો, ફોટા અપલોડ કરી લોકોને દેશ દુનિયાની અજાયબીઓથી માંડીને દરેક પ્રકારની માહિતી સોશિયલ મિડીયા પર આંગળીના ટેરવે મળી જાય છે. પરંતુ આ માધ્યમનો જેટલો સારો ઉપયોગ થઇ રહ્યો એના કરતાં પણ વધુ દુરૂપયોગ પણ થઇ રહ્યો છે. અનેક લેભાગુઓ આ માધ્યમનો ખોટો ઉપયોગ કરી લોકોને છેતરી રહ્યા છે. રોજબોરજ લાખો કરોડોના ફ્રોડ આવા માધ્યમ થકી થતાં રહે છે. લોકોને છેક સુધી ખબર પણ પડતી હોતી નથી કે પોતે ગઠીયાઓની જાળમાં આવી ગયા છે. આવી જ વધુ એક ઠગાઇ એક મહિલા સાથે થઇ છે. ઈન્સ્ટાગ્રામ પર રીલ જોઇ શિક્ષીકાની નોકરી મેળવવા જતાં આ મહિલાએ સાડા બાર લાખ ગુમાવી દીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો કરજણ તાલુકાના વલણ ગામની શિક્ષિકા નફિસાબેન યુકેમાં શિક્ષકની નોકરી મેળવવા જતા ઓનલાઈન ભેજાબાજોનો શિકાર બન્યા છે. ઈન્સ્ટાગ્રામ પરની જાહેરાત જોઈને તેમણે કુલ રૂપિયા બાર લાખ બાવન હજાર ગુમાવ્યા હતાં. ફાસ્ટટ્રેક ઈમિગ્રેશનના ઈરફાન મોહંમદ સામે આ મામલે ફરિયાદ દાખલ થઇ હતી. જેમાં યુકેમાં નોકરીના બહાને વિવિધ ચાર્જ પેટે પૈસા પડાવવામાં આવ્યા હતા. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. યુકેમાં શિક્ષકની નોકરી મેળવવા જતા કરજણ તાલુકાના વલણ ગામની શિક્ષિકા ઓનલાઇન ભેજાબાજોનો ભોગ બની હતી. ઈન્સ્ટાગ્રામ પર આવેલી જાહેરાતની રીલ જોઇને યુકેનું સપનું સાકાર કરવા જતા શિક્ષિકાએ લાખો ગુમાવ્યા હતાં.




વિશેષ માહિતી અનુસાર કરજણ તાલુકાના વલણ ગામમાં રહેતી શિક્ષિકા નફિસાબેને પોલીસમાં ફાસ્ટટ્રેક ઈમિગ્રેશન ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના ઈરફાન મોહંમદ સામે નોધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે હું સાંસરોદની સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરુ છું. હું ઈન્સ્ટાગ્રામ જોતી હતી ત્યારે ફાસ્ટ ટ્રેક ઈમિગ્રેશન પોસ્ટ આવી હતી જેમાં શિક્ષક સહિત વિવિધ પદો માટેની નોકરીની વિગતો હતી. મેં આ પોસ્ટ પર ક્લિક કરી મેસેજ કરી નોકરી માટે વધુ માહિતી માગતા મને યુકેનો એક નંબર આપ્યો અને તે નંબર પર મેસેજ કરવા જણાવ્યું હતું. આ નંબર પર મેં મેસેજ કરતા એક લિંક મળી હતી જેને ઓપન કરતા વિવિધ માહિતીઓનો ઉલ્લેખ હતો.

પ્રાથમિક માહિતી મેં તેમને માગ્યા મુજબ મોકલી હતી પરંતુ બાદમાં મારી પર્સનલ માહિતી માગતા મેં ના પાડી અને નામ પૂછતા મોહંમદ ઈરફાન જણાવ્યું હતું અને બાદમાં હાલમાં મારે કશુ કરવું નથી તેમ કહ્યું હતું. થોડા દિવસો બાદ યુકેમાં મારા સંબંધીઓને પૂછપરછ કરતા તેમણે ફાસ્ટ ટ્રેક ઈમિગ્રેશન યુકેમાં છે તેમ કહેતા મેં મારા ડોક્યૂમેન્ટ મોહંમદ ઈરફાનને મોકલ્યા હતાં. બાદમાં અરજન્ટ પ્રોસેસ માટે એક હજાર પાઉન્ડની માગણી કરી વડોદરાના અનશ કુરેશીના બેન્ક એકાઉન્ટની વિગતો આપી હતી.

આ વિગતો અંગે મેં શંકા વ્યકત કરતા તેમણે જણાવેલ કે જો તમે ઈન્ટરનેશનલ ટ્રાન્ઝેક્શન કરશો તો ચાર્જ થશે, મારી સલાહ છે કે તમે લોકલ ટ્રાન્ઝેક્શન કરો તેની રિસિપ્ટ પણ મળી જશે. બાદમાં મેં બેન્ક એકાઉન્ટમાં પૈસા જમા કરાવ્યા હતાં અને પછી યુકેની નોર્વિચની શાળા માટે ઈન્ટરવ્યૂ લીધા બાદ મને તેમાં શિક્ષિકા તરીકે નોકરી મળી ગઇ છે તેનો એમ્પ્લોયમેન્ટ પેમેન્ટ કોન્ટ્રાક્ટ લેટર મોકલ્યો હતો જેમાં વાર્ષિક કુલ એકાવન લાખ સાંઇઠ હજારની સેલરીનો ઉલ્લેખ હતો. મારી પાસે વિવિધ ચાર્જ પેટે કુલ રૂપિયા બાર લાખ બાવન હજાર ભરાવ્યા હતાં અને પછી મેઇલ આવ્યો કે તમારે ચાર હજાર પાઉન્ડ મોહંમદ ઈરફાનને આપશો તો જ વિઝા મળશે. આ મેઇલ બાદ હવે મારે શેના રૂપિયા આપવાના તેમ પૂછ્યુ તો તમારું બેન્ક બેલેન્સ પુરતું નથી તેવો જવાબ મળ્યો હતો. બાદમાં મને જાણ થઇ કે મારી સાથે ઠગાઇ થઇ છે તેમ લાગતા સાયબર હેલ્પલાઇનમાં ફરિયાદ કરી હતી. ઉપરોક્ત વિગતોની ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આમ વધુ એક વખત લેભાગુઓએ નોકરીના નામે મહિલા શિક્ષીકાના છેતરી લીધા હતાં. વિદેશમાં વિઝા અને નોકરી અપાવવાના નામે રોજબરોજ કોઇને કોઇ લોકો છેતરાઇ રહ્યા છે. જેમાં આ વધુ એક કિસ્સો ઉમેરાઇ ગયો છે. સોશિયલ મિડીયા પર આવતી તમામ રીલ્સ જાહેરાતો ખોટા જ હોય એવુ નથી, પરંતુ આ પ્રકારની લાલચ જગાવતી પોસ્ટ, રીલ્સ પર આંધળો વિશ્વાસ કરી નાણા ભરપાઇ કરતાં પહેલા સો વખત વિચાર કરવો જરૂરી છે. અન્યથા ક્યારે ગઠીયાની જાળમાં આવી જઇએ તેની ખબર પણ રહેતી નથી.

અહિ શિક્ષીકાને અધધધ અડધા કરોડથી વધુના પગારની લાલચ અપાઇ હતી. પરંતુ છેલ્લે તેના સાડા બાર લાખ રૂપિયા ખાઇ જવાયા હતાં. આ પ્રકારે ગઠીયાએ અનેકને શિકાર બનાવ્યા હોઇ શકે છે. પરંતુ આ વિગતો તે પકડાયા બાદ જ બહાર આવી શકે.

# મોસમ ધીમે ધીમે જામે છેઃ બે સ્થળે જૂગારધામ પર પોલીસ ત્રાટકીઃ ૧૧ પકડાયા

## પીસીબીનો નાના મવા રોડના ફ્લેટમાં, ડીસીબીનો બાલાજી હોલ પાછળ ઘરમાં દરોડો

રાજકોટ તા. ૮

ચોમાસુ ભલે રાજકોટમાં જામે કે ન જામે પણ જૂગારની મોસમ ધીમે ધીમે જામી રહી છે. વધુ બે સ્થળે શરૂ થયેલા જૂગારધામ પર પીસબી, ડીસીબીની ટીમોએ દરોડા પાડી અગીયાર પત્તાપ્રેમીઓને પકડી લીધા હતાં. નાના મવા રોડ, બાલાજી હોલ પાછળ ફ્લેટ, ઘરમાં આ દરોડો પાડવામાં આવ્યા હતાં.વિગતો જોઇએ તો પીસીબીના કોન્સ. યુવરાજસિંહ રાણા, હેડકોન્સ. વિજયભાઈ મેતા તથા કુલદિપસિંહ જાડેજા પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન મળેલી સંયુક્ત બાતમીના આધારે નાના મવા મેઇન રોડ ગાંધી સ્કૂલની સામે આવેલા આશ્રય બી એપાર્ટમેન્ટના ફ્લેટ નં. ૧૦૧ જમુના હેરીટેજ સોસાયટી ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો.

આ લેટમાં બહારથી માણસો બોલાવી, નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતા લેટ માલિક હરેશ કેશવજીભાઈ ભીમાણી તેમજ તેની સાથે જૂગાર રમી રહેલા સંદીપ અંબાવીભાઈ હીનશુ (રહે. ૩૦૧, ધ-નેસ્ટ અંબીકા ટાઉનશીપ, જીવરાજપાર્ક, રાજકોટ), ડેનીશકુમાર ચંદુભાઈ ડેડકીયા (રહે. શ્રીજી એકઝોટીકા એ-૬૦૪ સત્યજીત સોપાનની બાજુમાં, અંબીકા ટાઉનશીપ), જસ્મીનકુમાર હંસરાજભાઈ મણવર (રહે. ૪૦૧, સીધ્ધી ગોલ્ડ એપાર્ટમેન્ટ, મોદી સ્કૂલની બાજુમાં, જીવરાજ પાર્ક), હાર્દિક પ્રવીણભાઈ ગોરીયા (રહે. એ-૨૦૨, હીરવીલ્લા એપાર્ટમેન્ટ, સ્પીડવેલ પાર્ટી પ્લોટ મેઇન રોડ) અને પાર્થ ઉદયભાઈ હાંસલીયા (રહે. બી-૭૦૩ સીલ્વર એવન્યુ, જીવરાજ પાર્ક)ને જૂગાર રમતાં પકડી લઇ પટમાંથી અને અંગ જડથીમાંથી રૂા. ૫૭,૦૦૦ રોકડા કબ્જે કર્યા હતાં. પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, આર. કે. જાડેજાની રાહબરીમાં આ દરોડો પાડવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ડીસીબી પોલીસ સ્ટેશનના કોન્સ. નીકુંજભાઇ મારવીયા, એએસઆઇ મહેશભાઇ સોલંકી, કોન્સ. ધર્મરાજસિંહ રાણા સહિતની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સંયુક્ત બાતમી પરથી ૧૫૦ રીંગ રોડ બાલાજી હોલ પાછળ શ્રીરામ પાર્ક સોસાયટી-૫, કે. જી .ધોળકીયા સ્કૂલ પાસે રહેતાં અશ્વિન રણછોડભાઇ તાળાના ઘરમાં દરોડો પાડી તેને તથા જયકુમાર જમનભાઈ પટેલ (રહે. કામધેનુ એપાર્ટમેન્ટ, લેટ નં.૩૦૨, ન્યુ પરિમલ સ્કૂલ વાળો રોડ, આત્મીય કોલેજની સામે), પ્રિન્સ અશ્વિનભાઈ તાળા (રહે. શ્રીરામપાર્ક સોસાયટી, શેરી નં.૫), અંકુર રાવતભાઈ ડેર (રહે. ઋષિકેશ સોસાયટી, શેરી નં.૧, યુનિવર્સિટી રોડ, આયુર્વેદિક હોસ્પિટલ પાછળ) અને શૈલેષ પુનાભાઈ ટાંક (રહે. ઋષિકેશ સોસાયટી, શેરી નં.૧, આયુર્વેદિક હોસ્પિટલ પાછળ)ને જુગાર રમતા ઝડપી રૂા. ૬૨૨૦૦ રોકડા કબ્જે કર્યા હતાં. પીઆઇ એ. એસ. ચાવડાની રાહબરીમાં પીએસઆઇ એસ. એમ. રાણા અને ટીમ દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી. આમ જૂગાર રસિકોની રંગત પોલીસે બગાડી નાંખી હતી.

નાની નાની વાતે અમુક લોકો વરસાવે છે ગાળોનો વરસાદ ને મચાવે છે ધમાલ

# રિક્ષા મામલે પિતા-પુત્રને પતાવી દેવાની ધમકી

## મવડીમાં ખોડીયાર મંદિર પાસે ડેલો ધરાવતાં વૃધ્ધની તાલુકા પોલીસમાં ફરિયાદઃ બીજી ઘટનામાં રસુલપરાના યુવાને મટનની દુકાને કામે જવાનું બંધ કરતાં દુકાનદારે ધરાર આવવાનું કહી તેના મિત્રને ફટકાર્યો, ફોન કરી કહ્યું-હવે પછી તારો વારોઃ તાલુકા-આજીડેમ પોલીસમાં દાખલ થઇ ફરિયાદો

રાજકોટ તા. ૮

સોશિય શહેરમાં અવાર-નવાર અમુક લોકો નાની નાની વાતે કાયદો હાથમાં લઇ મારામારી, ગાળાગાળી અને ધાકધમકી ઉપર ઉતરી આવતાં હોય છે. આવા બે કિસ્સા સામે આવ્યા છે જેમાં એક બનાવમાં મવડીમાં ખોડિયાર માતાજીના મંદિર સામે ભંગારનો ડેલો ધરાવતાં વૃધ્ધને મંદિરે દર્શન કરવા આવેલા શખ્સે તમારી રિક્ષા હવે પછી અહિ રાખશો તો બાપ-બેટા બંનેને પતાવી દઇશ તેવી ધમકી દીધી હતી. બીજી ઘટનામાં મટનની દુકાનમાં કામ કરતાં યુવાને આ કામ છોડી દેતાં દુકાનદારે ધરાર પોતાને ત્યાં ફરીથી કામે આવવાનું કહી ધમકી ગાળો દીધા હતાં.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો તાલુકા પોલીસે મવડી ગામ તળ પટેલ શેરી ખોડિયાર માતાજીના મંદિર સામે રહેતાં મગનભાઇ મેઘજીભાઇ રીબડીયા નામના ચોસઠ વર્ષના વૃધ્ધની ફરિયાદ પરથી મવડીમાં જ રહેતાં બાપા સિતારામ ચોકમાં રહેતાં પ્રતિક ચનાભાઇ સોરઠીયા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. વૃધ્ધ મગનભાઇ પરિવાર સાથે રહે છે અને ઘર નજીક ખોડીયાર માતાજીના મંદિર પાસે ભંગારનો ડેલો ધરાવે છે. તેમણે ફરિયામદાં જણાવ્યું છે કે અમારી આ ડેલાની જગ્યામાં પ્રતિક સોરઠીયાએ ગેરકાયદેસર બાંધકામ કર્યુ છે, જે ઘણા સમયથી અમારી સાથે માથાકુટ કરતાં આવે છે અને ધાકધમકી આપે છે. અગાઉ પણ ઘણીવાર અમારી માલિકીની જગ્યામાં તેની બોલેરો પાર્ક કરી અમારી સાથે બોલાચાલી કરી હતી.

મગનભાઇએ આગળ જણાવ્યું કે અમે તે વખતે તેના વિરૂધ્ધ અરજી કરી હતી. આ કારણે મનદુઃખ ચાલતું આવે છે. અવાર-નવાર અમારા ભંગારના ડેલા પાસે તે બાઇક પર આવી ગમે તેમ ગાળો દઇ ધમકી દઇ જતાં રહે છે. આ રીતે પ્રતિક સોરઠીયા માનસિક ત્રાસ આપે છે. મગનભાઇએ વધુમાં ફરિયાદમાં જણાવ્યું છે કે ગત અઢારમી જુનના નવેક વાગ્યે હું અને મારો દિકરો વિપુલભાઇ અમારા ભંગારના ડેલે હતાં ત્યારે પ્રતિક મોટરસાઇકલ પર આવેલ, તે પ્રથમ તેમના ખોડિયાર માતાજીના મંદિરે દર્શન કરવા ગયેલ.

બાદ અમારા ભંગારના ડેલા પાસે અમારી માલિકીની જગ્યામાં મારી થ્રીવ્હીલર માલવાહક કોઇને નડે નહિ તેમ પાર્ક કરેલ હોઇ છતાં તેણે કહેલું કે આ રિક્ષા વચ્ચે કેમ મુકી છે? આ કહી મને અને મારા દિકરાને ગાળો દીધી હતી અને ઉશ્કેરાઇ જઇ જો હવે પછી અહિ રિક્ષા રાખશો તો તમને બાપ-દિકરાને જાનથી મારી નાંખીશ તેમ કહી ધમકી આપી જતાં રહ્યા હતાં. તાલુકા પીએસઆઇ પી. જી. આલએ મગનભાઇની ફરિયાદ પરથી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ આ વૃધ્ધના દિકરા વિપુલભાઇ વિરૂધ્ધ મંદિરના ખજાનચી તથા પાડોશી મહિલાની ફરિયાદ પરથી માથાકુટ કરવા અંગેના બે ગુના નોંધાયા હતાં. હવે આ વૃધ્ધે વળતી ફરિયાદ દાખલ કરાવી છે. મંદિર નજીક નડતરરૂપ થાય એ રીતે રિક્ષા પાર્ક નહિ કરવા સમજાવતાં વિપુલભાઇએ માથાકુટ કર્યાના બે ગુના અગાઉ દાખલ થયા હતાં.માથાકુટ-ધમકીની બીજી ઘટના જોઇએ તો કોઠારીયા વિસ્તારમાં રહેતાં યુવાને લોઠડામાં આવેલી પીપરાણાના શખ્સની ચીકનની દુકાને કામ કરવાનું છોડી દીધુ હોઇ છતાં દુકાનદાર વારંવાર ફરીથી કામે આવવાનું કહેતો હોઇ આ યુવાન કામે ન જતાં દુકાનદાર તથા તેની સાથેના શખ્સોએ આ યુવાનને ધોકો બતાવી ગાળો દઇ ધમકી આપતાં અને તેના મિત્રને મારકુટ કરતાં ફરિયાદ દાખલ થઇ હતી. આ બનાવમાં આજીડેમ પોલીસે કોઠારીયા રેલ્વે સ્ટેશન નજીક નુરાનીપરા મસ્જીદ પાસે શેરી નં. ૬માં રહેતાં બાવીસ વર્ષના સોહિલ ઇબ્રાહીમભાઇ ખેબરની ફરિયાદ પરથી લોધીકાના પીપરાણા ગામના અનીશ, તથા રસુલપરાના મુન્નો, બાબલો, રસુલપરાના શાહરૂખ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો.વિશેષ વિગતો અનુસાર ફરિયાદી સોહિલ છુટક મજુરી કરે છે અને પરિવાર સાથે રહે છે. તેણે ફરિયદમાં જણાવ્યું છે કે હું અને મારો મિત્ર સોહિલ તથા એઝાઝ ફુલાણી અને અમન ઠેબા એમ ચારેય જણા અમારા ઘર પાસે આવેલી ડંકીવાળી શેરીમાં બેઠા હતાં ત્યારે પીપરાણાનો અનીશ પણ બીજા શખ્સો મુન્નો, બાબલો, શાહરૂખ પણ બેઠા હતાં. અગાઉ હું અનીશની ચીકનની દુકાને કામ કરતો હતો. આ વખતે અનીશના હાથમાં ધોકો હોઇ જેથી માથાકુટ થવાની બીકે હું ત્યાંથી ભાગી ગયો હતો. થોડીવાર પછી પાછો આવતાં મારા પત્નિ સનાએ વાત કરી હતી કે શેરીમાં કેટલાક શશખસો આવ્યા હતાં જે તમારું નામ લઇને ક્યાં ગયો સોહિલ તેમ પુછી ગાળો દેતા હતાં. આ કારણે મામા અલ્લારખાભાઇ આવી જતાં અને બીજા માણસો ભેગા થતાં મામાએ ૧૧૨માં પોલીસને જાણ કરતાં આ શખ્સો ભાગી ગયા છે તેમ વાત કરી હતી. આ પછી પોલીસની ગાડી આવતાં હું અને મારા મામા આજીડેમ પોલીસ સ્ટેશને ગયા હતાં અને બનાવની જાણ કરી હતી. બાદમાં મારા મિત્ર ઝમઝમ ચોક રસુલપરામાં રહેતાં સોહિલએ મને ફોન કરી કહ્યુ હતું કે તે રસુલપરા ચોકડીએ ફાકી ખાવા આવ્યો ત્યારે તેને અનીશ અને મુન્નાએ મારકુટ કરી છે. ત્યારે મારા મિત્ર સોહિલના ફોનમાંથી અનિશે મારી સાથે વાત કરી -હવે પછી તારો વારો છે તેમ કહી ગાળો દીધી હતી. આ બનાવનું કારણ એ છે એ અગાઉ હું અનિશની લોઠડા ગામમાં આવેલી મુરઘીની દુકાને કામ કરતો હતો. તે વખતે મેં તેની પાસેથી રૂા. ત્રીસ હજાર ઉપાડ પેટે લીધા હતાં. જો કે આ રકમ મેં ત્યાં કામ કરીને વળાવી પણ દીધી હતી. આ પછી મેં ત્યાં કામ કરવાનું છોડી દીધી હતું. પણ અનિશ મને વારંવાર પોતાને ત્યાં ફરીથી કામે આવાવનું કહેતહોઇ હું કામે જતો ન હોઇ જેથી ખાર રાખી તેણે મને ગાળો દઇ મારા મિત્રને મારકુટ કરી તેમજ મને ધમકી આપી હતી. તેમ વધુમાં સોહિલે કહેતાં એએસઆઇ જે. કે. કુરીયાએ પોલીસ ઈન્સપેકટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આમ બે ડખ્ખામાં નહિ જેવી વાતે વૃધ્ધને અને યુવાનને ગાળો, ધમકી અપાયા હતાં.

લેભાગુએ ઘરવાળીનો સાથ લઈને વેપારીને બરાબરના બાટલીમાં ઉતાર્યાઃ બે વર્ષમાં ડબલની લાલચ દીધી

# નફાની લાલચે ગૂમાવ્યા ૮૯ લાખ

## ઠગ દંપતિએ પોતે દુબઈમાં મોટુ નામ ધરાવે છે તેવા દેખાવ કર્યાઃ ઈડીનો નકલી લેટર બતાવ્યોઃ પણ રોકાણની મુદ્દત વિત્યા પછી એકેય રૂપિયો ન મળતાં વેપારી ઈડીમાં તપાસ માટે જતાં ગઠીયાગીરીનો ભોગ બન્યાનું ખુલ્યું

રાજકોટ તા. ૮

ઠગાઇના કિસ્સાઓ રોજે રોજ પોલીસ ચોપડે ચડતા રહે છે. આવા કિસ્સાઓમાં અમુક તો સાવ એક સરખા હોય છે, ખાલી નામ સરનામા જ બદલાતા હોય છે. વધુ એક બનાવમાં એક વેપારીને છેતરી લેવાયા હતાં. આ ગઠીયાગીરી પતિ-પત્નિને સાથે મળીને કરી હતી. દુબઇના ઠાઠના સોશિયલ મિડીયા પર ફોટાઓ બતાવી તેમજ ગોલ્ડન વિઝા અને ઈડીનો નકલી લેટર બતાવી સુરતના વેપારીને ઠગ દંપતિએ સાડા નેવ્યાસી લાખનો ચૂનો લગાવી દીધો હતો. વેપરીને જમીન, શેર બજાર, ગોલ્ડ બુલીયનમાં રોકાણ પર મોટા નફાની લાલચ આપી ફસાવી લેવાયા હતાંઉ

વિગતો પર નજર કરીએ તો સુરતના રીંગરોડ પર આવેલા જે.કે. ટાવરની સામે જરીવાળા હાઉસમાં રહેતા અને વેપાર-ધંધા સાથે સંકળાયેલા સાગરકુમાર દિનેશચંદ્ર જરીવાલાને રોકાણના નામે મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. વેસુના સનશાઇન એપાર્ટમેન્ટ તેમજ મુંબઈ ખાતે રહેતા ઠગબાજ બ્રિજેશ જશવંતલાલ મહેતા અને તેની પત્નિ જાનકી બ્રિજેશ મહેતાએ વેપારી સાગરકુમારને પોતાની જાળમાં ફસાવ્યા હતા. ઠગ દંપતીએ વેપારીને જમીન, શેરબજાર અને ગોલ્ડ બુલિયન જેવા હાઈ-રિટર્ન ક્ષેત્રોમાં રોકાણ કરવાની લાલચ આપી હતી. તેઓએ દાવો કર્યો હતો કે, જો વેપારી આ ક્ષેત્રોમાં પૈસા રોકશે તો માત્ર બે જ વર્ષમાં તેમની રકમ બમણી થઈ જશે. આ લોભામણી સ્કીમમાં આવીને સાગરકુમારે અલગ-અલગ બેંક ખાતાઓમાં તેમજ રોકડા સ્વરૂપે કુલ રૂપિયા ૮૯,૫૯,૪૦૦ ચૂકવી દીધા હતા.

આ પછી આરોપી મહેતા દંપતીએ વેપારી સાગરકુમારનો વિશ્વાસ જીતવા માટે ડિજિટલ પ્લેટફોર્મનો ભરપૂર




ઉપયોગ કર્યો હતો. પોતાને આર્થિક રીતે અત્યંત સક્ષમ અને પ્રતિષ્ઠિત સાબિત કરવા માટે બ્રિજેશ મહેતાએ વોટ્સએપ પર દુબઈના ગોલ્ડન વિઝા, ઈન્ટરનેશનલ લાઈટ ટિકિટો, હોટલ બુકિંગ્સ, ટ્રેડ લાઈસન્સ અને વિદેશી બેંક ખાતાના સ્ટેટમેન્ટ્સ મોકલ્યા હતા. આટલું જ નહીં, પોતાની સામે કોઈ કાનૂની કાર્યવાહી ન થાય તે માટે તેઓએ ઈન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ઈડીના નામે એક બનાવટી પત્ર પણ તૈયાર કર્યો હતો અને તે વેપારીને બતાવ્યો હતો.

પરંતુ મસમોટા રોકાણ પછી લાંબો સમય વીતવા છતાં જ્યારે કોઈ વળતર ન મળ્યું, ત્યારે સાગરભાઈએ શંકાના આધારે ઈડીની સત્તાવાર કચેરીમાં તપાસ કરાવી હતી. આ તપાસમાં ઈડીનો પત્ર સંપૂર્ણપણે બોગસ અને નકલી હોવાનું બહાર આવતા વેપારીના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. વાયદાની મુદત પૂરી થઈ જવા છતાં જ્યારે આરોપીઓ દ્વારા નફો કે મૂળ રકમ પરત આપવામાં ન આવી, ત્યારે સાગરકુમારે પોતાના નાણાં પાછા મેળવવા માટે મહેતા દંપતી પાસે કડક ઉઘરાણી શરૂ કરી હતી. નાણાં પરત આપવાના બદલે આરોપી બ્રીજેશ મહેતા પોતાની અસલી હેસિયત પર આવી ગયો હતો.

તેણે સાગરકુમારને જાહેરમાં બિભત્સ ગાળો આપી હતી અને જો ફરીથી પૈસા માંગશે તો જાનથી મારી નાખવાની તેમજ ગંભીર પરિણામો ભોગવવાની ખુલ્લી ધમકી આપી હતી. દંપતીનો અસલી ચહેરો સામે આવ્યા બાદ અને સતત મળી રહેલી ધમકીઓથી કંટાળીને આખરે સાગરકુમાર જરીવાલાએ કાનૂની આશરો લેવાનું નક્કી કર્યું હતું. પોતાની સાથે આયોજનબદ્ધ રીતે આચરવામાં આવેલી અંદાજે નેવુ લાખ રુપિયાની છેતરપિંડી અંગે સાગરકુમારે ગતરોજ અઠવા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે વેપારીની ફરિયાદના આધારે ઠગબાજ બ્રીજેશ મહેતા અને તેની પત્નિ જાનકી મહેતા વિરૂદ્ધ વિશ્વાસઘાત, છેતરપિંડી, બનાવટી દસ્તાવેજો ભા કરવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવા સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો.આ કિસ્સામાં અઠવા પોલીસના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા મુજબ, આરોપીઓએ અન્ય કોઈ લોકો સાથે પણ આ પ્રકારની છેતરપિંડી આચરી છે કે કેમ તે દિશામાં તપાસ લંબાવવામાં આવી છે. હાલ પોલીસની અલગ-અલગ ટીમો બનાવીને ફરાર થઈ ગયેલા મહેતા દંપતીને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. અવાર-નવાર આ રીતે રોકાણના નામે લોકોને ખાસ કરીને મોટા વેપારીઓ, નિવૃત જીવન જીવતા વૃધ્ધોને લલચાવી ટુંકા ગાળામાં રોકાણ પર મોટો નફો આપવાની લાલચ આપી તેના લાખો કરોડો રૂપિયા ગઠીયાઓ સરળતાથી સરકાવી લેતાં હોય છે અને પછી ભાગી જતાં હોય છે. આવી ઘટના અવાર-નવાર બની રહી છે. આમ છતાં લોકો સતત ગઠીયાગીરીનો ભોગ બની રહ્યા છે. જાગૃકતાનો અભાવ અથવા તો આંધળો વિશ્વાસ લોકોને લઇ ડુબે છે તે વાત વધુ એક વખત આ ઘટનામાં ફલીત થઇ હતી.

ગમે તેમ કરીને ગઠીયાગીરી આચરનારાઓ અટકતા જ નથીઃ વધુ બે વેપારી સાથે ફ્રોડ

# બે વેપારીને લાગ્યો પોણો કરોડનો ચૂનો

## પ્રતિષ્ઠીત વેપારીઓ હોવાની ઓળખ આપી માલ ખરીદી પછી ધૂંબો મારી દીધોઃ બે એક સરખી ઘટનામાં પોલીસે તપાસ શરૂ કરીઃ ત્રીજી ઘટનામાં નકલી દાગીનાને અસલી બતાવી બેંક સાથે ઠગાઇ

રાજકોટ તા. ૮

અલગ અલગ રીતે ઠગાઇ કરતાં ગઠીયાઓ એક દિવસ પણ કોરો જવા દેતાં નથી. લેભાગુ ગઠીયાઓ ગમે તેમ કરીને ગમે તેવા નુસ્ખાઓનો ઉપયોગ કરીને લોકોને છેતરી લેવામાં સફળ થતાં રહે છે. વધુ એક વખત વેપારી ગઠીયાગીરીનો ભોગ બની ગયા છે. કાપડના બે વેપારીને છેતરીને ગઠીયાઓની ટોળકી એક વેપારીને ઓગણત્રીસ લાખનો અને બીજાને અડધા કરોડ આસપાસનો ચૂનો લગાવી જતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. બે કિસ્સામાં ગઠીયાઓ પોણા કરોડ ઉસેડી ગયા હતાં. બીજી એક ઘટનામાં નકલી દાગીના મુકી બે ગઠીયા બેંકને લાખોનો ચુનો લગાવી ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો સુરતના સલાબતપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાપડના વેપાર સાથે સંકળાયેલા બે અલગ-અલગ બનાવમાં પોલીસે ગુનો નોંધ્યો છે. ગઢપુર રોડ ખાતે રહેતા વેપારી ભાવેશભાઈ ગોકુળભાઈ રાણપરિયાએ ફરિયાદ નોંધાવી છે. આરોપીઓ મોમનાવાડ સ્થિત એમ.એમ. લેસ હાઉસ એજન્સીના ભાગીદારો સિદ્દીક મેમણ, જકવાન અનવર અને અબ્દુલ્લા છે. તેઓએ પોતે પ્રતિષ્ઠિત દલાલ હોવાનો વિશ્વાસ આપી અલગ-અલગ સોદાઓમાં માલ ખરીદ્યો હતો. ફરિયાદ મુજબ આરોપીઓએ ફરિયાદીની શ્રી ભગવતી વેલ્વેટ ફર્મમાંથી ૨૮.૯૮ લાખનું કાપડ અને 'અંબિકા આર્ટ' ફર્મમાંથી ૧૯.૨૯ લાખની લેસ ખરીદી હતી. આરોપીઓએ ૪૮.૨૭ લાખનો માલ લઇ પેમેન્ટ ચૂકવ્યું નથી. આ મામલે સલાબતપુરા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી હતી.

બીજી તરફ વેસુમાં રહેતા વેપારી ગૌરવ વીરેન્દ્ર જૈનની ફરિયાદ મુજબ જયપુર સ્થિત મહાદેવ ક્રિએશનના પ્રોપ્રાઈટર હુમક બાબુ ભારતી અને ફર્મનું કામકાજ સંભાળતા અશોક દલારામ નામના શખ્સોએ પ્રતિષ્ઠિત વેપારી હોવાનો વિશ્વાસ જીતી તેમની પાસેથી ઉધાર કાપડ ખરીદ્યું હતું. દરમિયાન અલગ-અલગ બિલ દ્વારા ૩૧.૩૮ લાખનું કાપડ ખરીદવામાં આવ્યું હતું. ત્યારબાદ આરોપીઓએ ૧.૪૬ લાખનું કાપડ પરત કર્યું હતું, જ્યારે બાકીના ૨૯.૯૨ લાખનું પેમેન્ટ ચૂકવ્યું ન હતું. વેપારીએ ફરિયાદ નોંધાવતા, સલાબતપુરા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.




ઠગાઈની વધુ એક ઘટનામાં સુરતના અડાજણ વિસ્તારમાં આરોપીઓએ બેંક સાથે છેતરપિંડી કરવા માટે એક સુનિયોજિત કાવતરૂ ઘડ્યું હતું. આ ભેજાબાજોની મોડસ ઓપરેન્ડી એટલી શાતિર હતી કે સામાન્ય માણસ તો શું, બેંકના અધિકારીઓ પણ થાપ ખાઈ ગયા. આરોપીઓએ ખૂબ જ ચાલાકીથી જાણી જોઈને ખોટા સોનામાંથી નકલી અને બનાવટી દાગીના તૈયાર કરાવ્યા હતા. આ દાગીનાનો દેખાવ અને વજન બિલકુલ અસલી સોના જેવા જ રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ આ નકલી દાગીનાઓને બેંકમાં અસલી અને સાચા તરીકે રજૂ કરવામાં આવ્યા. બેંકિંગ સિસ્ટમની આંખમાં ધૂળ નાખવા માટે આરોપીઓએ છેતરપિંડીનો આ હાઈટેક કીમિયો અપનાવ્યો હતો, જેમાં તેઓ શરૂઆતમાં સફળ પણ રહ્યા હતા.

વધુ માહિતી મુજબ કોઈપણ બેંકમાં જ્યારે ગોલ્ડ લોન લેવામાં આવે છે, ત્યારે બેંકના માન્ય વેલ્યુઅર દ્વારા સોનાની ખરાઈ કરવામાં આવતી હોય છે. પરંતુ આ કૌભાંડમાં વાડ જ ચીભડાં ગળી ગઈ હોય તેવો ઘાટ સર્જાયો હતો. બેંકના વેલ્યુઅરની ભૂમિકા ભજવતા આરોપી દ્વારા જ આ નકલી સોનાને -માણિત કરવામાં આવ્યું હતું. ખોટા દાગીનાને અસલી સોના તરીકે પ્રમાણિત કરતા મૂલ્યાંકન પ્રમાણપત્રો બનાવવામાં આવ્યા અને તે બેંકમાં રજૂ કરાયા હતાં. આ બોગસ રિપોર્ટના આધારે બેંકે દાગીના જમા કરીને આરોપીઓને કુલ રૂ. ૮,૯૯,૪૦૦ની માતબર રકમની લોન મંજૂર કરી દીધી હતી. લોનના લાખો રૂપિયા હાથમાં આવી ગયા બાદ, આરોપીઓએ બેંકના હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું.

જ્યારે બેંક દ્વારા ઉઘરાણી કરવામાં આવી ત્યારે આરોપીઓ જુદા-જુદા બહાના કાઢીને બેંકના લોનના પૈસા પરત ચૂકવતા ન હતા. બેંકના અધિકારીઓને આખરે શંકા ગઈ અને દાગીનાની ડી તપાસ કરાવતા તે નકલી હોવાનું અને બેંક સાથે ઈરાદાપૂર્વક વિશ્વાસઘાત અને મોટી છેતરપિંડી થઈ હોવાનું બહાર આવ્યું હતું. એકબીજાની મદદગારીથી છેતરવાના હેતુથી જ આ સમગ્ર કૌભાંડ આચરવામાં આવ્યું હતું. આ અંગે સુરત શહેર અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. અડાજણ પોલીસે ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે નકલી અને બનાવટી દાગીના બનાવી અસલી સોના તરીકે બેંકમાં રજૂ કરી લાખોની છેતરપિંડી કરનાર આરોપીઓ અડાજણ વિસ્તારમાં જ ફરી રહ્યા છે. પોલીસે વોચ ગોઠવીને બંને આરોપીઓને કોર્ડન કરી લીધા હતા અને ગણતરીના કલાકોમાં જ તેમને ઝડપી પાડ્યા હતા.

સાયબર ક્રાઈમ પોલીસ કરતાં હમેંશા અનેક ડગલા આગળ રહેતાં હોય છે સાયબર ગઠીયા

# સવા પાંચ કરોડના ફ્રોડનો પર્દાફાશ

## ગઠીયાએ ભાડાના એકાઉન્ટનો ઉપયોગ કરી ફ્રોડ આચર્યા હતાંઃ બીજી તરફ હજના વિઝાના નામે દંપતિના દસ લાખ ખાઇ જનારો લેભાગુ એજન્ટ ઝડપાયોઃ હજુ એકની શોધખોળ

રાજકોટ તા. ૮

રાજ્યભરમાં સાયબર ફ્રોડ અટકાવવા પોલીસ સતર્ક છે. આમ છતાં આવા કિસ્સા અટકતા નથી. સાયબર ગઠીયાઓ હમેંશા સાયબર ક્રાઈમ પોલીસ કરતાં અનેક ડગલા આગળ રહે છે. આ વચ્ચે પોલીસે એકવીસ કરોડથી વધુના સાયબર ફ્રોડનો પર્દાફાશ કરી એક વોન્ટેડને પકડ્યો છે. આ શખ્સ પકડાઇ જતાં સિત્તેર જેટલા ગુનાઓ ઉકેલાયા હતાં. બીજી તરફ સાડા દસ લાખની છેતરપીંડીમાં એક ગઠીયાને પકડી લેવાયો હતો. દંપતિને વિઝાની લાલચ આપી ઠગાઇ કરી હતી.વિગતો પર નરજ કરીએ તો વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે ઓપરેશન મ્યુલ હંટ ૨.૦ અંતર્ગત મોટી સફળતા મેળવી હતી. સાયબર ફ્રોડ માટે મ્યુલ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરનાર વોન્ટેડ એજન્ટને ઝડપી પાડવામાં આવ્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે ૫ કરોડ ૨૧ લાખથી વધુના સાયબર ફ્રોડનો પર્દાફાશ કર્યો હતો. વલસાડ સાયબર ક્રાઈમ ટીમ એક ગુનાની તપાસ કરી રહી હતી. અગાઉ પકડાયેલા આરોપીની પૂછપરછમાં હર્શલ ઉર્ફે સંજય હિંમતભાઈ યાદવનું નામ સામે આવ્યું. ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસે અમદાવાદના નિકોલ વિસ્તારમાંથી આરોપીને ઝડપી પાડ્યો.આ શખ્સની વિશેષ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપી ટેલિગ્રામ અને વોટ્સએપ પર નકલી આઈડી બનાવી દેશભરના બેંક ખાતાધારકો અને એજન્ટોને જોડતો હતો. સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા નાણાં બાયનાન્સ એપ,




એટીએમ અને ચેકબુક દ્વારા ટ્રાન્સફર કરવામાં આવતા હતા. પોલીસ તપાસમાં આરોપી સાથે સંકળાયેલા અંદાજે સિત્તેર જેટલા સાયબર ફ્રોડ કેસ અને ૫ કરોડ ૨૧ લાખ ૩૮ હજાર ૪૬૬ રૂપિયાથી વધુના ટ્રાન્ઝેક્શન સામે આવ્યા હતાં. આરોપી પાસેથી ત્રણ મોબાઇલ ફોન અને અન્ય ડિજિટલ પુરાવા પણ જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસે લોકોને અપીલ કરી છે કે તેઓ પોતાની બેંક વિગતો, ખાતા અથવા સીમકાર્ડ કોઈ અજાણી વ્યક્તિને લાલચમાં આવીને ઉપયોગ માટે ન આપે.બીજી તરફ વડોદરામાં હજયાત્રાના નામે દંપતી પાસેથી ૧૦.૩૦ લાખ રૂપિયા લઈ વિઝાની કામગીરી ન કરનાર બે ટ્રાવેલ્સ સંચાલકો સામે પાણીગેટ પોલીસે ગુનો દાખલ કર્યો છે. અલતાફહુસેન શેખે નોંધાવેલી ફરિયાદ મુજબ, મે મહિનામાં હજ જવા માટે પૈસા ચૂકવ્યા હતા, છતાં વિઝા મળ્યા નહોતા. પોલીસે મોહમ્મદભાઈ કબૂતરવાલાને ઝડપી પાડ્યા છે, જ્યારે અન્ય આરોપીઓની શોધખોળ યથાવત રખાઇ હતી. હજયાત્રા માટે દંપતી પાસેથી ૧૦.૩૦ લાખ લઇ વિઝાની કામગીરી નહીં કરનાર વડોદરા અને સુરતના બે ટ્રાવેલ્સ સંચાલક સામે પાણીગેટ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. જે પૈકી એક આરોપીને પોલીસે ઝડપી લીધો હતો. વધુ માહિતી અનુસાર પાણીગેટ મેમણ કોલોની માં રમતા વકીલ અલતાફહુસેન ગુલામમહંમદ શેખે પાણીગેટ પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે, મારે તથા મારા પત્નીને મે મહિનામાં પવિત્ર હજ યાત્રા કરવા માટે જવાનું હોઈ પાણીગેટ દરવાજા પાસે આવેલ અલમુન્તહા ટુર એન્ડ ટ્રાવેલ્સના માલિક કબૂતરવાલા મોહમ્મદભાઈ તથા કબુતરવાલા મહંમદમાહિર મહંમદભાઈ તેમજ વાડી મોટી વોર વાડમાં રહેતા કબુતરવાલા રૂબીનાબાનુ મોહંમદમાહીરનો સંપર્ક કર્યો હતો. તેઓએ સુરત ખાતે આવેલ એસ. એસ. હજ કોર્પોરેશન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના માલિક સઈદભાઈ ટાશ્કંદ તથા સરફરાજ ટાસ્કંદનો સંપર્ક કરી વાતચીત કરી હતી. આરોપીઓના કહેવા મુજબ દસ લાખ ત્રીસ હજાર રૂપિયા ચૂકવ્યા હતા.તેમછતાં વિઝાનું કામ કર્યું નહતું. આ ગુનામાં પોલીસે મોહમ્મદભાઇ કબૂતરવાલાને ઝડપી પાડયો હતો. તેની પુછતાછમાં વધુ વિગતો બહાર આવશે. હજુ એક આરોપીની શોધખોળ ચાલુ રાખવામાં આવી હતી.

# વ્હીસ્કીના 'ચપલા', બીયર સાથે ચાર ઝડપાયા

રાજકોટ તા. ૮

વિદેશી દારૂ અને બીયર સાથે અલગ અલગ દરોડામાં પોલીસે ચારને પકડ્યા હતા. તો સોની બજારમાં એક ઘરમાંથી દારૂનો જથ્થો મળ્યો હતો, ઘરધણી ન મળતાં ગુનો નોંધી તપાસ યથાવત રખાઇ હતી. વિગતો જોઇએ તો એલસીબી ઝોન-૨ના ધર્મરાજસિંહ ઝાલા સહિતના સ્ટાફે પેટ્રોલીંગ દરમિયાન અમિત દિલીપભાઇ પરમાર (રહે. નવનલનગર-૬) અને શૈલેષ ચતુરભાઇ લીલા (રહે. સત્યસાઇ રોડ, ફુલવાડી પાર્ક-૧)ને જીજે૩કયુસી-૦૯૦૧ નંબરના જ્યુપીટરમાં દારૂના ૧૮૦ એમએલના ૬ ચપલા રૂા. ૧૩૮૦ની કિંમતના સાથે પકડી લઇ કાર્યવાહી કરી હતી. જ્યારે રૈયા રોડ ધ્રુવનગર-૧ રાધે મકાનમાં રહેતો કિશન પ્રફુલભાઇ ધોળકીયા ડો. યાજ્ઞિક રોડ ઈમ્પિરીયલ હોટેલ સામેની શેરીમાં રૂા. ૩૯૦૦ના બીયરના ૧૩ ટીન લઇને નીકળતાં પ્ર.નગરના વનરાજભાઇ બોરીચા, ચાંપરાજભાઇ ખવડ સહિતે પકડી લીધો હતો. આ ઉપરાંત પરા બજાર રૈયાનાકા ટાવર પાસેથી જામનગર રોડ સ્લમ ક્વાર્ટર નં. ૩૯માં રહેતાં પ્રકાશ તુલસીભાઇ વાઘેલાને રૂા. ૧૦૦ના દારૂના એક ચપલા સાથે એ-ડિવીઝનના પ્રતાપભાઇ કામળીયા, મનિષભાઇ ફાંગલીયાએ પકડ્યો હતો. તેમજ સોની બજાર ઘેલારામજી મંદિરની બાજુમાં દરબાર ગઢડ ચોક પાસે રહેતાં પ્રદિપ તનસુખભાઇ પારેખના ઘરમાં દારૂ હોવાની જાણ થતાં એ-ડિવીઝનના હેડકોન્સ. કરણભાઇ વીરસોડીયા, મહેશભાઇ ચાવડા સહિતે દરોડો પાડતાં ત્યાંથી રૂા. ૪૮૦૦ના ૧૮૦ એમએલ વ્હીસ્કીના ૨૪ ચપલા મળતાં કબ્જે લીધા હતાં. આ વખતે પ્રદીપ હાજર ન હોઇ ધરપકડ બાદ દારૂ ક્યાંથી આવ્યો તેની પુછતાછ થશે.



**સોની બજારમાં ઘરમાંથી ૨૪ ચપલા મળ્યા, ઘરધણી હાજર ન હોઇ શોધખોળ**

ડો. યાજ્ઞિક રોડની પેઢીના કર્મચારીએ ભુલથી બીજા ખાતામાં નાણા ટ્રાન્સફર કરી દીધાઃ જેને મળ્યા એણે ઉપાડી વાપરી નાંખ્યા

# એક ભૂલ ને પાંચ લાખનો ડામ

## વેપારીએ ફોન કરી જાણ કરતાં કહ્યું હા મારા ખાતામાં નાણા આવી ગયા છે પણ પછી આપી દઇશઃ બાદમાં ખબર પડી કે તેણે દેણુ ચુકવ્યું અને મુંબઇ જઇ મોજ કરી, જૂગારમાં પણ હાર્યોઃ એ-ડિવીઝન પોલીસે લીધો સકંજામાં

રાજકોટ તા. ૮

આજના યુગમાં ડીજીટલ પેમેન્ટ અને ડીજીટલ મની ટ્રાન્સફરની સુવિધા લોકોને અત્યંત ઉપયોગી નીવડી રહી છે. સમય બચવાની સાથે સાથે બીજા પણ ઘણા ફાયદાઓ આ પેમેન્ટથી લોકોને થઇ રહ્યા છે. પરંતુ અહિ નજર હટી દુર્ઘટના ઘટી એ વાત ખાસ યાદ રાખીને આ પ્રકારની સુવિધાઓનો ઉપયોગ કરવો પડે છે. જો એક સ્હેજ અમથી ભુલ થાય તો તુરત જ તમારા લાખો રૂપિયા ગાયબ થઇ જાય છે અથવા તો તમારી ભુલથી બીજાના એકાઉન્ટમાં જતાં રહે તો તે પણ સામેવાળાની બેઇમાનીને કારણે તમારે ગુમાવવા પડે છે. આવી જ એક ઘટના રાજકોટમાં બની છે. જેમાં ડો. યાજ્ઞિક રોડ પર પેઢી ધરાવતાં વેપારીના કર્મચારીની નાનકડી ભુલથી પાંચ લાખ બીજાના ખાતામાં જતાં રહ્યા હતાં. જેને મળ્યા એ શખ્સે આ રકમ પાછી આપી દેશે તેવી ખાત્રી આપ્ય બાદ ઉપાડી લઇ દેણા ચુકવી દીધા હતાં અને મુંબઇ જઇ મોજશોખમાં, જુગારમાં ઉડાવી દીધા હતાં. પોલીસે હવે તેને પકડી લઇ રકમ રીકવર કરવા તજવીજ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો ઓનલાઈન ટ્રાન્સફર કરતી વખતે ખાતા નંબરના આંકડામાં થયેલી એક નાનકડી ભૂલના કારણે રાજકોટના એક વેપારીને પાંચ લાખ ગુમાવવાનો વારો આવ્યો છે. વેપારીના કર્મચારીની ભુલથી બીજાના ખાતામાં જમા થયેલી આ મોટી રકમ જે તે ખાતેદારે ઉપાડી લઇ દેણુ ચુકવવામાં વાપરી નાંખી તેમજ મુંબઇ જઇ જુગારમાં હારી જતાં ગુનો દાખલ થયો હતો. પોલીસે કુંકાવાવના દેવગામના શખ્સને પકડી લઇ વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી. આ મામલ એ-ડિવીઝન પોલીસે કાલાવડ રોડ પંડિત દિનદયાલનગર બ્લોક નં. એમ-૪૦૨ ખાતે રહેતાં અને ડો. યાજ્ઞિક રોડ પર ધનરજની કોમ્પલેક્ષ પાસે સ્ટાર શોપીંગ સેન્ટર શોપ નં. ૯માં પહેલા માળે ઓમ શાંતિ એન્ટરપ્રાઇઝ નામે ઓફિસ ધરાવતાં રાહુલભાઇ દિનેશચંદ્ર કોઠારી નામના તેતાલીસ વર્ષના વેપારીની ફરિયાદ પરથી અમરેલીના કુંકાવાવ તાબેના દેવગામમાં રહેતાં અભય વીભાભાઇ શીરોડીયા વિરૂધ્ધ




એફઆઈઆર દાખલ કરી હતી.

પોલીસના કહેવા મુજબ આરોપીની પુછતાછ થઇ રહી છે. ફરિયાદી રાહુલભાઇ પોતાની ઓફિસમાં એરટેલ પેમેન્ટ બેંકના સર્વિસ પ્રોઇવાઇડર તરીકે કામ કરે છે. રાહુલભાઈની ઓફિસમાં મોબાઈલ ધારકોની દુકાનો-વેપારીઓ માટે સીએમએસ પેમેન્ટ અને મની ટ્રાન્સફરનું કામકાજ કરવામાં આવે છે. ગત વીસમી મેના રોજ સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં, ઓફિસમાં કામ કરતા કર્મચારી કિશોરભાઈ ચાવડાએ વેપારના કામ અર્થે વનઝી એન્ટરપ્રાઇઝ પ્રાઇવેટ લિમિટેડ ના અકાઉન્ટમાં કોટક બેન્કમાંથી પાંચ લાખના કુલ ત્રણ આર.ટી.જી.એસ. મારફતે ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. પણ ઓનલાઈન એન્ટ્રી કરતી વખતે ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં ખાતા નંબરના છેલ્લા આંકડામાં ભૂલ થઈ ગઈ હતી.

જેના કારણે આ પાંચ લાખ રૂપિયાની મોટી રકમ મુળ અકાઉન્ટના બદલે અન્ય અભય ફેશન નામની પેઢીના એક બેન્ક ખાતામાં ટ્રાન્સફર થઈ ગઈ હતી. બીજી તરફ જે વેપારીને નાણાં મોકલવાના હતા તેમને રકમ ન મળતા તેઓએ રાહુલભાઈની ઓફિસનો સંપર્ક કર્યો હતો. આથી રાહુલભાઈએ તાત્કાલિક કોટક બેન્કમાં જઈને તપાસ કરાવી હતી અને બેન્ક પાસે ડિસ્પ્યુટ રેઝ કરાવી સ્ટેટમેન્ટ કઢાવ્યું હતું. બેન્ક સ્ટેટમેન્ટની તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે આ પાંચ લાખ રૂપિયા ભુલથી અમરેલી જિલ્લાના કુકાવાવ તાલુકાના દેવગામના વતની અને હાલ છવ્વીસ વર્ષની ઉંમર ધરાવતા અભય વીભાભાઈ શીરોડીયા નામના શખ્સના ખાતામાં જમા થઈ ગયા છે. આથી રાહુલભાઈએ તુરંત જ અભયભાઈનો સંપર્ક સાધ્યો હતો. શરૂઆતમાં અભયે ફોન પર સ્વીકાર્યું હતું કે હા ભૂલથી તમારા પાંચ લાખ મારા ખાતામાં આવી ગયા છે.

પરંતુ તે હાલ વપરાઈ ગયા હોવાથી તે ટૂંક સમયમાં ગમે તેમ કરીને કટકે-કટકે આ નાણાં પરત ચૂકવી આપશે તેવો વિશ્વાસ આપ્યો હતો. પરંતુ આ રીતે એક મહિનો વીતી જવા છતાં અને રાહુલભાઈ દ્વારા અવારનવાર ઉઘરાણી કરવા છતાં અભયે એક પણ રૂપિયો પરત આપ્યો ન હતો અને બાદમાં ફોન બંધ કરી દીધો હતો. જેથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં રાહુલભાઈએ એ ડિવિઝન પોલીસ મથકમાં લેખિત અરજી આપી હતી. રાહુલભાઈની લેખિત અરજીના આધારે એ ડિવિઝન પોલીસે ટેકનિકલ સોર્સિસની મદદથી તપાસ હાથ ધરીને આરોપી અભયભાઈ વીભાભાઈ શીરોડીયાને ઝડપી લીધો હતો.

પોલીસની કડક પુછપરછ દરમિયાન આરોપી અભયે જે કેફિયત રજૂ કરી તે સાંભળીને પોલીસ પણ અવાક બની ગઈ હતી. અભયે પોલીસ સમક્ષ કબુલાત કરતા જણાવ્યું હતું કે તેના માથે મોટું આર્થિક દેવું થઈ ગયું હતું. તેણે છેલ્લા ત્રણેક વર્ષમાં પોતાના મિત્રો અને અન્ય લોકો પાસેથી કટકે-કટકે મોટી રકમ ઉછીની લીધી હતી, જે ચૂકવવા માટે તેના પર દબાણ હતું. આ દરમિયાન અચાનક તેના ખાતામાં રૂપિયા ૫ લાખ આવી જતાં આ નાણાં પોતાના નથી અને ભુલથી આવ્યા છે તે જાણવા છતાં તેણે બેન્કમાંથી તમામ રૂપિયા ઉપાડી લીધા હતા. આ નાણાંમાંથી તેણે સૌપ્રથમ પોતાનું ઉછીનું લીધેલું દેવું ચૂકવી દીધું હતું અને બાકી વધેલી રકમ લઈને તે મુંબઈ ચાલ્યો ગયો હતો, જ્યાં મુંબઈની ક્લબોમાં તે આ તમામ રૂપિયા જુગારમાં હારી ગયો હતો. એ ડિવિઝન પોલીસ સ્ટેશનના ઈન્સપેકટર જે. વી. વાઢીયાના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. કરણભાઇ વિરસોડીયાએ ગુનો દાખલ કરી રકમ રીકવર કરવા તપાસ આગળ ધપાવી હતી. આમ ઓનલાઇન ડીજીટલ પેમેન્ટમાં નજર હટી દુર્ઘટના ઘટી જેવુ વેપારી સાથે થયું હતું.

# ગ્રીન સિટી બનાવવાનો એક્શન પ્લાન

**૧૧ સ્થળોએ મિયાવાકી થીમ ફોરેસ્ટ અને બ્લોક પ્લાન્ટેશન કરાશેઃ ૬૬.૫૫ લાખના ખર્ચે ૭૨૩૯૪ થી વધુ વૃક્ષો વાવી ૪ વર્ષ સુધી તેની નિભાવણી કરાશે**

## બ્લોક પ્લાન્ટેશન

આ પરંપરાગત રીતે કરવામાં આવતી વૃક્ષારોપણની પદ્ધતિ છે, જેમાં જગ્યાની ઉપલબ્ધતા અને જરૂરિયાત મુજબ વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે. જેના માટે પ્રતિ વૃક્ષના રૂ. ૬૪૦ લેખે સ્ટેન્ડિંગ કમિટીમાં રેટ કોન્ટ્રાક્ટ નક્કી કરવામાં આવ્યો છે. જેના માટે કુલ સાત સ્થળ નક્કી કરવામાં આવ્યા છે અને ૧૫૩૧૦ મીટર વિસ્તારમાં ૩,૭૫૯ વૃક્ષો વાવવામાં આવશે. જેનો ખર્ચ ૨૩.૯૯ લાખ નક્કી કરવામાં આવ્યો છે.

### - કયા વિસ્તારો આવરી લેવાશે?

૧. નારાયણનગર – કણકોટ રોડ
૨. મવડી – મધુરેશ્વર મહાદેવ મંદિર સામે
૩. ગ્રીન સિટી – ૩ એન્જલ પાર્ક મેઈન રોડ
૪. ક્રિષ્ના પાર્ક – રોયલ આલાપ રોડ
૫. રૈયાધાર ૫૦–ખર્ક્ઉ ઢ્ઢ
૬. કોઠારિયા – ગોકુલ પાર્ક
૭. લાયન સફારી પાર્ક આસપાસની ખુલ્લી જગ્યાઓ

## મિયાવાકી પ્લાન્ટેશન

આ પદ્ધતિમાં વૃક્ષોનો વિકાસ સામાન્ય પદ્ધતિ કરતાં ઘણો વધુ ઝડપથી થાય છે. ટૂંકા સમયમાં ગ્રીનરી વિકસાવવા માટે આ ટેકનિક ખૂબ જ ઉપયોગી છે. આમાં એક ચોરસ મીટરમાં અંદાજિત ૩ થી ૫ સ્થાનિક પ્રજાતિના વૃક્ષો વાવવામાં આવે છે. પ્રતિ ચો.મી.ના રૂ. ૩૧૦ લેખે સ્ટેન્ડિંગ કમિટી નં. ૩૦૮ (તા. ૦૪–૧૦–૨૦૨૩) થી મંજૂર કરેલ છે. કુલ ૪ સ્થળોએ ૧૩૭૨૯ ચો.મી.વિસ્તારમાં ૬૮,૬૪૫ વૃક્ષો વાવવામાં આવશે. જેની પાછળ ૪૨.૫૫ લાખનો ખર્ચ થશે.

### - કયા વિસ્તારો આવરી લેવાશે?

૧. રૈયા સ્મશાનની પાછળ – કેરલા પાર્ક
૨. મુંજકા – નીરવાના ટાવર પાસે
૩. મુંજકા – સંસ્કૃતિ પાર્ટી પ્લોટ પાસે
૪. મવડી – કોકોનટ પાર્ટી પ્લોટની પાછળનો વિસ્તાર



**માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટને સોંપાઈ કામગીરી**

રાજકોટ, તા. ૮

શહેરમાં આવેલી ખુલ્લી જગ્યાઓનો સદુપયોગ કરી પર્યાવરણને વધુ બહેતર બનાવવા માટે મનપા દ્વારા એક મોટો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. રાજકોટના અલગ–અલગ વિસ્તારોમાં આવેલી ખુલ્લી જગ્યાઓમાં 'મિયાવાકી પદ્ધતિ'થી થીમ ફોરેસ્ટ અને 'બ્લોક પ્લાન્ટેશન' પદ્ધતિથી ઘનિષ્ઠ વૃક્ષારોપણ કરવામાં આવશે. આ સમગ્ર કામગીરી ચાર વર્ષની નિભાવણી સાથે માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ–રાજકોટ પાસે આર.સી.થી કરાવવાની મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ પાછળ અંદાજીત કુલ રૂ. ૬૬,૫૫,૩૫૦નો ખર્ચ થશે, જેના હેઠળ કુલ ૧૧ સ્થળોએ ૨૯૦૩૯ ચો.મી. વિસ્તારમાં ૭૨,૩૯૪ વૃક્ષો લહેરાશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીકરણની વચ્ચે ગ્રીન કવર (હરિયાળી) વધારવા માટે આ મોટો નિર્ણય લેવાયો છે. સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી બાદ આ કામગીરી 'માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ–રાજકોટ' ને સોંપવામાં આવી છે. આ પ્રોજેક્ટ માત્ર વૃક્ષો વાવવા પૂરતો સીમિત નથી, પરંતુ આગામી ૪ વર્ષ સુધી તેની સંપૂર્ણ નિભાવણી અને જાળવણી પણ આ જ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે, જેથી રોપેલા વૃક્ષો સંપૂર્ણપણે ઉછરી શકે. મનપાની અવાવરું કે ખુલ્લી જગ્યાઓ પર દબાણ થતા અટકશે અને ત્યાં સુંદર શહેરી જંગલોનું નિર્માણ થશે.

# વિધાનસભા ચૂંટણી પૂર્વે કોંગ્રેસનું હોમવર્ક શરૂ

## સંગઠન મજબૂત કરવા પ્રદેશ નેતાગીરી રાજકોટમાં : સૌરાષ્ટ્ર ઝોનની જીલ્લાવાર વિસ્તૃત સમીક્ષા હાથ ધરાઈ , ત્રણ દિવસીય સમીક્ષા બેઠકનો ગઈકાલથી પ્રારંભ

રાજકોટ, તા. ૮

આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાત કોંગ્રેસ એક્શન મોડમાં આવી ગઈ છે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રભારી મુકુલ વાસનિક, પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ અને વિધાનસભાના વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા સહિતના ટોચના નેતાઓ આજે રાજકોટની મુલાકાતે પધાર્યા છે. રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર ઝોનની જીલ્લાવાર વિસ્તૃત સમીક્ષા બેઠકનો પ્રારંભ થયો છે, જેમાં પક્ષના સંગઠનને મજબૂત કરવા અને ચૂંટણીલક્ષી વ્યૂહરચના ઘડવા માટે ગંભીર મંથન ચાલી રહ્યું છે. કોંગ્રેસ પક્ષ સૌરાષ્ટ્રમાં પોતાની પકડ મજબૂત કરવા માટે સંપૂર્ણ સજ્જ છે. જનતા ભાજપના શાસનથી ત્રસ્ત છે, ત્યારે અમે સંગઠનને આક્રમક બનાવીને લોકોની વચ્ચે જઈશું. આગામી દિવસોમાં સંગઠનમાં ફેરબદલ કરીને જવાબદાર લોકોને આગળ લાવવામાં આવશે.




રાજકોટ મુકામે યોજાયેલી આ હાઈપ્રોફાઈલ બેઠકથી સૌરાષ્ટ્ર કોંગ્રેસના કાર્યકરોમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હવે જોવાનું એ રહેશે કે આ મંથન બાદ સંગઠનમાં કેવા અને કેટલા ઝડપી ફેરફારો કરવામાં આવે છે. ગુજરાત કોંગ્રેસના પ્રભારી અને રાજ્યસભાના સાંસદ મુકુલ વાસનિક, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, ગુજરાત વિધાનસભાના વિપક્ષી નેતા તુષાર ચૌધરી, ગુજરાત કોંગ્રેસના સહપ્રભારી વગેરે હાજર રહ્યા હતા. રાજકોટમાં આજે રાજકોટ જિલ્લા, સુરેન્દ્રનગર શહેર–જિલ્લા, કચ્છ શહેર–જિલ્લા, ગીર સોમનાથ જિલ્લો, જુનાગઢ શહેર–જિલ્લાના સંગઠન હોદેદારો સાથે બેઠક યોજી હતી. જામનગરમાં જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકાના હોદેદારો સાથે બેઠક થશે. શુક્રવારે ફરી રાજકોટમાં મોરબી, અમરેલી, ભાવનગર તથા બોટાદના હોદેદારો સાથે સમીક્ષા બેઠક થશે.

બેઠકમાં ખાસ કરીને બૂથ સ્તરથી લઈને જિલ્લા અને શહેર સંગઠન સુધી વધુ અસરકારક સંકલન ઉભું થાય, દરેક કાર્યકર સુધી સંગઠનની જવાબદારી અને કાર્યક્રમો પહોંચે તેમજ જનતા વચ્ચે કોંગ્રેસ પક્ષના વિચારો અને જનહિતના મુદ્દાઓને વધુ મજબૂતીથી લઈ જવા અંગે વિશેષ ભાર મૂકવામાં આવ્યો. આગામી સમયમાં સંગઠનાત્મક કાર્યક્રમો, જનસંપર્ક અભિયાન અને ચૂંટણીલક્ષી તૈયારીઓને વધુ વેગ આપવા માટે જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. સૌરાષ્ટ્ર ઝોનના તમામ જિલ્લાના હોદ્દેદારો અને આગેવાનોએ પોતાના વિસ્તારની રાજકીય પરિસ્થિતિ, સંગઠનની સ્થિતિ અને આગામી પડકારો અંગે વિગતવાર રજૂઆતો કરી હતી. કેન્દ્રીય અને પ્રદેશના નેતાઓએ દરેક રજૂઆતને ધ્યાનપૂર્વક સાંભળી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આગામી દિવસોમાં સંગઠનને વધુ મજબૂત, સક્રિય અને જનકેન્દ્રિત બનાવી કોંગ્રેસ પક્ષને વધુ મજબૂત બનાવવાના સંકલ્પ સાથે બેઠકનો પ્રથમ દિવસ સફળતાપૂર્વક રહ્યો.

બેઠક દરમિયાન આવનારી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંગઠનને વધુ મજબૂત બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. ચૂંટણીલક્ષી તમામ કામગીરીની સમીક્ષા કરવામાં આવી તેમજ આગામી દિવસોમાં સંગઠનાત્મક માળખું વધુ સશક્ત બને તે માટે માર્ગદર્શિકા અને રોડમેપ તૈયાર કરવામાં આવ્યો હતો.

## અઢી મહિને રચાશે સમિતિઓ : અધૂરા રહી ગયેલા કામોની મુદત વધારવા દરખાસ્ત

# જિ.પંચાયતની નવી બોડીની પ્રથમ સામાન્ય સભા

રાજકોટ, તા. ૮

રાજકોટ જિલ્લા પંચાયતની નવી ચૂંટાયેલી બોડીની પ્રથમ સામાન્ય સભા આજે યોજાશે જેમાં જુદી–જુદી આઠ સમિતિઓની રચના કરવામાં આવશે. ઉપરાંત સ્વભંડોળમાંથી સૂચવાયેલા અધૂરા કામો પુરા કરવા માટે મુદત વધારો મંજુર કરવામાં આવશે.ચૂંટણી આચારસંહિતા અને ત્યારબાદ વહીવટી પ્રક્રિયામાં થયેલા વિલંબને કારણે છેલ્લા અઢી મહિનાથી જીલ્લા પંચાયતના વિકાસના કામો અટકેલા પડ્યા હતા. સમિતિઓની રચના ન થવાને કારણે કરોડો રૂપિયાના વિકાસ કામોના બજેટ અને મંજૂરીઓ લટકેલી હતી. તમામની નજર હવે આજે જાહેર થનારા નવા સમિતિ પ્રમુખોના નામો પર ટકેલી છે.



રાજકોટ જિલ્લા પંચાયતની ગત એપ્રિલમાં યોજાયેલી ચૂંટણીમાં ૩૬માંથી ૩૪ બેઠકો કબ્જે કરીને ભાજપે વિજય વાવટો ફરકાવ્યો હતો. ચૂંટણી પરિણામ બાદ એકાદ મહિના પાર્ટીએ નવા સુકાનીઓ નિયુક્ત કર્યા હતા. પ્રમુખપદે સંજય પીપળીયા તથા ઉપપ્રમુખપદે સામતભાઇ બાંભવા ચૂંટાયા હતા. તેઓની નિયુક્તિને દોઢેક મહિનો થવા છતાં સમિતિઓની રચના બાકી હતી. સભ્યોમાં કચવાટ પણ ઉભો થવા લાગ્યો હતો. જ્યારે છેવટે ૯મી જુલાઇએ સામાન્ય સભાની તારીખ જાહેર કરવામાં આવી હતી. ખાસ સામાન્ય સભાનો એજન્ડા જારી કરાયો હોવાથી પ્રશ્નોત્તરી રાખવામાં આવી નથી.

સમિતિઓની રચના તથા અધૂરા કામોના મુદત વધારાની દરખાસ્તો છે. જીલ્લા પંચાયતમાં ચૂંટણી પરિણામ બાદ હવે અંદાજીત અઢી મહિને સમિતિઓની રચના થશે. બાંધકામ, કારોબારી, સિંચાઇ, શિક્ષણ, આરોગ્ય જેવી મહત્વની સમિતિઓમાં સ્થાન મેળવવા સભ્યોના પ્રયાસો રહ્યા છે. જો કે, સમિતિઓના ચેરમેનની ચૂંટણી એકાદ સપ્તાહ બાદ મળશે અને જ્યારે લોબીંગ વધી શકે છે. કારોબારી સમિતિના ચેરમેન તો અગાઉથી જાહેર કરી જ દેવાયા છે. હવે સમિતિઓમાં અનુભવી સભ્યોને પ્રાધાન્ય આપવામાં આવે છે કે નવા ચહેરાઓને સ્થાન અપાય છે. તેના પર મીટ માંડવામાં આવી રહી છે. કારોબારી, બાંધકામ, આરોગ્ય જેવી સમિતિમાં સ્થાન મેળવવા સભ્યોના પ્રયાસો રહ્યા છે. જિલ્લા પંચાયત પ્રમુખ સંજય પીપળીયાએ કહ્યું કે એજન્ડા મુજબ બે દરખાસ્તો પર જ નિર્ણય–મંજુરી અપાશે.

સમિતિઓની સાથોસાથ જુના કામો ની મુદત વધારવામાં આવે તે માટેની દરખાસ્ત પણ કરવામાં આવેલી છે તેના પર પણ તંત્ર ધ્યાન કેન્દ્રિત કરશે અને ખાસ એ બાબતે પણ નિર્ણય લેશે તેવું જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે.

કહી શકાય કે આજની નવનિયુક્ત હોદ્દેદારોની પ્રથમ સામાન્ય સભા યોજાવા જઈ રહી છે તેમાં સમિતિઓના વડા તથા જે ભૂતકાળના કામો બાકી રહી ગયા હોય અને મંજૂર થયા હોય તે કામોની મુદત વધારવામાં આવે તે અંગેની દરખાસ્ત પણ કરાય છે. હાલ મહત્વની ગણાતી સમિતિઓના વડા માટે લોબિંગ પૂરજોશમાં કરવામાં આવ્યું હતું ત્યારે હવે જોવાનું એ રહ્યું કે વિવિધ સમિતિઓના ચેરમેનની નિમણૂક જે થશે તેમાં કોને સ્થાન મળશે.

# ખાડા - ગંદકીના પ્રશ્નો નિવારવા અધિકારીઓને ફિલ્ડમાં મોકલો

## રાજમાર્ગો પરથી ગારા–કીચડ, ગંદકી અને જીવલેણ ખાડાઓનો નિકાલ કરવાઅધિકારીઓએ ફિલ્ડમાં જ રાખવા પદાધિકારીઓનું સૂચન

રાજકોટ, તા. ૮

રાજકોટ મહાનગરપાલિકા ખાતે ગઈકાલે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી. જેમાં બેઠક બાદ મેયર, પેન્ડિંગ ચેરમેન તથા મ્યુનિસિપલ કમિશનર વચ્ચે ટૂંકી મુલાકાત થાય હોવાનું પણ માલુમ પડ્યું હતું. સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી દીધી છે અને જનજીવન પ્રભાવિત થયું છે, ત્યારે રાજકોટમાં હજુ સુધી કોઈ ભારે વરસાદ નોંધાયો નથી. આમ છતાં, માત્ર એકાદ–બે ઇંચના સામાન્ય વરસાદમાં જ શહેરના અનેક રાજમાર્ગો, સર્કલો, રહેણાંક વિસ્તારો અને છેવાડાના વિસ્તારોમાં પાણી ભરાવા તેમજ ગારા–કીચડની ગંભીર સ્થિતિ સર્જાતા મનપા તંત્ર દોડતું થયું છે. નવી ચૂંટાયેલી બોડીએ શાસન સંભાળતાની સાથે જ પ્રિ–મોન્સુન કામગીરીની સમીક્ષા કરી હતી. મનપાના પદાધિકારીઓ અને અધિકારીઓ વચ્ચે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં નિર્ણય લેવાયો છે કે, ચોમાસા દરમિયાન લોકોને લઘુત્તમ તકલીફ પડે તે રીતે તમામ શાખાઓએ ૨૪ કલાક એક્શન મોડમાં રહીને કામગીરી કરવી પડશે.




બેઠકમાં પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ વચ્ચે વિસ્તૃત ચર્ચા થઈ હતી કે, ભારે અથવા ચાલુ વરસાદ દરમિયાન રસ્તાઓ પર પાણી ભરાઈ રહેવું તે કદાચ કુદરતી અને સ્વાભાવિક પ્રક્રિયા હોઈ શકે. પરંતુ, વરસાદ બંધ થયા બાદ ગણતરીની મિનિટોમાં તે પાણીનો સમયસર નિકાલ થાય અને તેના કારણે શહેરમાં ટ્રાફિક જામની કોઈ ગંભીર સમસ્યા ન સર્જાય તે જોવાની જવાબદારી તંત્રની રહેશે. આ માટે ડ્રેનેજ અને વોટર વર્ક્સ વિભાગને ખાસ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. સૌથી મોટો ખતરો રસ્તા પરના ખાડાઓનો છે. વરસાદી પાણી ભરાવાને કારણે વાહનચાલકોને ખાડો દેખાતો નથી, જેના લીધે ગંભીર અકસ્માતો થવાની પૂરેપૂરી સંભાવના રહે છે. મેયર દ્વારા સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે કે વાહનચાલક ખાડામાં પટકાય તેવી સ્થિતિ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાશે નહીં. જ્યાં પણ આવા જોખમી ખાડાઓ ધ્યાને આવે, ત્યાં યુદ્ધના ધોરણે તાત્કાલિક બુરવાની કામગીરી હાથ ધરવા આદેશ અપાયો છે. પદાધિકારીઓએ મ્યુનિસિપલ કમિશનરને સૂચિત કર્યા હતા કે ખાડા અને ગંદકીના પ્રશ્નનું તાકીદે નિવારણ આવે તે હેતુસર ખાસ પગલાં લેવામાં આવે અને અધિકારીઓને આ સમયગાળા દરમિયાન ફિલ્ડમાં ફરજ સોંપવામાં આવે જેથી તાકીદે નિવારણ શક્ય બને.

### માત્ર વહેણ ખુલ્લા કરવાથી નહીં ચાલેઃ વોંકળાઓની કાયમી સફાઈ જરૂરી

બીજી તરફ, અધિકારીઓ અને પદાધિકારીઓનો એક મત એવો પણ છે કે માત્ર ચોમાસા પૂરતા વોંકળાના વહેણ ખુલ્લા કરી દેવાથી સમસ્યા હલ થતી નથી. વોંકળાઓની સફાઈનો પ્રશ્ન કાયમી ધોરણે ઉકેલાવો જરૂરી છે. શહેરમાં મોચી બજાર વિસ્તારમાં આવેલા તિલક પ્લોટના વોંકળાની હાલની બિસ્માર હાલત જોતા જ મનપાની પ્રિ–મોન્સુન કામગીરીની પોલ ખુલ્લી પડી ગઈ છે. તિલક પ્લોટના વોંકળાની સ્થિતિ દર્શાવે છે કે વાસ્તવિક ગ્રાઉન્ડ લેવલ પર કામગીરી કેવી રીતે ચાલી રહી છે. આથી, તંત્રએ પેપર વર્ક છોડીને હવે વાસ્તવિક ફિલ્ડ વર્ક પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

## અધ્યક્ષસ્થાનેથી એક પણ અર્જન્ટ દરખાસ્ત નહીં

# માત્ર ત્રણ દરખાસ્તમાં યોજાઈ સ્ટેન્ડિંગ બેઠક

રાજકોટ, તા. ૮

મહાનગરપાલિકા ની ગત ટર્મની વાત કરવામાં આવે તો સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૫૦થી ૭૦ જેટલી દરખાસ્ત મુકવામાં આવતી હતી અને તેના ઉપર માત્ર બે થી પાંચ મિનિટમાં જ નિર્ણય લઈ લેવામાં આવતો હતો એટલે કહી શકાય કે જે પારદર્શક વહીવટ થવો જોઈએ તે થતા ન હોવાના એક નહીં અનેકવિધ આક્ષેપો પણ થયા હતા. ત્યારે નવી ચૂંટાયેલી બોડી દ્વારા હાલ એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહી છે કે દર મહિને મળતી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૭૦ જેટલી મિનિમમ દરખાસ્ત જોવા મળતી ત્યારે તેને દર સપ્તાહમાં કરવામાં આવે તો આંકડો ખૂબ ઓછો હોય અને સાથે તેના પર ગંભીરતાપૂર્વક ચર્ચા પણ કરી શકાય જે હેતુસર દર સપ્તાહ સ્ટેન્ડિંગ કમિટી ની બેઠક મળે તે માટેનો નિર્ણય લેવામાં આવ્યો.

ગઈકાલે મળેલી બેઠકમાં માત્ર ત્રણ દરખાસ્ત જ હતી જેમાં કોન્ટ્રાક્ટ આપવા અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. દર સપ્તાહ સ્ટેન્ડિંગ કમિટીની બેઠક યોજવાનો નિર્ણય ઘણાખરા અંશે મહાનગરપાલિકાના તંત્ર માટે ઉપયોગી પુરવાર થયો છે ત્યારે આવનારા સપ્તાહમાં કેટલી દરખાસ્ત આવશે તે હવે જોવાનું રહ્યું. એટલું જ નહીં સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા તેમના અધ્યક્ષ સ્થાનેથી પણ ખાસ ઠરાવ અને નિર્ણયો લેવામાં આવતા હતા પરંતુ ગઈકાલની બેઠકમાં એવો એક પણ નિર્ણય અથવા તો અરજન્ટ દરખાસ્ત લેવામાં આવી નથી.

મનપા સ્ટે.કમીટીની મીટીંગમાં પણ માત્ર ત્રણ દરખાસ્તો પર કામકાજ થયું હતું. નવી બોડીની કામકાજની કુલ પાંચ મીટીંગમાં આ સૌથી ઓછી દરખાસ્તો સાથેનો એજન્ડા હતો. ગત તા. ૨૮–૫ના રોજ મીટીંગમાં ચેરમેન સહિતના પદાધિકારીઓની નિમણુંક કરવામાં આવી હતી. આ બાદ તા.૫–૬ના રોજ મળેલી કામકાજ સાથેની પ્રથમ મીટીંગમાં એજન્ડા પર કુલ ૨૪ દરખાસ્ત હતી. તેમાં પણ સૌથી ઉંચા ખર્ચવાળી રેસકોર્સ રીંગ રોડ ડેકોરેશનની દરખાસ્ત નામંજૂર થઇ હતી. તા.૧૭–૬ના રોજ મળેલી મીટીંગમાં ૧૩, તા.૨૪–૬ના રોજ મળેલી મીટીંગમાં ૯ દરખાસ્તો હતી. તા. ૧–૭ના રોજ મળેલી મીટીંગમાં ૪ પ્રસ્તાવ હતા અને ગઇકાલની મીટીંગમાં અધ્યક્ષસ્થાનવાળી વાત દુર કરવામાં આવતા માત્ર ત્રણ દરખાસ્તો હતી. આટલી દરખાસ્તોમાં ભાજપ સંકલન પણ રાખવામાં આવી ન હતી. આ રીતે દર મીટીંગમાં દરખાસ્તોની સંખ્યા ઘટતી જાય છે. અગાઉની મીટીંગમાં પણ પેન્ડીંગ દરખાસ્તોના કારણે સંખ્યા વધતી હતી. હવે આગામી મીટીંગોમાં વિકાસ કામોને લગતી કોઇ નવી દરખાસ્ત આવશે કે કેમ તેની રાહ ઉત્સાહી અને અભ્યાસ કરવા માંગતા કોર્પોરેટરોમાં છે.